بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

કામ વહ લે લીજિયે તુમ કો જો રાઝી કરે
ઠીક હો નામે 'રઝા' તુમ પે કરોળોં દુરૂદ

# ક઼ૌમોની તબાહીનો
# મૂળ સબબ

:: લેખક ::

**મૌલાના મુહમ્મદશાકિર નૂરી**

(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)

:: અનુવાદક ::

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)

**પ્રકાશક**

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

GRWB/059/Bharuch/02 C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦
ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

| | | |
|---|---|---|
| પ્રકાશન નં. : ૨૦૮ | આવૃત્તિ–૧ | પ્રત : ૫૦૦૦ |
| ૧–શવ્વાલુલ મુકર્રમ | હિ.સ. ૧૪૩૫ | ઓગસ્ટ–૨૦૧૪ |

નૂરાની આર્ટ–દયાદરા, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## -:: અનુક્રમણિકા ::-


- ❑ નઅત શરીફ 04
- ❑ પ્રારંભિક બે બોલ..... 06
- ❑ ઈબ્લીસની તબાહી 19
- ❑ નૂહ عليه السلام ની ક઼ૌમની બર્બાદી 21
- ❑ હૂદ عليه السلام ની ક઼ૌમ 23
- ❑ હઝરત સાલેહ عليه السلام ની ક઼ૌમ 27
- ❑ લૂત عليه السلام ની ક઼ૌમ 30
- ❑ શોઐબ عليه السلام ની ક઼ૌમ 34
- ❑ મૂસા عليه السلام ની ક઼ૌમ 37
- ❑ તા'ઝીમે રસૂલ ﷺ અને ઉમ્મતના અકાબિરો 39
- ❑ વુઝૂનું ધોવણ અને સહાબાએ કિરામ 44
- ❑ હુઝૂર સૈયદે આલમ ﷺ જ મોટા છે ! 45
- ❑ મૌલા અલીને વારી તેરી નીંદ પર નમાઝ ! 49
- ❑ સિદ્દીક઼ બલ્કે ગારમેં જાં ઉનપે દે ચૂકે 50
- ❑ મૂએ મુબારક અને હઝરત ખાલિદ બિન વલીદ 51
- ❑ વિના વુઝૂએ કમાનને ન સ્પર્શવું 51
- ❑ સૈયદે આલમ ﷺના ગુસ્તાખોનો અંજામ 53
- ❑ ગુસ્તાખે રસૂલ અબૂ લહબનો ઈબ્રતનાક અંજામ 53
- ❑ બીજા ગુસ્તાખ વલીદ બિન મુગીરહનો અંજામ ! 54
- ❑ ગસ્તાખે રસૂલે ક઼બ્ર પણ ન સ્વીકાર્યો ! 56
- ❑ શયતાન તથા મલકુલ મૌતનો ઈલ્મ હુઝૂર ﷺના ઈલ્મથી વધુ ! 58
- ❑ નમાઝમાં રસૂલુલ્લાહ ﷺનો ખયાલ આવવો ! 59

## -:: અનુક્રમણિકા ::-


- ❑ નમાઝ રસૂલનો ખયાલ અને સહાબા 60
- ❑ નમાઝની હાલતમાં રસૂલે પાક ﷺની તા'ઝીમ 60
- ❑ શું હુઝૂર ﷺના મા બાપ કાફિર છે ?! 62
- ❑ હુઝૂર ﷺનો ઈલ્મ બાળકો, જાનવરો તથા પાગલો બરાબર ?! 64
- ❑ હુઝૂર ﷺને કયામત સુધીની હાલતોનો ઈલ્મ 65
- ❑ ખત્મે નબુવ્વતનો ઈન્કાર ! 66
- ❑ નબીઓ ઝિંદા છે અને રોજી આપવામાં આવે છે 67
- ❑ હઝરત સિદીકે અકબર رضی اللہ عنہનો અકીદો 68
- ❑ શારેહે બુખારીનો અકીદો 69
- ❑ હઝરત શયખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વીનો અકીદો 69
- ❑ શું નબી ﷺને કોઈ ચીજનો ઈખ્તિયાર નથી ?! 70
- ❑ આકાએ કરીમ ﷺએ જન્નત અતા કરી 71
- ❑ હુઝૂરે ખુઝૈમાની ગવાહી બેના સમાન કરી આપી ! 71
- ❑ હઝરત અબ્દુર્રહમાનના માટે રેશમ હલાલ કર્યું ! 72
- ❑ બેઅદબની પાછળ નમાઝનો હુકમ 78
- ❑ બેઅદબોની સોહબતમાં રહેવાનું નુકસાન ! 79
- ❑ બુઝુર્ગોના મઝારોની તૌહીન 79
- ❑ લખાણનો ખુલાસો.... 82

# વસ્ફે રુખ ઉન્કા કિયા હૈં

**અઝ : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ**



વસ્ફે રુખ ઉન્કા કિયા કરતે હૈં
શરહે વશ્શમ્સો દુહા કરતે હૈં
ઉન્કી હમ મદહો ષના કરતે હૈં
જિન કો હમ મહમૂદ કહા કરતે હૈં

તૂ હૈં ખુર્શિદે રિસાલત પ્યારે
છુપ ગએ તેરી ઝિયા મેં તારે
અંબિયા ઔર હૈં સબ માહ પારે
તુઝ સે હી, નૂર લિયા કરતે હૈં

અપને મૌલા કી હૈ બસ શાને અઝીમ
જાનવર ભી કરેં જિન્કી તા'ઝીમ
સંગ કરતે હૈં અદબ સે તસ્લીમ
પેળ સજદે મેં ગિરા કરતે હૈં

ઉંગલિયાં પાઈ વોહ પ્યારી પ્યારી
જિન સે દરયા એ કરમ હૈ જારી
જૌશ પર આતી હૈ જબ ગમ ખ્વારી
તિશ્ને સૌરાબ હુવા કરતે હૈં

જબ સબા આતી હૈ તયબહસે ઈધર
ખિલ ખિલા પળતી હૈં કલિયાં યકસર
ફૂલ જામાસે નિકલ કર બાહર
રુખે રંગીંકી ષના કરતે હૈં

ક્યું ન ઝૈબા હો તુઝે તાજવરી
તેરે હી દમકી હૈ સબ જલ્વાગરી
મલકો જિન્નો બશરો હૂરો પરી
જાં સબ તુઝપે ફિદા કરતે હૈં

ટૂટ પળતી હૈં બલાઐં જિન પર
જિન કો મિલતા નહીં કોઈ યાવર
હર તરફ સે વોહ પુર અરમાં ફિર કર
ઉન કે દામન મેં છુપા કરતે હૈં

લબ પે આ જાતા હૈ જબ નામે જનાબ
મુંહ મેં ઘુલ જાતા હૈ શહદે નાયાબ
વજદ મેં હો કે હમ ઐં જાં બેતાબ
અપને લબ ચુમ લિયા કરતે હૈં

લબ પે કિસ મુંહસે ગમે ઉલ્ફત લાઐં
ક્યા બલા દિલ હૈ અલમ જિસકા સુનાઐં
હમ તો ઉન્કે કફે પા પર મિટ જાઐં
ઉન્કે દર પર જો મિટા કરતે હૈં

અપને દિલકા હૈ ઉન્હીંસે આરામ
સોંપે હૈં અપને ઉન્હીં કો સબ કામ
લૌ લગી હૈ કે સબ ઈસ દરકે ગુલામ
ચાર એ દર્દે **'રઝા'** કરતે હૈં



# પ્રારંભિક

## ✻ બે બોલ....... ✻

:: અઝ ::

**મુફક્કિરે ઈસ્લામ ખતીબે આ'ઝમ હઝરત અલ્લામા**
**ક઼મરુઝ્ઝમાખાં આ'ઝમી મિસ્બાહી દામ મજદહૂ**
*(સેક્રે. જનરલ વર્લ્ડ ઈસ્લામિક મિશન–લંડન)*

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّى عَلٰى رَسُوْلِهِ الْكَرِيْمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِىَّ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَاحَبِيْبَ اللّٰهِ اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ
صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمَ

આ વર્ષે ૧૭ નવેમ્બર ઈ.સ. ૨૦૧૩ની રાતમાં મુંબઈના સફર દરમ્યાન **મૌલાના મુહમ્મદશાકિર નૂરી** (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)ની સંપાદિત કિતાબ **"ક઼ૌમોં કી તબાહી કા અસલી સબબ"** (ક઼ૌમોની તબાહીનું મૂળ કારણ) નજરોએ પસાર થઈ. મૌલાના મૌસૂફે આ કિતાબમાં આગલી ઉમ્મતો તથા વર્તમાન મુસ્લિમ ઉમ્મતની પડતીના પાયાના સબબોને કુર્આન તથા હદીષની રોશનીમાં ખૂબ જ અસરકારક અંદાઝમાં વર્ણવ્યા છે.

ઉમ્મતોની તબાહીના સબબો વિશે વિવિધ કિતાબો પ્રસિદ્ધ થઈ ચૂકી છે, અને ચિંતન અને દષ્ટિવાળા લોકોએ ઘણા બધા સબબો પ્રતિ નિર્દેશ કર્યો છે. પણ મૌલાના મૌસૂફે ઘણા બધા અસબાબની સરખામણીમાં તે કેન્દ્ર સ્થાને રહેલા અને એકલા સબબનો નિર્દેશ કર્યો છે કે લોકો જેનાથી

ગાફેલ છે, બલ્કે અન્ય સર્વ પડતીના સબબો એ જ સબબની ઉપજ છે. એટલા માટે તેમણે પોતાની કિતાબનું નામ "કૌમોં કી તબાહી કા અસલી સબબ" રાખ્યું છે, એટલે કે બહુવચનને બદલે એક વચન વાપર્યું છે.

આનાથી અગાઉ જે કિતાબો લખવામાં આવી છે એ કિતાબોમાં ઉમ્મતે મુહમ્મદિયહ્ ﷺની પડતીના સબબો વર્ણવવામાં આવ્યા છે, પણ આ કિતાબમાં હઝરત આદમ علیہ السلامથી લઈને હુઝૂર ખાતમુન્નબિય્યીન ﷺ સુધી સર્વ કૌમોની તબાહીનો આ જ એકલો સબબ વર્ણન કરવામાં આવ્યો છે જે આ કિતાબનો કેન્દ્રિય વિચાર અને વિચારની ધરી છે.

જે રીતે સર્વ અંબિયાએ કિરામની દા'વત તથા દા'વતના સબબોમાં એકરૂપતા છે એવી જ રીતે સર્વ અંબિયાના મુખાલફત (વિરોધ)ની અદાવતનો અંદાઝ પણ સમાન છે. દા.ત. અંબિયાએ કિરામને પોતાના જેવા બશર કહેવું, તેમને મજબૂર તથા બેઈખ્તિયાર માનવું, તેમના પર ગરીબી તથા મુફલિસીનો આક્ષેપ લગાડવું, તેમને જાદૂગર, શાઈર તથા મજનૂન કહેવું, તેમની સરખામણીમાં પોતાને માલદાર તથા સત્તાધારી કહેવું, તેમની તબ્લીગની મજાક ઉડાડવી, તેમની શરીઅતને પછાતપણાથી સરખાવવું, તેમના ગયબી ઈલ્મોનો ઈન્કાર કરવો, તેમની મહાનતાને ઘટાડવાની કોશિશ કરવી વગેરે.

પાછલી ઉમ્મતો પર અલ્લાહનો અઝાબ કેવળ એ વખતે આવ્યો જ્યારે તેમણે અંબિયાએ કિરામની તૌહીન કરી છે અથવા તેમને ઈજા પહોંચાડવાનો પ્રયત્નો કર્યો છે. એક ખુદાનો ઈન્કાર તો દરેક દૌરમાં થતો રહ્યો છે પણ અઝાબ એ સમયે નાઝિલ થયો છે જ્યારે કોઈ કૌમે નબીની તૌહીન કરી છે.

જો આપ અલ્લાહની કિતાબનો અભ્યાસ કરશો તો એ વાત સ્પષ્ટ થઈ જશે કે તમામ અંબિયાએ કિરામે પોતાના ઉપર લગાડવામાં આવેલા આક્ષેપોના જવાબો પોતે આપ્યા છે અને જવાબ આપવામાં પયગંબરાના સભ્યતા વિવેકની સાચવણી કરવામાં આવી છે. દા.ત. તેઓની બદ્તરીન બકવાસ તથા બદઝબાનીના મુકાબલામાં મોઅઝ્ઝઝ્ પયગંબરોએ કેવળ એવું ફર્માવ્યું છે કે હું અલ્લાહનો રસૂલ છું અથવા નબી છું, મને મારા રબે

તમારી હિદાયત તથા ખુશખબરી તથા ડરાવવાના ફરીઝાના માટે મોકલ્યો છે.

પણ સૈયદે આલમ ﷺના બારામાં ગૈરતે મશિય્યતનો આલમ એ છે કે આક્ષેપબાજી ઈસ્લામના દુશ્મનો કરી રહ્યા છે અને જવાબ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત આપી રહ્યો છે ! કાફિરોએ તેમને શાઈર, જાદૂગર તથા પાગલ વગેરે કહ્યું તો કુર્આને અઝીમે ખૂબ જ જબરદસ્ત તથા દિલેરીપૂર્વક અંદાઝમાં જવાબ આપ્યો : مَآ اَنْتَ بِنِعْمَةِ رَبِّكَ بِمَجْنُوْنٍ ''તમે તમારા રબના ફઝ્લથી મજનૂન નથી.'' *(પારા : ૨૯, આયત : ૨)*

وَمَا عَلَّمْنٰهُ الشِّعْرَ وَمَا يَنْۢبَغِىْ لَهٗ ''અને અમે તેમને શેઅર કહેવું ન શીખવાડયું અને ન એ એમની શાનને લાયક છે.'' *(પારા : ૨૩, આયત : ૬૯)*

اِنَّ شَانِئَكَ هُوَ الْاَبْتَرُ ''બેશક ! જે તમારો દુશ્મન છે તે જ દરેક ભલાઈથી મહેરૂમ છે.'' *(પારા : ૩૦, આયત : ૩)*

આવી ડઝનબંધી આયતો છે કે આક્ષેપ કાફિર લગાડી રહ્યા છે અને જવાબ અલ્લાહ આપી રહ્યો છે.

આ અલ્લાહ અને તેના રસૂલ ﷺના દરમ્યાનનો મામલો છે કે જ્યારે ખુદાનો ઈન્કાર થાય અથવા કાફિર શિર્કમાં પડે અથવા કોઈને ખુદાનો બેટો કહે તો પયગંબર જવાબ આપે છે અને જ્યારે પયગંબર આક્ષેપબાજી કરવામાં આવે તો ખુદા ખૂદ જવાબ નાઝિલ ફર્માવે છે.

અલ્લાહ તઆલાનો વજૂદ એક હમેશાંની સચ્ચાઈ પર આધારિત દાવો છે અને તમામ અંબિયાએ કિરામનું વજૂદ એ દાવાની દલીલ તથા બુરહાન છે. દા.ત. لاالٰه الاالله દાવો છે અને محمد رسول الله દલીલ છે.

અને એ આમ કાયદો છે કે દાવાને બાતિલ સાબિત કરવા માટે દલીલને કમજોર કરવાની કોશિશ કરવામાં આવે છે. એ જ કારણે દરેક યુગના ખુદાના મુન્કિરોએ નબુવ્વતની દલીલ પર ઘા કરવાની કોશિશ કરી છે. દલીલ જ્યારે પોતાની સર્વ મહાનતાઓની સાથે પ્રદર્શિત થાય છે તો દાવાની જલાલતે શાન (શાનની મહાનતા) તથા હક્કાનિયત (સચ્ચાઈ)

આપોઆપ જાહેર થઈ જાય છે. અને જો દલીલ કમજોર છે તો દાવો આપમેળે બાતિલ (ગલત) પુરવાર થઈ જાય છે.

કિતાબના લખકે જનાબ આદમ, જનાબ શોએબ, જનાબ મૂસા, જનાબ સાલેહ તથા અન્ય અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَامના હવાલાથી કુર્આની આયતોની રોશનીમાં એ વાત સાબિત કરવાની કામયાબ કોશિશ કરી છે કે જ્યારે જ્યારે એ અંબિયાની કૌમોએ તેમનો વિરોધ કરવાની કોશિશ કરી અને તેમની તૌહીન કરી, તેમના પર આક્ષેપબાજી તથા તકલીફો પહોંચાડવાની હદ કરી નાખી તો એમના પર અલ્લાહનો અઝાબ નાઝિલ થયો અને અમુક કૌમો દા.ત. કૌમો આદ, કૌમે ષમૂદ વગેરેનું અસ્તિત્વ નષ્ટ કરી દેવામાં આવ્યું.

ઉમ્મતે મુહમ્મદિયહ્ પર રસૂલની બેઅદબીના કારણે કોઈ સામૂહિક અઝાબ એ રીતે કે કૌમે આદ, કૌમે ષમૂદની જેમ તેમના અસ્તિત્વને નષ્ટ કરી દેવામાં આવે, એ નીચેનાં બે કારણે નહીં આવે.

પ્રથમ કારણ એ છે કે દીને ઈસ્લામ અલ્લાહનો આખરી દીન છે અને હુઝૂર ખાતમુન્નબીય્યીન صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّم આખરી નબી છે, એટલા માટે આ દીનને કયામત સુધી બાકી રહેવાનું છે.

બીજુ કારણ એ છે કે હુઝૂર રહમતે આલમ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمની પોતાના રબથી પોતાની ઉમ્મતના હવાલાથી વિનવણીઓના જવાબમાં અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતનું આ ફર્માન : وَمَا كَانَ اللّٰهُ لِيُعَذِّبَهُمْ وَاَنْتَ فِيْهِمْ "અને અલ્લાહની શાન નથી કે અલ્લાહ તેમને અઝાબ કરે જ્યાં સુધી હે મહબૂબ ! તમે એમનામાં રહેલા છો." *(સૂરએ અન્ફાલ, આયત : ૩૩)*

પરંતુ નબીએ પાક صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمની બેઅદબીમાં પડવાના કારણે આ ઉમ્મત અધોગતિ, તબાહી તથા બર્બાદીના દર્દનાક અઝાબને ભેટી ચૂકી છે.

ગુલામી, જેહાલત, પડતી, લાચારી તથા જાલિમ કૌમોના મુકાબલામાં લાચારીની હાલત, વિવિધ દૌરમાં મુસલમાનોની કત્લેઆમ, આબાદીઓની તબાહી, બાતિલ શક્તિઓનું તેમના પર સવાર થઈ જવું એ કેટલી મોટી દર્દનાક સ્થિતિ છે કે જે કૌમને મોઅલ્લિમ (શિખવાડનાર) બનાવીને

મોકલવામાં આવી હતી, અને જેના માથા પર ખયરે ઉમ્મત (શ્રેષ્ઠ ઉમ્મત)નો તાજ રાખવામાં આવ્યો હતો અને وَاَنْتُمُ الْاَعْلَوْنَની ખુશખબરી સંભળાવવામાં આવી હતી તેની આજે દુનિયાની બેઈજ્જત તથા પડતીમાં પડેલ કૌમોમાં ગણના થઈ રહી છે.

પડતીના આ સર્વ સ્વરૂપો કેવળ એ કારણે લાગુ કરવામાં આવેલ છે કે ઉમ્મતે મુહમ્મદિયહ્નો પોતાના મહાન પયગંબરથી અક઼ીદત, મહોબ્બત તથા ઈતાઅત (આજ્ઞાપાલન)નો સંબંધ ક્યાં તો ખત્મ થઈ ગયો છે અથવા કમજોર પડી ગયો છે, અને તે કૌમી તથા મિલ્લી ગૈરત જે બારગાહે નબુવ્વતના એહતેરામના કારણે ઝિંદા હતી તે મુર્દા થઈ ચૂકી છે.

આબાદીઓ તબાહ થઈ રહી છે, જનાઝા ઉઠી રહ્યા છે, શહેરો તથા દેશોને બોમ્બવર્ષા કરનાર વિમાનોના થકી કાટમાળના ઢગલામાં ફેરવવામાં આવી રહ્યા છે. મજબૂરો અને લાચારીનો ચીસો, બેવાઓ તથા યતીમોની આહો મિલ્લી ગૈરતને જાગૃત કરવામાં નિષ્ફળ છે ! અને આ કેવળ એટલા માટે છે કે મહબ્બતે રસૂલ ﷺ જે આપણા ભૌતિક તથા રૂહાની જીવનનો શ્રોત હતો તે હવે પોતાના વાસ્તવિક સ્વરૂપમાં મૌજૂદ નથી. હક઼ીક઼તમાં મહબ્બતે રસૂલ ﷺ તે હરાવી ન શકાય તેવી શક્તિ હતી કે જેના થકી ફાક઼ાકશ રણવાસીઓએ કૈસર તથા કિસ્રાની શક્તિઓને પોતાના પગોની નીચે કચડી નાખી હતી અને કેવળ એક સદીની અંદર દુનિયાના ત્રણ મહાન ખંડો એશિયા, યૂરોપ તથા આફ્રિકા પર વિજયીની હૈસિયતથી પોતાની મહાનતાના ઝંડા લહેરાવ્યા હતા અને લગભગ એક હજાર વરસો સુધી જિંદગીના દરેક ક્ષેત્રે લીડરશીપની ફરજો અંજામ આપતા રહ્યા.

પરંતુ જ્યારે ઈસ્લામ દુશ્મન શક્તિઓએ મુસલમાનોની હક઼ીક઼ી તાક઼ાતનો અંદાજો કરી લીધો તો તેમણે કોશિશ કરી કે મુસલમાનોના દિલોએથી મહબ્બતે રસૂલ કાઢી લેવામાં આવે અને દિલના આઈનાને ચૂરચૂર કરી દેવામાં આવે જેમાં અઝમતે રસૂલની શમ્એ ફરોઝાં છે. તેઓ શરૂઆતમાં યૂરોપના મુસ્તશ્રરેક઼ીનના થકી રિસાલત મઆબ ﷺના નબુવ્વતના સ્થાન, તેમની પયગંબરાના અઝમતની વિરુદ્ધ છેડછાડ કરતા

રહ્યા અને પોતાનાં નાપાક લખાણો વડે દુનિયાને ઈસ્લામ તથા પયગંબરે ઈસ્લામ વિરુદ્ધ ઉશ્કેરવાની કોશિશ કરતા રહ્યા, પણ જ્યારે તેમને કામયાબી ન મળી શકી અને દિલોએથી રસૂલે પાક ﷺની તા'ઝીમનો જઝબો ન કાઢી શક્યા તો તેમણે નામ માત્રના મુસલમાનોમાંથી એવી વ્યક્તિઓને શોધી કાઢી જેઓ કલ્મો તો પઢતા હોય પણ ઝમીર વિહોણા હોય અને ઈસ્લામનું રૂપ અપનાવીને ઈસ્લામના પાયાઓને મિસ્માર કરવા માટે તૈયાર હોય. જેમ કે ઝમીર ફરોશોએ પયગંબરે આખિરુઝ્ઝમાં ﷺ પર એ જ આક્ષેપો લાગુ કર્યા હતા જે પાછલા નબીઓની ઉમ્મતે દા'વતે તેમના પર લગાડયા હતા.

આ આક્ષેપોમાં સૌથી મોટો આક્ષેપ એ હતો કે, "તે આપણા જ જેવા છે, તે બેબસ તથા મજબૂર છે. એમની આસપાસ સમાજના ઉતરતી કક્ષાના લોકો ભેગા થઈ ગયા છે." બલ્કે એ ઝમીર ફરોશોએ તો થોડાક ડગલાં આગળ વધીને એવું પણ કહેવાનું શરૂ કરી આપ્યું કે, "તેમને કોઈ ચીજનો અધિક્તર (ઈખ્તિયાર) નથી, તે પોતાની પુત્રીને પણ બખ્શાવી નથી શક્તા, તેમને તો ખૂદ પોતાના અંજામની પણ ખબર નથી, એ મરીને માટીમાં ભળી ગયા છે, તેમનાં મા બાપ કાફિર છે....." આ પ્રકારના બાતિલ અક઼ીદાઓનો પ્રચાર કરીને તેમણે દરેક તે અમલથી રોકવાની કોશિશ કરી જેનાથી અઝમતે રિસાલત મઆબ દિલોમાં જામે અને મહબ્બતે રસૂલનો જઝબો જન્મ લઈ શકે. જેથી તેમણે મીલાદુન્નબી ﷺને બિદઅત ઠરાવી દીધી, રસૂલે પાક ﷺના રોઝાની ઝિયારતની નિય્યતથી સફરને હરામ ઠરાવી, તે સર્વ ઐતિહાસિક નિશાનીઓ તથા ઈમારતોને નષ્ટ કરી નાખી જેની ઝિયારતથી ઈસ્લામી ઈતિહાસ તથા સીરતે રસૂલ ﷺની છાપ દિમાગમાં ઉજ્જવળ થઈ શકે.

વિશ્વભરની કૌમો પોતાના ઈતિહાસની એક એક નિશાનીને બાકી રાખવાની કોશિશમાં લાગેલી છે, જ્યારે કે આ બદ્અક઼ીદા જાલિમ પોતાની નિશાનીઓ તથા ઈતિહાસને ખૂદ મિટાવી રહ્યા છે. તેઓને ખબર નથી કે જેઓ પોતાના ઈતિહાસને મિટાવે છે તેમને ઈતિહાસ હમેશાંના માટે ફના કરી આપે છે. દુઃખ એ છે કે આ પ્રકારના બાતિલ અક઼ીદાઓના પ્રચાર

પાછળ અબજો ડોલર ખર્ચ કરવામાં આવે છે અને આખા જગતમાં લાખો બદ્અક઼ીદા મુબલ્લિગો કાર્યરત છે જેઓ આ જ બાતિલ અક઼ીદાઓની તબ્લીગ તથા પ્રચારમાં નિયુક્ત તથા મશગૂલ છે. ડો. ઈક઼બાલે લગભગ એક સદી પહેલાં આ ખતરાને મહેસૂસ કરીને ફર્માવ્યું હતું કે :–

**વો ફાક઼ાકશ કે મૌતસે ડરતા નહીં ઝરા !**
**રૂહે મુહમ્મદ ઉસ્કે બદનસે નિકાલ દો !**

મૌલાના મુહમ્મદશાકિર નૂરીએ પાછલા નબીઓના હવાલાથી જે આયતો નક઼લ કરી છે એમાં મોટાભાગની તે છે જે અંબિયાએ કિરામની નબુવ્વતોના મુન્કિરોના સંબંધે છે, પણ આજે મુસ્લિમ કૌ઼મની કમ્બખ્તી એ છે કે એ પ્રકારના આક્ષેપો તે લોકો લગાડી રહ્યા છે જેઓ પોતાને મુસલમાન કહે છે. આ દોસ્તના રૂપમાં દુશ્મન એ લોકો કરતાં અધિક ખતરનાક છે જેમની આક્ષેપબાજીઓ નબુવ્વતના ઈન્કારના સબબે હતી.

આજે જ્યારે કે મુસ્લિમ રસૂલે પાક ﷺની બેઅદબી કરવાના ફળ સ્વરૂપે અધોગતિ પર છે તો મહબ્બતે રસૂલ ﷺના દાવેદારોની જિમ્મેદારી બને છે કે તેઓ પોતાના સર્વ મતભેદોને ભૂલી જઈને સીસુ પીગળાવેલી દીવાલ બનીને એ સાઝિશો તથા ચેલેંજોનો સામનો કરે જે આજે ઈમાનવાળાઓ સામે ખડી છે.

ખાકસાર : **મુહમ્મદ ક઼મરુઝ્ઝમાં આ'ઝમી**
*(સેક્રેટરી જનરલ : વર્લ્ડ ઈસ્લામિક મિશન)*
*જેટ એરવેઝ, સીટ નં. ૧૨/ડી, તા. ૧૭–૧૧–૨૦૧૩*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَارَسُوۡلَ اللّٰہِ   اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا نَبِیَّ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَاحَبِیۡبَ اللّٰہِ   اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡکَ یَا نُوۡرَ اللّٰہِ
صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡکَ وَسَلَّمَ

દુનિયામાં કૌમોની ચડતી પડતીનો ઈતિહાસ એટલો જ પૂરાણો છે જેટલો સૃષ્ટિનો ઈતિહાસ પૂરાણો છે. દુનિયાના નક્શા પર અસંખ્ય કૌમો પૂરી શાનો શૌકતની સાથે પ્રદર્શિત થઈ અને ઝિલ્લત તથા રુસ્વાઈ (બેઈજ્જતી)ની સાથે તબાહ તથા બર્બાદ થઈને બોધપાત્ર બની ગઈ. આવો ! આપણે વિચારણા કરીએ કે છેવટે કૌમોની તબાહીના સબબો કયા છે ? એટલા માટે કે કૌમોની પડતી સબબ વિના નથી થતી.

અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

اِنَّ اللّٰہَ لَا یُغَیِّرُ مَا بِقَوۡمٍ حَتّٰی یُغَیِّرُوۡا مَا بِاَنۡفُسِہِمۡ "બેશક ! અલ્લાહ કોઈ કૌમથી પોતાની નેઅમત નથી બદલતો જ્યાં સુધી તે ખૂદ પોતાની હાલત ન બદલે." *(સૂ. રઅદ, પારા : ૩૦, આ : ૧૧)*

વર્તમાનકાળમાં ખાસ કરીને ઉમ્મતે મુહમ્મદિયહની તબાહી તથા બર્બાદીના હવાલાથી દરેક ચિંતિત જોવા મળે છે. કૌમના દાનિશ્વરો (શાણા લોકો) સબબો તલાશ કરી રહ્યા છે અને ઉમ્મતને પડતીથી ચડતી તરફ લઈ જવા માટે આયોજનોમાં વ્યસ્ત છે. જો કૌમના જિમ્મેદારોને પૂછવામાં આવે કે કલમો પઢવા છતાં, હુઝૂર ﷺને નબી માનવા છતાં, અને કુર્આનને અલ્લાહની આખરી કિતાબ માનવા અને આખેરતના દિવસ પર અકીદો ધરાવવા છતાં આજે કૌમ મુસીબતના દિવસો કેમ પસાર કરી રહી છે ? અને દિન પ્રતિ દિન અધોગતિની તરફ શા માટે જઈ રહી છે ? તો અધિકતર લોકોનો એ જ જવાબ હશે કે જેહાલત, બદ્અખ્લાકી, ગુનાહોમાં ડૂબી જવું, મા બાપની નાફર્માની, પશ્ચિમી સંસ્કાર તથા

રીતભાતને અપનાવવું વગેરે. યક઼ીનન ! આ સર્વ જુર્મો તથા ગુનાહ બર્બાદી તરફ જનારા અમલો છે જ, પરંતુ અસલ કારણો કેવળ આ જ નથી ! એટલા માટે કે જો મૂળ સબબો આ જ હોત તો આજે તા'લીમી કક્ષા પહેલાંના કરતાં કાંઈક ઠીક થઈ છે, નમાઝીઓની સંખ્યા કાંઈક અંશે વધી છે, મા બાપની નાફર્માનીથી લઈને ઈસ્લામી સંસ્કાર અમુક અંશે વિકસી રહેલ છે. પરંતુ છતાંય સંજોગો બદ્તી બદ્તર થઈ રહ્યા છે. ક્યાંય કોઈ ખાસ કામયાબી જોવા નથી મળતી અને ન મુસલમાનોમાં પ્રગતિ તથા ચડતીના અણસાર જોવા મળે છે. આ બતાવવાની જરૂરત નથી બલ્કે માથાની આંખોથી આપણે રોજ એનો અનુભવ કરી શકીએ છીએ.

હવે પ્રશ્ન એ થાય છે કે વર્તમાનકાળમાં આ ઉમ્મતની તબાહીનો સબબ શો છે ? અને એનો ઈલાજ શું છે ? તો આવો ! આપણે કુર્આને મુક઼દ્દસની રોશનીમાં પાછલી ઉમ્મતોની તબાહીનું કારણ અને વર્તમાનકાળમાં મુસલમાનોની તબાહીનું કારણ પણ જાણીએ અને એનો ઈલાજ તલાશ કરીએ. એટલા માટે કે કુર્આને મક઼દ્દસ ખૂદ પોતાની શાન વર્ણન કરે છે : **لَقَدْ كَانَ فِيْ قَصَصِهِمْ عِبْرَةٌ لِّاُولِى الْاَلْبَابِ** ''બેશક ! એની ખબરોથી બુદ્ધિશાળીઓની આંખો ખુલે છે.'' *(સૂરએ યૂસુફ, પારા : ૧૩, આ : ૧૧)*

અલ્લાહ جَلَّ جَلَالُہٗ એ પોતાના બંદાઓને કોઈ અઝાબમાં અમસ્તા જ નથી સપડાવ્યા બલ્કે તેમને સીધો માર્ગ દેખાડવાના માટે પોતાના અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام તેમની વચ્ચે મોકલ્યા. જેમ કે તેણે કુર્આને મુક઼દ્દસમાં ઈર્શાદ ફર્માવ્યો, **وَاِنْ مِّنْ اُمَّةٍ اِلَّا خَلَا فِيْهَا نَذِيْرٌ** ''એટલે કે જેટલી ક઼ૌમો પસાર થઈ છે એમનામાં ડર સંભળાવનારા પસાર થઈ ચૂક્યા છે. ક઼ૌમની જિમ્મેદારી એ હતી કે જે રબના બંદા છે તેની રજૂ કરેલી રેખાઓ પર ચાલતા અને જીવનના માર્ગે હાદીઓની રહનુમાઈમાં ડગલાં ભરતા, અને એમના માટે જરૂરી હતું કે એ હાદીનું સન્માન તથા મહોબ્બત પ્રથમ દિલમાં હોત. એટલા માટે કે માણસ એની પાસેથી કાંઈક શીખવાનું પસંદ કરે છે અને એને આઈડિયલ બનાવે છે જેની મહોબ્બત દિલમાં મૌજૂદ છે. જો અદબ તથા મહોબ્બત દિલમાં નથી તો તા'લીમ હાંસલ કરીને પણ મુઅલ્લિમ (શીખવનાર)ની મજાક ઉડાવશે, બેઅદબીનું પ્રદર્શન કરશે, જે

નેઅમતના ખોવાય જવાનો જ સબબ નહીં બલ્કે તબાહી તથા બર્બાદીનો ઝરીયો પણ બનશે, એટલા માટે નાફર્માનીના મુકાબલામાં બેઅદબી તથા તૌહીન ખતરનાક જુર્મ છે.

આપણો દીન દરેક ચીજની અદબ શીખવાડે છે. મા બાપનો અદબ, કુર્આનનો અદબ, મસ્જિદનો અદબ, ચાલવાનો અદબ, ખાવાનો અદબ, ત્યાં સુધી કે જમીનનો અદબ તથા તેના હક્કો પણ બતાવે છે. શા માટે ? એટલા માટે કે સર્વ ચીજો આપણને ફાયદો પહોંચાડે છે અને અલ્લાહ ﷻની નેઅમતો છે. અને બેઅદબીથી બચવાનો હુકમ ફર્માવ્યો જેથી કદરદાનોમાં આપણી ગણના થાય અને આપણો દરજો પણ બુલંદ થાય, નેઅમતો પણ મળે અને અલ્લાહ ﷻની ખુશ્નુદી પણ હાંસલ થાય.

બાઅદબ લોકો દરેક શખ્સને પસંદ તથા પ્યારા હોય છે. એ જ બાળક માબાપને પ્રિય હોય છે જે એમની અદબ કરતો રહે. તે જ શાગિર્દ ઉસ્તાદને પસંદ હોય છે જે તેમની અદબ તથા તા'ઝીમ કરે. અને તે જ મુરીદ શયખને મહબૂબ હોય છે જે પીરની અધિક અદબ કરે. અને બેઅદબ ચાહે કેટલોય કાબેલ તથા હસીનો જમીલ હોય પણ અદબના અલંકારથી સજ્જ ન હોવાના કારણે દરેક તેને નાપસંદ કરે છે, બલ્કે બેઅદબોને તો અલ્લાહના પ્યારા રસૂલ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "જે નાનાઓ પર હેત ન કરે અને મોટાઓની ઈજ્જત ન કરે તે અમારામાંથી નથી." *(સુનને તિર્મિઝી, ૪/૩૨૧)*

એટલા માટે જો આપણે ધ્યાનપૂર્વક કુર્આને મુકદસનો અભ્યાસ કરીએ તો જાણવા મળશે કે કૌમોએ અંબિયા عَلَيْهِمُ السَّلَام ની મજાક ઉડાવી, તેમની સાથે ઠઠ્ઠા મશ્કરી કરી તો અલ્લાહ પાકે તેમને તબાહ તથા બર્બાદ કરી આપ્યા. આપ આખુ કુર્આન ઉઠાવી જોઈ લો તથા પઢી લો, આપને જાણ થઈ જશે કે જ્યારે પણ કોઈ કૌમે નબીની મજાક ઉડાવી તો કૌમ તરત જ અઝાબે ઈલાહીમાં સપડાયને તબાહી તથા બર્બાદીનો શિકાર થઈ ગઈ. એટલા માટે અલ્લાહ પાકે કુર્આને મુકદસમાં વિવિધ કૌમોનો ઉલ્લેખ કર્યો અને તેમના બનાવોને વર્ણવ્યા, જેથી આપણે એ કૌમોથી સબક હાંસલ કરીએ. અલ્લાહ ﷻ ઈર્શાદ ફર્માવે છે : وَمَا كُنَّا مُعَذِّبِيْنَ حَتّٰى نَبْعَثَ رَسُوْلًا "અને અમે અઝાબ કરવાવાળા નથી જ્યાં સુધી રસૂલ ન મોકલી લઈએ." *(સૂરએ બની ઈસ્રાઈલ, પારા : ૧૫, આ : ૧૫)*

لَقَدْ كَانَ فِيْ قَصَصِهِمْ عِبْرَةٌ لِّاُولِي الْاَلْبَابِ "બેશક ! તેમની ખબરોથી બુદ્ધિમાનોની આંખો ખુલે છે." *(સૂરએ યૂસુફ, પારા : ૧૩, કન્ઝુલ ઈમાન)*

જે લોકો અન્ય કૌમોથી ઈબ્રત (બોધ) હાંસલ નથી કરતા તેઓ લોકોના માટે ખૂદ ઈબ્રત બની જાય છે ! ઉમ્મતે મુહમ્મદિયહ્‌ને આખરમાં પેદા કરવાની એક હિકમત એ પણ છે કે અન્ય કૌમોએ પોતાના હાદી (માર્ગદર્શક) તથા પયગંબરની બેઅદબી કરી, તેમનો મજાક ઉડાવ્યો તેઓ જ હલાક થયા, તો આપણે તેમનાથી બોધગ્રહણ કરીએ અને અદબનો દામન હાથથી જવા ન દઈએ. એટલા માટે અલ્લાહ તબારક વ તઆલાએ આપણને ખૂદ બારગાહે રિસલાત ﷺનો અદબ શીખવ્યો અને પોતાની મુકદસ કિતાબમાં એવા શબ્દો બારગાહે મહબૂબમાં કહેવા પર પાબંદી લગાડી કે જેમાં એક અર્થ સારો અને એક અર્થ બુરો હોય અથવા એક અર્થ સારો અને કેટલાય અર્થો બુરા હોય.

ફર્માવ્યું :– يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَقُوْلُوْا رَاعِنَا وَقُوْلُوا انْظُرْنَا وَاسْمَعُوْا "હે ઈમાનવાળાઓ ! (મારા મહબૂબને) رَاعِنَا (રાઈના) ન કહો, બલ્કે આ પ્રમાણે અર્ઝ કરો કે હુઝૂર અમારા પર નજર રાખો." *(સૂરએ બકરહ, પારા : ૧, આ : ૧૦૪)*

બારગાહે રસૂલમાં હાજરી તથા વાતચીતના આદાબ કુર્આન આ પ્રમાણે વર્ણવે છે :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَرْفَعُوْۤا اَصْوَاتَكُمْ فَوْقَ صَوْتِ النَّبِيِّ وَلَا تَجْهَرُوْا لَهٗ بِالْقَوْلِ كَجَهْرِ بَعْضِكُمْ لِبَعْضٍ اَنْ تَحْبَطَ اَعْمَالُكُمْ وَاَنْتُمْ لَا تَشْعُرُوْنَ

"હે ઈમાનવાળાઓ ! તમારા અવાજો ઊંચા ન કરો એ ગયબ બતાવનાર (નબી)ના અવાજ પર અને તેમની સમક્ષ વાત ચીસો પાડીને ન કહો જેવી રીતે કે આપસમાં એકબીજાની સામે ચીખો છો કે ક્યાંક તમારા અમલો બેકાર ન થઈ જાય અને તમને ખબર ન પડે." *(સૂરએ હુજુરાત, પારા : ૨૬, આ : ૨, કન્ઝુલ ઈમાન)*

પૂરા કુર્આનમાં ચાર વખત નામ "મુહમ્મદ" વર્ણવીને "હે મુહમ્મદ" કહીને સંબોધન નથી કર્યું. જયારે તે ખુદા થઈને પોતાના મહબૂબના આટલા નાઝ ઉઠાવે છે કે અન્યોની જેમ હબીબનું નામ લઈને નથી પોકારતો બલ્કે

લક્બો વડે યાદ ફર્માવે છે :–

**یاایها النبی ،یا ایها الرسول ،یا ایهاالمزمل ،یا ایها المدثر ،طه ،یٰس**

જેવા પ્યારા અલ્કાબ વડે યાદ ફર્માવે છે તો આપણે પણ જોઈએ કે અદબને જ આપણી ખાસ ખૂબી બનાવીએ, અને અંબિયાએ કિરામ, સહાબાએ એઝામ તથા અહલે બયતનો અદબ કરતા રહીએ. બુઝુર્ગોની બારગાહમાં અદના સરખી તૌહીન પણ તેમણે માન્ય ન રાખી બલ્કે તૌહીન કરનારા બેઅદબોથી પોતાનો સંબંધ પણ કટ કરી લીધો. જેમ કે હઝરત અલ્લામા કાઝી અયાઝ رحمۃ اللہ علیہ પોતાની વિશ્વવિખ્યાત કિતાબ ''અશ્શિફા''માં લખે છે :–

હઝરત સૈયદના ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝે ફર્માવ્યું, મારે એક કાતિબ (લહીયા)ની જરૂરત છે. કાતિબ એવો તલાશ કરો જે અરબી હોય, મુસલમાન હોય અને તેનો બાપ પણ મુસલમાન હોય. હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝના મુન્શીએ જવાબ આપ્યો કે સરકારે દો આલમ ﷺના પિતા પણ મુસલમાન ન હતા ! (મઆઝલ્લાહ !) આ સાંભળીને ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ જલાલમાં આવી ગયા અને ફર્માવ્યું કે તું મહબૂબે ખુદા ﷺના સમકક્ષ તલાશ કરે છે ?! ગુસ્તાખ ! આજ પછી તું મારે ત્યાં કામ કરવાને લાયક નથી, હું તને નોકરીથી બરતરફ કરું છું ! હવે તારી પાસેથી કિતાબતનું કામ લેવામાં નહીં આવે. *(શિફા શરીફ, ૨/૩૭૮)*

શિફાના લેખક આગળ લખે છે : ''બાદશાહ હારૂન રશીદના દરબારી શાઈરે શેઅર પઢયો એમાં જનાબ મૂસા علیہ السلامના અસા (સ્ટીક)ની તૌહીન કરી, તો હારૂન રશીદ એ શાઈર પર ગુસ્સે થયા અને કહ્યું, પલીદના બચ્ચા ! તું મૂસા علیہ السلامના અસા સાથે ઠટ્ઠો કરે છે ?! અહીંથી નીકળી જા ! તું અમારી મજલિસના લાયક નથી.''

હે ઈશ્કે મુસ્તફા ﷺના દીવાનાઓ ! વિચારો કે પોતે તો બાઅદબ બનેલા રહ્યા અને જો કોઈએ બેઅદબી કરી તો સહન પણ ન કર્યું અને તરત તેનાથી સંબંધ કટ કરી લીધો. ત્યાં સુધી કે જો અંબિયા علیہم السلام સાથે સંબંધિત કોઈ ચીજની તૌહીન કરવામાં આવી તો તેને પણ ન વેઠયું. પણ અફસોસ ! આજે તો અંબિયા علیہم السلامનો મજાક ઉડાડવામાં આવી રહ્યો છે, જાત જાતની ગુસ્તાખીઓ કરવામાં આવી રહી છે અને આપણે ખામોશ

તમાશાઈ બનેલા છીએ !

ક્યાંક એવું તો નથી કે આજે આપણી લૂટાઈ રહેલી આબરૂ, કબ્ર તથા કફન વિનાના જનાઝા, વેરાનીમાં તબદીલ થતી વસ્તીઓ, રોટીને તરસતાં પેટો, ખુશીઓ તરસતાં આંગણા, સુકૂનને તરસતાં દિલો હઝરાત અંબિયાએ કિરામ વિશેષતઃ નબીઉલ અંબિયા, જાને કાઈનાત, મુસ્તફા કરીમ ﷺની બેઅદબી તથા ગુસ્તાખીનું પરિણામ છે ?! ક્યાંક એવું તો નથી કે જાણે અજાણે બેઅદબ તથા ગુસ્તાખ બનાવીને આપણી અઝમત તથા શૌકતને પાયમાલ કરવાની નાપાક સાઝિશ કરવામાં આવી રહી છે જેને આપણે સમજી નથી રહ્યા ?!

આપણે આપણા તથા પરાયામાં તમીઝ કરવી પડશે, ઈમાન તથા કુફ્રમાં ફર્ક઼ કરવો પડશે. હક્ક઼વાળાઓની હક્ક઼ગોઈને મસ્લકી પૂર્વગ્રહ કહીને અથવા મોલ્વીઓના ઝઘડા કહીને આપણે એનાથી જાન નથી છોડાવી શક્તા, બલ્કે આપણે સાડા ચૌદસો વરસ પાછળ પલટવું પડશે. એ જ જમાનો જેમાં સોઝે સિદ્દીક઼, દર્દે બિલાલ, ઈશ્કે઼ ઉવૈસી હોય, એ દૌરને પાછો લાવવો પડશે, અને એ તા'ઝીમે રસૂલ ﷺ વિના નથી આવી શક્તો, અને દીનની હક઼ીક઼ત સમજવી પડશે કે દીન શું છે ?!

ડો. ઈકબાલ કહે છે :–

**બ મુસ્તફા બ રસાં ખ્વેશરા કે દીં હમા અસ્ત**
**અગર બઊ ન રસીદી તમામ બૂ લહબીસ્ત**

આશિકે઼ રસૂલ હઝરત અબ્દુર્રહમાન જામી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

**આયાતે કુર્આ આબરૂયત તફસીરે કુર્આ ગેસૂયત**
**રૂએ તૂ કુર્આં મા ઈમાં તૂઈ ઈમાં તૂઈ**

આજના દાશિન્વરો, મુફક્કિરો, મુદબ્બિરો અને કૌ઼મના શાણા લોકો આશ્ચર્ય સાથે કહેતા જોવા મળે છે કે કાલે આપણે તાજદાર હતા આજે આપણે ભીખારી છીએ ! કાલે બાદશાહ હતા આજે ભીખ માગી રહ્યા છીએ ! એવું શાથી છે ?! જ્યારે કે નમાઝીઓની સંખ્યા કાલ કરતાં આજે અધિક જોવા મળે છે, રોઝદારોની સંખ્યામાં વધારો થયો છે. હજ્જ તથા

ઉમરા કરનારાઓની સંખ્યામાં પણ વધારો થયો છે, બાળકીઓએ પર્દો અપનાવી લીધો, મર્દોએ દાઢી સજાવી લીધી છતાં આ નિષ્ફળતા, લાચારી તથા બેબસી શાથી ? જવાબ મળશે કે કાલના મુસલમાન રસૂલુલ્લાહ ﷺની બારગાહના બાઅદબ હતા અને આજનો કલ્મો પઢનાર રસૂલે ખુદા ﷺની બારગાહનો બેઅદબ છે ! એ જ કારણ છે કે અમલ તો છે પણ બેઅદબીના કારણે નિરર્થક છે ! કાલનો મુસલમાન બાદશાહ થઈને પણ વિના વુઝૂએ નામેપાક મુહમ્મદ ﷺ લેવું પસંદ કરતો ન હતો, અને આજે દરેક અયરો ગયરો હુઝૂર ﷺને પોતાની જેવા બશર બતાવી રહ્યો છે ! જ્યાં સુધી તા'ઝીમે મુસ્તફા કરીમ ﷺનો દામન આપણા હાથોમાં હતો ત્યાં સુધી આપણે બાદશાહ હતા, મીરે કારવાં હતા, કામયાબ તથા કામરાન હતા. અને જ્યારથી બેઅદબી તથા ગુસ્તાખીની નહૂસત આવી તબાહી જ તબાહી છે. અલ્અયાઝુબિલ્લાહ !

પ્રસ્તુત કિતાબમાં આપ કુર્આનની રોશનીમાં વાંચશો કે જ્યારે પણ કૌમોએ અંબિયા عَلَيْهِمُ السَّلَام ની મજાક ઉડાવી અથવા બેઅદબી કરી તો કૌમો બર્બાદ થઈને દુનિયામાં ઈબ્રતનો સામાન બની ગઈ. એ નિષ્ફળ કૌમોની તબાહીનું વર્ણન કુર્આને મુકદ્દસની રોશનીમાં આપ જુઓ અને જિંદગીના માટે માર્ગદર્શક ઉસૂલ નિશ્ચિત કરો. ઈન્શાઅલ્લાહ ! કિતાબના છેવટમાં અમો હઝરાતે સહાબાએ કિરામ તથા તે ઉમ્મતના અગ્રેસરોના મામૂલાત પણ પેશ કરીશું જેઓ બારગાહે રિસાલત મઆબ ﷺમાં અદબની તસ્વીર બનીને સૃષ્ટિભરમાં છવાઈ ગયા, જેથી જાણવા મળે કે અંબિયાની તૌહીને કૌમોને તબાહ તથા બર્બાદ કરી આપી અને તા'ઝીમે રસૂલ ﷺની દૌલતે કૌમોને ઝિલ્લત તથા રુસ્વાઈની પડતીમાંથી કાઢીને પ્રગતિ તથા ઉચ્ચતાની મંઝિલોના મુસાફિર બનાવી દીધા.

## ★ ઈબ્લીસની તબાહી ★

માનવની પેદાઈશના હજારો વરસો અગાઉ જમીન પર જિન વસેલા હતા. જ્યારે તેમણે આપસમાં ખૂનરેજીઓ કરી તો અલ્લાહ તઆલાએ ફરિશ્તાઓને હુકમ આપ્યો કે તેમને જમીનથી ઉઠાવીને ફેંકી દો. જ્યારે હુકમે ઈલાહીથી જિન્નતોથી જમીન ખાલી કરાવવામાં આવી ત્યારે ઈબ્લીસ

જિન્નાતનું નાનુ બચ્ચુ હતો. ફરિશ્તા તેને પોતાની સાથે આસ્માનો પર લઈ ગયા, તે પ્રગતિ કરતાં કરતાં ફરિશ્તાઓનો ઉસ્તાદ બની ગયો. *(ઈમામ ગઝાલી)*

પછી શું કહેવું ! જ્યારે ચાહતો જમીન પર આવતો, જન્નતમાં જતો. હજારો વરસોની ઈબાદત, ઈલ્મી કાબેલિયત સર્વ કાંઈ તેની પાસે હતું પણ અદબના ઘરેણાથી વંચિત ઈબ્લીસ નારી થઈ ગયો કે જ્યારે આદમ عليه السلامની પેદાઈશ પછી અલ્લાહ પાકે ફરિશ્તાઓને હુકમ આપ્યો કે આદમની તા'ઝીમ બજાવી લાવો અને તેમને સજદો કરો, તો સર્વ ફરિશ્તાઓએ સિજદો કર્યો ઈબ્લીસ ન કર્યો અને તે મરદૂદ થયો. હઝરત જિબ્રઈલ عليه السلامએ તમામ ફરિશ્તાઓમાં સૌ પ્રથમ સિજદો કર્યો તો અલ્લાહ તઆલાએ તેમને ફરિશ્તાઓના સરદાર બનાવી આપ્યા. *(તફસીરે નઈમી, ભાગ : ૧)*

આ પરથી આપણને સબક઼ મળ્યો કે તા'ઝીમ બજાવી લાવનાર સરદાર બની ગયો અને બેઅદબ મરદૂદ બની ગયો. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે : આ મખ્લૂકમાં સૌથી પ્રથમ બેઅદબી હતી જે ઈબ્લીસથી ઉપસ્થિત થઈ અને તે પણ અલ્લાહ جل جلالهના નબી હઝરત આદમ عليه السلامની, તો અલ્લાહ عزوجلએ પોતાની બારગાહમાં કરવામાં આવનારા સિજદાઓ તથા ઈબાદતને નથી જોયી, બલ્કે નબીની બેઅદબીની સજાના તોર પર તેની જિંદગીભરની ઈબાદત અને તેના ઉચ્ચ મન્સબો સર્વ કાંઈ બર્બાદ કર્યા અને એની પાસેથી ઈજ્જતનો તાજ છીનવી લેવામાં આવ્યો અને ક઼યામત સુધી આવનારી આદમની ઔલાદને સબક઼ આપવામાં આવ્યો કે જો તમારી પાસે ઈબ્લીસ જેટલા સિજદા પણ હોય તો પણ મારા નબીની મામૂલી બેઅદબીથી તે બેકાર થઈ જશે, અને તમે મારી બારગાહના મરદૂદ ઠરાવી દેવામાં આવશો. જેથી ખબરદાર ! ઈબાદત પર મગરૂર તથા ગર્વ કરનાર ન થશો બલ્કે ક઼દમ ક઼દમ પર ડરતા રહેજો અને ભૂલથી પણ મારા નબીની શાનમાં ગુસ્તાખી તથા બેઅદબી ન કરશો, નહીં તો બેઈજ્જતી તથા રુસ્વાઈની ઊંડી ખાઈમાં જઈને પડશો.

હવે હઝરત આદમ عليه السلامના બનાવને કુર્આને મુક઼દ્દસની રોશનીમાં સમજો :–

રબ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

وَاِذْ قَالَ رَبُّكَ لِلْمَلٰٓئِكَةِ اِنِّیْ جَاعِلٌ فِی الْاَرْضِ خَلِیْفَةً ؕ قَالُوْٓا اَتَجْعَلُ فِیْهَا مَنْ یُّفْسِدُ فِیْهَا وَیَسْفِكُ الدِّمَآءَ ۚ وَنَحْنُ نُسَبِّحُ بِحَمْدِكَ وَنُقَدِّسُ لَكَ ؕ قَالَ اِنِّیْٓ اَعْلَمُ مَا لَا تَعْلَمُوْنَ وَعَلَّمَ اٰدَمَ الْاَسْمَآءَ كُلَّهَا ثُمَّ عَرَضَهُمْ عَلَی الْمَلٰٓئِكَةِ فَقَالَ اَنْۢبِـُٔوْنِیْ بِاَسْمَآءِ هٰٓؤُلَآءِ اِنْ كُنْتُمْ صٰدِقِیْنَ ○ قَالُوْا سُبْحٰنَكَ لَا عِلْمَ لَنَآ اِلَّا مَا عَلَّمْتَنَا ؕ اِنَّكَ اَنْتَ الْعَلِیْمُ الْحَكِیْمُ

قَالَ یٰٓاٰدَمُ اَنْۢبِئْهُمْ بِاَسْمَآئِهِمْ ۚ فَلَمَّآ اَنْۢبَاَهُمْ بِاَسْمَآئِهِمْ ۙ قَالَ اَلَمْ اَقُلْ لَّكُمْ اِنِّیْٓ اَعْلَمُ غَیْبَ السَّمٰوٰتِ وَالْاَرْضِ ۙ وَاَعْلَمُ مَا تُبْدُوْنَ وَمَا كُنْتُمْ تَكْتُمُوْنَ وَاِذْ قُلْنَا لِلْمَلٰٓئِكَةِ اسْجُدُوْا لِاٰدَمَ فَسَجَدُوْٓا اِلَّآ اِبْلِیْسَ ؕ اَبٰی وَاسْتَكْبَرَ ٘ وَكَانَ مِنَ الْكٰفِرِیْنَ

''અને યાદ કરો જ્યારે તમારા રબે ફરિશ્તાઓને ફર્માવ્યું, હું જમીનમાં મારો નાઈબ બનાવનારો છું. બોલ્યા, શું એવાને નાઈબ બનાવીશ જે એમાં ઝઘડો ફેલાવે અને ખૂનરેજીઓ કરે, અને અમે તારી પ્રશંસા કરતાં તારી પાકી બોલીએ છીએ. ફર્માવ્યું, મને માલૂમ છે જે તમે નથી જાણતા. અને અલ્લાહ તઆલાએ આદમ عليه السلام ને સર્વ ચીજોનાં નામ શીખવાડયાં, પછી સર્વ ચીજો ફરિશ્તાઓ સમક્ષ રજૂ કરીને ફર્માવ્યું કે સાચા હોવ તો એમનાં નામો બતાવો ! બોલ્યા, પાકી છે તને, અમને કાંઈ ઈલ્મ નથી પણ જેટલો તેં અમને શીખવાડયો. બેશક ! તું જ ઈલ્મ તથા હિકમતવાળો છે. ફર્માવ્યું, હે આદમ ! બતાવી દે એમને સૌ ચીજોનાં નામ જ્યારે આદમે તેમને સૌનાં નામો બતાવી આપ્યાં તો ફર્માવ્યું, હું ન કહેતો હતો કે હું જાણુ છું આસ્માનો તથા જમીનની સર્વ છુપી ચીજો અને હું જાણુ છું જે કાંઈ તમે જાહેર કરો અને જે કાંઈ તમે છુપાવો છો.'' *(સૂરએ બક઼રહ, આયત : ૩૦ થી ૩૪, કન્ઝુલ ઈમાન)*

## ★ નૂહ عليه السلام ની કૌમની બર્બાદી ★

મોટાભાગના મુફસ્સિરોની એ વાત પર એકમતિ છે કે હઝરત નૂહ عليه السلام અલ્લાહ ﷻ ના પહેલા રસૂલ છે. રસૂલ એ નબીને કહે છે જે સાહિબે

શરીઅત તથા સાહિબે કિતાબ હોય છે. અમુક ઈતિહાસકારો એ વાત પર એકમત છે કે હઝરત આદમ عليه السلامની વફાતના ૧૨૬ વરસો પછી હઝરત નૂહ عليه السلامની વિલાદત થઈ. *(તારીખે તિબરી)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماના હવાલાથી ઈમામ ઈબ્ને હબ્બાન ફર્માવે છે કે હઝરત આદમ عليه السلام તથા નૂહ عليه السلامની દરમ્યાન દસ કરન (સદી)નું અંતર છે. હઝરત નૂહ عليه السلامના જમાનાથી પહેલાં લગભગ એક હજાર વરસનું અંતર રહ્યું. તે સર્વ લોકો ઈસ્લામ પર હતા. *(તબકાતે કુબરા, ભાગ : ૧, પેજ : ૪૨)*

હઝરત નૂહ عليه السلامની બઅષત (આગમન) ત્યારે થયું જ્યારે આપની કૌમ મૂર્તિપૂજા, શૈતાનની પયરવી, નફ્સ પરસ્તી તથા અખ્લાકી પડતીઓનો શિકાર થઈ ચૂકી હતી. બઅષતના વખતે હઝરત નૂહ عليه السلامની ઉંમર ૮૪ વરસની હતી. આપની કૌમમાં મૂર્તિપૂજાની શરૂઆત એ રીતે થઈ કે જ્યારે એમનામાં કોઈ નેક શખ્સ મરી જતો હતો તો તેની કબ્રને સજદાગાહ બનાવી લેતા અને એના પર ફોટા રાખી દેતા અને તેની ઈબાદત (પૂજા) કરતા. હઝરત નૂહ عليه السلامએ તેમને ૯૫૦ વરસો સુધી સમજાવ્યા. જનાબ નૂહ عليه السلامની આ કોશિશને કુર્આને આ પ્રમાણે વર્ણવેલ છે :–

જ્યારે કૌમે જનાબ નૂહ عليه السلامને પોતાની જેવા નર્યા બશર તૌહીનનારૂપે કહ્યા, અને સરદારીના લાલચુ તથા દીવાના તથા પાગલ કહીને જનાબ નૂહ عليه السلامની મજાક ઉડાડી અને આપની ગુસ્તાખીમાં પડયા ત્યારે અલ્લાહ તબારક વ તઆલાએ એ કૌમ પર અઝાબ નાઝિલ કર્યો જેને કુર્આને મુકદ્દસ આ પ્રમાણે વર્ણવે છે :–

فَدَعَا رَبَّهٗۤ اَنِّیْ مَغْلُوْبٌ فَانْتَصِرْ ○ فَفَتَحْنَاۤ اَبْوَابَ السَّمَآءِ بِمَآءٍ مُّنْهَمِرٍ ○ وَّفَجَّرْنَا الْاَرْضَ عُیُوْنًا فَالْتَقَى الْمَآءُ عَلٰۤى اَمْرٍ قَدْ قُدِرَ ○ وَحَمَلْنٰهُ عَلٰى ذَاتِ اَلْوَاحٍ وَّدُسُرٍ ○ تَجْرِیْ بِاَعْیُنِنَا جَزَآءً لِّمَنْ كَانَ كُفِرَ ○ وَلَقَدْ تَّرَكْنٰهَاۤ اٰیَةً فَهَلْ مِنْ مُّدَّكِرٍ ○ فَكَیْفَ كَانَ عَذَابِیْ وَنُذُرِ ○

"તો તેણે પોતાના રબથી દુઆ કરી કે હું મગ્લૂબ (જેના પર કોઈ સવાર થઈ જાય) છું, તું મારો બદલો લે. તો અમે આસ્માનના દરવાજા ખોલી નાખ્યા, જોરથી વહેતા પાણી વડે. અને જમીન ઝરણા કરીને વહાવી

દીધી, જેથી બંનેવ પાણી મળી ગયાં એટલા પ્રમાણમાં જે મુક઼દ્દર હતી. અને અમે નૂહને સવાર કર્યા તખ્તાઓ અને ખીલાઓવાળી પર કે અમારી નિગાહની રૂબરૂ વહેતી એના બદલામાં જેની સાથે કુફ્ર કરવામાં આવ્યું હતું. અને અમે એને નિશાની છોડયો. તો છે કોઈ ધ્યાન આપનાર ! તો કેવો રહ્યો મારો અઝાબ અને મારી ધમકીઓ.'' *(સૂરએ ક઼મર, પારા : ૨૭, આયત : ૧૦ થી ૧૬)*

ક઼ૌમે નૂહ પર અલ્લાહનો તે અઝાબ દુનિયાના અસ્તિત્વ સુધી ઈબ્રતનું નિશાન બની ગયો. જનાબ નૂહ عليه السلامની ક઼ૌમ પર સતત વર્ષા થતી રહી ત્યાં સુધી કે જમીનથી પથ્થરોથી પાણી નીકળવા લાગ્યું અને પૂરી ક઼ૌમ તોફાનમાં ડૂબી ગઈ. એ જ લોકો સલામત રહ્યા જેઓ હઝરત નૂહ عليه السلام પર ઈમાન લાવ્યા અને કશ્તીએ નૂહમાં સવાર થઈ ગયા.

ઉપરોક્ત આયતોથી એ વાત ઉઘાડા દિવસની જેમ જાહેર થઈ ગઈ કે ક઼ૌમે નૂહ પર અલ્લાહ عزوجلનો અઝાબ એ સમયે નાઝિલ થયો જ્યારે તેણે હઝરત નૂહ عليه السلامની તૌહીન કરી તથા તેમને જૂઠલાવ્યા. અલ્લાહની દા'વતના ઈન્કાર પર અલ્લાહ عزوجلએ કોઈ અઝાબ નાઝિલ ન કર્યો બલ્કે નબીની તૌહીન તથા બેઅદબીના બદલામાં અલ્લાહ عزوجلને તેમને પોતાના અઝાબમાં ગિરફ્તાર કર્યા. અધિક વિચારવાની વાત એ છે કે મોટાભાગે તૌહીન કરવાવાળા હતા, અદબ કરનારા થોડાક હતા, પરંતુ અલ્લાહ عزوجلએ મોટાભાગનાની પરવા ન કરી બલ્કે બાઅદબ લોકોને અદબના બદલામાં બચાવી લીધા. બેઅદબ નાફર્માન પુત્ર તો હલાક઼ થયો પરંતુ ફર્માંબરદાર ઉમ્મતી નજાત પામી ગયા, જેથી કોઈ ફિર્ક઼ાની અધિક સંખ્યા અથવા તેમની ભીડભાડ જોઈને તેમને હક્ક઼ પર સમજવા નાદાની છે. બલ્કે થોડા હોય પણ હક્ક઼ પર હોય તો થોડાની સાથે જ રહેવું જોઈએ. આ પરથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે અલ્લાહ عزوجل નાફર્માનને સહન કરી લે છે પરંતુ પોતાના નબીના બેઅદબને માફ નથી કરતો, એને જરૂર બેઅદબીની સજા આપે છે.

## ★ હૂદ عليه السلامની ક઼ૌમ ★

હઝરત હૂદ عليه السلام અલ્લાહના નબી છે અને હઝરત નૂહ عليه السلامના પછી

મબ્ઊષ કરવામાં આવ્યા. આપ અતિશય હસીનો જમીલ તથા મજબૂત શરીર ધરાવતા હતા. આપને અલ્લાહ તઆલાએ કૌમે આદની તરફ મબ્ઊષ કર્યા. કૌમે આદ એક ખુશહાલ અને સ્તંભોના ખૂબસૂરત મકાનોમાં રહેવાવાળી કૌમ હતી. અરબમાં એ કૌમની તરક્કી, ખુશહાલી અને ઈમારત બાંધકામની કલાની ચર્ચાઓ હતી, બલ્કે અરબના પૂરાણા શાઈરોએ એના પર સેંકડો શેઅરો કહ્યા છે જે આજે પણ ઈતિહાસની કિતાબોમાં મૌજૂદ છે. કુર્આને મુકદસમાં એમની વસ્તીને અહકાફના નામથી યાદ કરવામાં આવેલ છે.

અલ્લામા પીર કરમશાહ અઝહરી પોતાની વિશ્વવિખ્યાત તફસીર ''ઝિયાઉલ કુર્આન''માં લખે છે કે, અહકાફથી મુરાદ તે રણ છે જે ઓમાનથી હઝરમૂત સુધી ફેલાયલુ છે તેનું કુલ ક્ષેત્રફળ ત્રણ લાખ ચોરસ માઈલ બતાવવામાં આવે છે. કૌમે આદના લોકો અતિશય મજબૂત શરીરવાળા તથા શક્તિવાન હતા. તેમની તાકત તથા ખૂબસૂરતી તથા ખુશહાલીએ તેમને અલ્લાહ ﷻના બાગી બનાવી દીધા. અલ્લાહ ﷻની નેઅમતો પામ્યા બાદ તેઓ અલ્લાહ ﷻની બારગાહમાં ઝુકવાને બદલી ઘમંડી બનીને ખુદાના બાગી બની બેઠા અને મૂર્તિઓની પૂજામાં પડી ગયા. હઝરત હૂદ علیہ السلامએ પોતાની કૌમને ઘણા જ દિલનશીં અંદાઝમાં અતિશય નમ્રતાપૂર્વક સમજાવ્યા, જેને અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે આ પ્રમાણે વર્ણવ્યું :

اَتَبْنُوْنَ بِكُلِّ رِيْعٍ اٰيَةً تَعْبَثُوْنَ ٥وَتَتَّخِذُوْنَ مَصَانِعَ لَعَلَّكُمْ تَخْلُدُوْنَ ٥ وَاِذَا بَطَشْتُمْ بَطَشْتُمْ جَبَّارِيْنَ ٥فَاتَّقُوا اللّٰهَ وَاَطِيْعُوْنِ٥ وَاتَّقُوا الَّذِيْٓ اَمَدَّكُمْ بِمَا تَعْلَمُوْنَ ٥اَمَدَّكُمْ بِاَنْعَامٍ وَّبَنِيْنَ٥وَجَنّٰتٍ وَّعُيُوْنٍ٥اِنِّيْٓ اَخَافُ عَلَيْكُمْ عَذَابَ يَوْمٍ عَظِيْمٍ٥

''શું દરેક બુલંદી પર એક નિશાની બનાવો છો વટેમાર્ગુઓની હંસી ઉડાડવા માટે અને મજબૂત મહેલ ચણો છો એ ઉમ્મીદ પર કે તમે હમેશાં રહેશો. અને જ્યારે કોઈના પર પકડ કરો છો તો ખૂબ ક્રુરતાપૂર્વક પકડ કરો છો, તો અલ્લાહથી ડરો ! અને મારો હુકમ માનો અને એનાથી ડરો જેણે તમારી મદદ કરી એ ચીજોથી કે તમને માલૂમ છે, તમારી મદદ કરી, ચોપગાંઓ તથા પુત્ર? અને બગીચાઓ અને ઝરણાં વડે. બેશક ! મને

તમારા પર ડર છે એ મોટા દિવસના અઝાબનો.'' *(સૂરએ શોઅરા, પારા : ૧૯, આ. ૧૨૮ થી ૧૩૫, કન્ઝુલ ઈમાન)*

હઝરત હૂદ علیہ السلام એ ખૂબ જ હેતાળ ભાવે તેમને અલ્લાહ તબારક વ તઆલાની વહદાનિયત (એક હોવું) તથા પોતાની નબુવ્વત તથા ઈતાઅત (આજ્ઞાપાલન)ની તરફ બોલાવ્યા પણ દૌલત તથા તાક઼ાતના નશામાં ચૂર એ ક઼ૌમે ઘમંડના તૌર પર હઝરત હૂદ علیہ السلام ની મજાક ઉડાડતાં આપની શાનમાં હંસી મજાક કરી જેને કુર્આને મુક઼દ્દસ આ પ્રમાણે વર્ણવે છે :–

**قَالَ الْمَلَاُ الَّذِیْنَ کَفَرُوْا مِنْ قَوْمِہٖۤ اِنَّا لَنَرٰکَ فِیْ سَفَاھَۃٍ وَّاِنَّا لَنَظُنُّکَ مِنَ الْکٰذِبِیْنَ ٥ قَالَ یٰقَوْمِ لَیْسَ بِیْ سَفَاھَۃٌ وَّلٰکِنِّیْ رَسُوْلٌ مِّنْ رَّبِّ الْعٰلَمِیْنَ٥ اُبَلِّغُکُمْ رِسٰلٰتِ رَبِّیْ وَاَنَا لَکُمْ نَاصِحٌ اَمِیْنٌ٥**

''એની ક઼ૌમના સરદાર બોલ્યા, બેશક ! અમે તમને મૂર્ખ સમજીએ છીએ, અને બેશક ! અમે તમને જૂઠાઓમાં ગુમાન કરીએ છીએ. કહ્યું, હે મારી ક઼ૌમ ! મને મૂખાઈ સાથે શું સંબંધ ?! હું તો પરવદિગારે આલમનો રસૂલ છું, તમને તમારા રબની રિસાલતો પહોંચાડુ છું અને તમારો વિશ્વાસુ શુભેચ્છક છું. *(સૂરએ અઅ્રાફ, પારા : ૮, આ : ૬૬ થી ૬૮)*

જયારે ક઼ૌમે આદે હઝરત હૂદ علیہ السلام ની બેવકૂફી તથા જૂઠ જેવા બદ્તરીન શબ્દોમાં તૌહીન કરી તો અલ્લાહ તબારક વ તઆલાએ એ ક઼ૌમને પણ નૂહની ક઼ૌમની જેમ અઝાબમાં સપડાવી અને ઈર્શાદ ફર્માવ્યો, **اَلَمْ تَرَ کَیْفَ فَعَلَ رَبُّکَ بِعَادٍ٥** ''શું તમે ન જોયું તમારા રબે આદની સાથે કેવું કર્યુ ?! *(સૂરએ ફજ્ર, પારા : ૩૦, આયત : ૬)*

**اَمَّا عَادٌ فَاسْتَکْبَرُوْا فِی الْاَرْضِ بِغَیْرِ الْحَقِّ وَقَالُوْا مَنْ اَشَدُّ مِنَّا قُوَّۃً اَوَلَمْ یَرَوْا اَنَّ اللّٰہَ الَّذِیْ خَلَقَھُمْ ھُوَ اَشَدُّ مِنْھُمْ قُوَّۃً وَّکَانُوْا بِاٰیٰتِنَا یَجْحَدُوْنَ ٥فَاَرْسَلْنَا عَلَیْھِمْ رِیْحًا صَرْصَرًا فِیْۤ اَیَّامٍ نَّحِسَاتٍ لِّنُذِیْقَھُمْ عَذَابَ الْخِزْیِ فِی الْحَیٰوۃِ الدُّنْیَا وَلَعَذَابُ الْاٰخِرَۃِ اَخْزٰی وَھُمْ لَا یُنْصَرُوْنَ ٥**

''તો તેઓ જે આદ હતા તેમણે જમીનમાં નાહક઼ ઘમંડ કર્યો અને બોલ્યા, અમારાથી વધુ કોનું જોર ? અને શું તેમણે ન જોયું કે અલ્લાહ જેણે

તેમને બનાવ્યા એમના કરતાં અધિક મજબૂત છે, અને અમારી આયતોનો ઈન્કાર કરતા હતા, તો અમે એમના પર એક આંધી મોકલી સખત ગરજવાળી તેમના બુરાના દિવસોમાં કે અમે તેમને બેઈજ્જતીનો અઝાબ ચખાડીએ દુનિયાની જિંદગીમાં. અને બેશક ! આખેરતના અઝાબમાં સૌથી મહાન બેઈજ્જતી છે અને તેમની મદદ ન થશે.''

–(સૂરએ હા મીમ સજદા, પારા : ૨૪, આયત : ૧૫, ૧૬)

وَاَمَّا عَادٌ فَاُهۡلِكُوۡا بِرِيۡحٍ صَرۡصَرٍ عَاتِيَةٍ ٥ سَخَّرَهَا عَلَيۡهِمۡ سَبۡعَ لَيَالٍ وَّثَمٰنِيَةَ اَيَّامٍ حُسُوۡمًا فَتَرَى الۡقَوۡمَ فِيۡهَا صَرۡعٰى كَاَنَّهُمۡ اَعۡجَازُ نَخۡلٍ خَاوِيَةٍ ٥ فَهَلۡ تَرٰى لَهُمۡ مِّنۡ بَاقِيَةٍ ٥ وَجَآءَ فِرۡعَوۡنُ وَمَنۡ قَبۡلَهٗ وَالۡمُؤۡتَفِكٰتُ بِالۡخَاطِئَةِ ٥

''અને રહ્યા આદ તે હલાક઼ કરવામાં આવેલા ખૂબ જ સખત ગરજતી આંધીથી તે એમના પર શક્તિ વડે લગાડી આપી સાત રાતો અને આઠ દિવસ સતત, તો એ લોકોને એનામાં જુઓ પડછાએલા જાણે કે તેઓ પડેલા ખજૂરના દંડાઓ છે, તો તમે એમનામાં કોને બચેલો જુઓ છો.''

*(સૂરએ હાક્ક઼હ, પારા : ૨૯, આયત : ૬ થી ૯)*

બોધગ્રહણ કરવાની દષ્ટિએ આ મુબારક આયતો વારંવાર પઢવામાં આવે કે જ્યારે ક઼ૌમે આદે હઝરત નૂહ عليه السلامની ગુસ્તાખી કરી તો મજબૂત સ્તંભોમાં રહેવાવાળી પ્રગતિ પામેલ ક઼ૌમને અલ્લાહે એ રીતે હલાક઼ કરી કે પ્રથમ તેમને દુકાળમાં સપડાવ્યા અને જ્યારે તેઓ વરસાદના અભિલાષી થયા તો તેમના પર કાળુ વાદળ મોકલ્યું જેને જોઈને તેઓ ખુશ થયા કે હવે બહુ જોરમાં વરસાદ થશે ! નદી નાળાં સૌ ઉભરાઈ જશે, ખેતીઓ હરીયાળીવાળી લીલીછમ થઈ જશે, બાગો હર્યા ભર્યા થઈ જશે. પણ તેમનો એ ખ્વાબ પૂર્ણ ન થઈ શક્યો અને સતત સાત રાતો અને આઠ દિવસ સુધી જબરદસ્ત આંધી ચાલી જેનાથી ઝાડો, જાનવરો તથા માણસોને તરણાની જેમ ઉડાડી મૂક્યા અને ખુશહાલ આબાદી ખંડેરોના એક બોધદાયક કિ઼સ્સો બની ગઈ. આજે પણ એ ખંડેરોને જોઈને લોકો બોધ ગ્રહણ કરતાં કહેતા જોવા મળે છે કે શું અહીં પણ કોઈ પ્રગતિ પામેલ ક઼ૌમ મૌજૂદ હતી ?! فَاعۡتَبِرُوۡا يٰۤاُولِى الۡاَبۡصَار

## ★ હઝરત સાલેહ عليه السلام ની કૌમ ★

હઝરત સાલેહ عليه السلام નું કુર્આન મુકદ્દસમાં ઘણા સ્થાનોએ વર્ણન હઝરત હૂદ عليه السلام ની પછી કરવામાં આવે છે. આપની બઅષત હઝરત ઈબ્રાહીમ عليه السلام ના ઘણા પહેલાં થઈ. આપની કૌમ ખૂબ જ સંસ્કારી, ખુશહાલ તથા માલદાર હતી. કુર્આન મુકદ્દસમાં હઝરત સાલેહ عليه السلام ની કૌમને કૌમે ષમૂદના નામથી યાદ કરવામાં આવી છે. કૌમે આદની જેમ આ લોકો પણ ઈમારતની કારીગરીમાં ઘણા જ પ્રખ્યાત હતા. આ કૌમે પહાડોને કોતરીને ખૂબસૂરત તથા મજબૂત મકાનો તૈયાર કર્યાં હતાં, તે પૂરાણી નિશાનીઓના રૂપમાં આજે પણ મૌજૂદ છે. એ કૌમ હિજાઝ તથા શામ (સીરિયા)ની વચ્ચે આબાદ હતી જેનું મુખ્ય સ્થળ અલ્હજરના નામથી ઓળખાય છે. એ કૌમે પણ પોતાની દૌલત, ખુશહાલી તથા હર્યા ભર્યા હોવાની હાલતથી ઘમંડી થઈને અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતથી બગાવત કરી અને મૂર્તિપૂજા તથા અખ્લાકી નીચતાનો શિકાર બની સામાજિક વહેવારના મામલામાં તો ખૂબ જ ઉચ્ચ હતી પણ ઈન્સાની શરાફતના મામલામાં અતિ નીચ તથા હલકાપણાનો શિકાર હતી. એ કૌમની હિદાયતના માટે અલ્લાહ તઆલાએ હઝરત સાલેહ عليه السلام ને મબ્ઊષ ફર્માવ્યા (મોકલ્યા) અને તેમણે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની તૌહીદ (એક અલ્લાહ હોવાની)ની દા'વત આપી, જેને અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે કુર્આનમાં વિવિધ સ્થાનોએ આ મુજબ વર્ણવેલ છે :–

وَاِلٰی ثَمُوْدَ اَخَاهُمْ صٰلِحًا قَالَ یٰقَوْمِ اعْبُدُوا اللّٰهَ مَا لَكُمْ مِّنْ اِلٰهٍ غَیْرُه‘ قَدْ جَآءَ تْكُمْ بَیِّنَةٌ مِّنْ رَّبِّكُمْ هٰذِهٖ نَاقَةُ اللّٰهِ لَكُمْ اٰیَةً فَذَرُوْهَا تَاْكُلْ فِیْ اَرْضِ اللّٰهِ وَلَا تَمَسُّوْهَا بِسُوْٓءٍ فَیَاْخُذَكُمْ عَذَابٌ اَلِیْمٌ۝ وَاذْكُرُوْا اِذْ جَعَلَكُمْ خُلَفَآءَ مِنْ بَعْدِ عَادٍ وَّبَوَّاَكُمْ فِی الْاَرْضِ تَتَّخِذُوْنَ مِنْ سُهُوْلِهَا قُصُوْرًا وَّتَنْحِتُوْنَ الْجِبَالَ بُیُوْتًا فَاذْكُرُوْا اٰلَآءَ اللّٰهِ وَلَا تَعْثَوْا فِی الْاَرْضِ مُفْسِدِیْنَ۝

"અને ષમૂદની તરફ તેમની બિરાદરીમાંથી સાલેહને મોકલ્યા. કહ્યું, હે મારી કૌમ ! અલ્લાહને પૂજો, તેના સિવાય તમારો કોઈ મઅબૂદ (પૂજનીય) નથી. બેશક ! તમારી પાસે તમારા રબની તરફથી રોશન દલીલ આવી.

આ અલ્લાહનું ઊંટ છે તમારા માટે નિશાની તો એને છોડી આપો કે અલ્લાહની જમીનમાં ખાય અને તેને બુરાઈથી હાથ ન લગાડો કે તમને દર્દનાક અઝાબ આવશે. અને યાદ કરો જ્યારે તમને આદના જાનશીન કર્યા અને મુલ્કમાં જગા આપી કે નરમ જમીનમાં મહેલ બનાવો છો અને પહાડોમાં મકાન કોતરો છો, તો અલ્લાહની નેઅમતો યાદ કરો. અને જમીનમાં ફસાદ મચાવતા ન ફરો. *(સૂરએ અઅ્રાફ, પારા : ૮, આયત : ૭૩, ૭૪, કન્ઝુલ ઈમાન)*

**وَاِلٰی ثَمُوْدَ اَخَاهُمْ صٰلِحًا قَالَ يٰقَوْمِ اعْبُدُوا اللّٰهَ مَا لَكُمْ مِّنْ اِلٰهٍ غَيْرُه' هُوَ اَنْشَاَكُمْ مِّنَ الْاَرْضِ وَاسْتَعْمَرَكُمْ فِيْهَا فَاسْتَغْفِرُوْهُ ثُمَّ تُوْبُوْآ اِلَيْهِ اِنَّ رَبِّىْ قَرِيْبٌ مُّجِيْبٌ ٥**

"અને ષમૂદની તરફ તેમના સમજાતિય સાલેહને (મોકલ્યા) કહ્યું, હે મારી કૌમ ! અલ્લાહને પૂજો, એના સિવાય તમારો કોઈ મઅબૂદ નથી. એણે તમને જમીનથી પેદા કર્યા અને એમાં તમને વસાવ્યા, તો એનાથી માફી ચાહો, ફરી એની તરફ પલ્ટો. બેશક ! મારો રબ નજીક છે દુઆ સાંભળનારો." *(સૂરએ હૂદ, પારા : ૧૨, આ : ૧૬)*

હઝરત સાલેહ عليه السلام એ પોતાની એ કૌમની ભલાઈ ચાહી અને તેમને અલ્લાહથી ડરાવ્યા અને ખુદા વહદહૂ લાશરીકની ઈબાદતની તરફ બોલાવ્યા પણ કૌમે ષમૂદની બદ્નસીબી કે તેમણે પોતાના ખૈરખ્વાહ મહાન પયગંબરની મજાક કેવા બુરા શબ્દોમાં ઉડાડી એને અલ્લાહ પાકે આ શબ્દોમાં વર્ણવ્યું :–

**كَذَّبَتْ ثَمُوْدُ بِالنُّذُرِ ٥ فَقَالُوْآ اَبَشَرًا مِّنَّا وَاحِدًا نَّتَّبِعُه' اِنَّآ اِذًا لَّفِىْ ضَلٰلٍ وَّسُعُرٍ ٥ ءَاُلْقِىَ الذِّكْرُ عَلَيْهِ مِنْ بَيْنِنَا بَلْ هُوَ كَذَّابٌ اَشِرٌ ٥**

"ષમૂદે રસૂલોને જૂઠલાવ્યા. તો બોલ્યા, શું અમે અમારામાંના એક બશર (માનવ)ની તાબેદારી કરીએ ! તો અમે જરૂર ગુમરાહ તથા દીવાના છીએ. શું અમારા સૌમાંથી એના પર ઝિક્ર ઉતારવામાં આવ્યું ? બલ્કે એ સખત જૂઠો તથા ઘંમડી છે." *(સૂરએ કમર, પારા : ૨૭, આયત : ૨૩ થી ૨૫)*

કૌમે ષમૂદે તૌહીનની નિય્યતે અલ્લાહના નબી હઝરત સાલેહ عليه السلام ને પોતાના જેવા નર્યા માણસ (બશર) કહ્યા, સાથોસાથ જૂઠા, ઘમંડી જેવા

બુરા શબ્દો વડે આપની પણ બેઅદબી કરી, અને એના પર જ બસ નથી કર્યુ બલ્કે આપના કત્લનો મનસૂબો પણ બનાવ્યો. અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે :–

قَالُوْا تَقَاسَمُوْا بِاللّٰهِ لَنُبَيِّتَنَّه‘ وَاَهْلَه‘ ثُمَّ لَنَقُوْلَنَّ لِوَلِيِّهٖ مَا شَهِدْنَا مَهْلِكَ اَهْلِهٖ وَاِنَّا لَصٰدِقُوْنَ○

"આપસમાં અલ્લાહની કસમો ખાઈને બોલ્યા, અમે જરૂર રાતમાં છાપો મારીશું સાલેહ અને તેના ઘરવાળાઓ પર, પછી તેમના વારસોને કહીશું કે આ ઘરવાળાઓના કત્લ વખતે અમે હાજર ન હતા, અને બેશક ! અમે સાચા છીએ." *(સૂરએ નમલ, પારા : ૯, આ. : ૪૯)*

કૌમે ષમૂદે હઝરત સાલેહ عليه السلامની ઊંટણી જે આપની દુઆથી પહાડોથી પ્રદર્શિત થઈ હતી એની ઘૂંટીઓ કાપી નાખી, આપની મજાક ઉડાડી, ત્યાં સુધી કે આપના કત્લનો મનસૂબો બનાવ્યો. તેઓ મજબૂત મકાનો પર ઘમંડ કરતા રહ્યા, દૌલત તથા મજબૂત મકાનોના નશામાં ચૂર રહ્યા. અલ્લાહ તઆલાએ નબીની બેઅદબી તથા મજાક ઉડાડવાના લીધે કૌમે આદની જેમ આ કૌમને પણ અઝાબમાં સડપાવીને બુદ્ધિમાનોના માટે બોધ પામવાનું નિશાન બનાવી આપ્યું. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

كَذَّبَتْ ثَمُوْدُ بِطَغْوٰهَا○اِذِ انْبَعَثَ اَشْقٰهَا○فَقَالَ لَهُمْ رَسُوْلُ اللّٰهِ نَاقَةَ اللّٰهِ وَسُقْيٰهَا○فَكَذَّبُوْهُ فَعَقَرُوْهَا فَدَمْدَمَ عَلَيْهِمْ رَبُّهُمْ بِذَنْبِهِمْ فَسَوّٰهَا○وَلَا يَخَافُ عُقْبٰهَا○

"ષમૂદે પોતાની સરકશી (નાફર્માની)થી જૂઠલાવ્યા, જયારે એમનો સૌથી બદ્બખ્ત ઉઠીને ઉભો થયો તો તેને અલ્લાહના રસૂલે ફર્માવ્યું, અલ્લાહના ઊંટ અને તેના પીવાની વારીથી બચો ! તો તેમણે તેને જૂઠલાવ્યો પછી ઊંટની ઘૂંટીઓ કાપી નાખી. તો એમના પર તેમના રબે તેમના ગુનાહોના સબબે તબાહી નાખીને તે વસ્તીને સરખી કરી નાખી અને એમનો પીછો કરવાનો એને ડર નથી."

*–(સૂરએ શમ્સ, પારા : ૩૦, આ. : ૧૧ થી ૧૫)*

وَمَكَرُوْا مَكْرًا وَّمَكَرْنَا مَكْرًا وَّهُمْ لَا يَشْعُرُوْنَ٥فَانْظُرْ كَيْفَ كَانَ عَاقِبَةُ مَكْرِهِمْ اَنَّا دَمَّرْنٰهُمْ وَقَوْمَهُمْ اَجْمَعِيْنَ٥فَتِلْكَ بُيُوْتُهُمْ خَاوِيَةً بِمَا ظَلَمُوْا اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيَةً لِّقَوْمٍ يَّعْلَمُوْنَ٥

"અને તેમણે પોતાના જેવો મકર (પ્રપંચ) કર્યો અને અમે અમારી છુપી તદબીર કરી અને તેઓ ગાફેલ રહ્યા, તો જુઓ કેવો અંજામ થયો તેમના મકરનો. અમે હલાક કરી દીધા તેઓને અને તેમની સઘળી કૌમને. તો આ છે એમના ઘરો ભેંકાર પડેલાં, બદલો એમના જુલ્મનો. બેશક ! એમાં નિશાની છે જાણનારાઓ માટે."

*–(સૂરએ નમલ, પારા : ૧૯, આયત : ૪૯ થી ૫૨)*

فَاَخَذَتْهُمُ الرَّجْفَةُ فَاَصْبَحُوْا فِيْ دَارِهِمْ جٰثِمِيْنَ٥فَتَوَلّٰى عَنْهُمْ وَقَالَ يٰقَوْمِ لَقَدْ اَبْلَغْتُكُمْ رِسَالَةَ رَبِّيْ وَنَصَحْتُ لَكُمْ وَلٰكِنْ لَّا تُحِبُّوْنَ النّٰصِحِيْنَ٥

"તો એમને ધરતીકંપે આવીને લીધા તો સવારે તેમના ઘરોમાં ઊંધા પડેલા રહી ગયા. તો સાલેહે તેમનાથી મોઢુ ફેરવ્યું અને કહ્યું, હે મારી કૌમ ! બેશક ! મેં તમને મારા રબની રિસાલત પહોંચાડી આપી અને તમારું ભલુ ચાહ્યું પણ તમો શુભેચ્છાઓના તમને ભલુ ચાહનારાઓની કાંઈ પડી જ નથી." *(સૂરએ અઅ્રાફ, પારા : ૮, આયત : ૭૮, ૭૯)*

વાંચકો વિચારે કે જ્યારે કૌમે હઝરત સાલેહ علیہ السلامની મજાક ઉડાડી તો અલ્લાહ ﷻએ તેમને કેટલી દર્દનાક સજા અતા કરી.

## ★ લૂત علیہ السلامની કૌમ ★

હઝરત લૂત علیہ السلام હઝરત ઈબ્રાહીમ علیہ السلامના સગા ભત્રીજા છે. આપને અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે અર્ઝે મુકદ્દસમાં મબ્ઊષ ફર્માવ્યા (મોકલ્યા) એ સમયે તે વિસ્તાર ચાર મોટા શહેરોમાં વહેંચાયેલો હતો. સદૂમ, અમૂરા (આમૂરા), સબૂહ, સબૂવૈરા. ચારેવ શહેરોમાં સદૂમને પાટનગરની હૈસિયત ઉપલબ્ધ હતી. એ સર્વ ઈલાકાઓની સંયુક્ત વસ્તી લગભગ ચારથી પાંચ લાખ હતી. હઝરત લૂત علیہ السلامએ સદૂમ શહેરને પોતાનુ રહેઠાણ બનાવ્યું હતું. સદૂમ બાગો તથા ફળોની અધિક્તાના કારણે ખૂબ જ ખુશહાલ સ્થળ હતું. સદૂમની વિશિષ્ટતા એ પણ હતી કે એક ખૂબસૂરત શહેર હોવાને

કારણે લોકો દૂર દૂરથી પિકનિકના માટે આવ્યા કરતા હતા. નહેરોની અધિક્તા અને બાગોની સુંદરતાએ એને લોકોના આકર્ષણનું કેન્દ્ર બનાવી આપ્યું હતું. લૂત عليه السلامની કૌમમાં વિવિધ બુરાઈઓ હતી, જેમ કે સીટી વગાડવી, તાળીઓ પાડવી, ગિલોર વડે શિકાર કરવો, દાઢી મૂંડાવવી, મૂછો લાંબી કરવી, રેશમ પહેરવું અને ખાસ કરીને પુરૂષોને પુરૂષોની સાથે અપ્રાકૃતિક અમલ (બદફેઅલી) કરવું. હઝરત લૂત عليه السلامએ પોતાની કૌમને એ સર્વ બુરાઈઓથી રોકવાની કોશિશ કરી અને અલ્લાહના અઝાબથી તેમને ડરાવ્યા. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

اَتَاْتُوْنَ الذُّكْرَانَ مِنَ الْعٰلَمِيْنَ ○ وَتَذَرُوْنَ مَا خَلَقَ لَكُمْ رَبُّكُمْ مِّنْ اَزْوَاجِكُمْ بَلْ اَنْتُمْ قَوْمٌ عٰدُوْنَ ○

"શું મખ્લૂક઼માં પુરૂષો સાથે દુષ્કર્મ કરો છો ! તે જે તમારા માટે તમારા રબે પત્નીઓ બનાવી, બલ્કે તમે લોકો હદથી વધી જનારા છો." *(સૂરએ શુઅરા, પારા : ૧૯, આયત : ૧૬૫, ૧૬૬)*

اِنَّكُمْ لَتَاْتُوْنَ الرِّجَالَ شَهْوَةً مِّنْ دُوْنِ النِّسَآءِ بَلْ اَنْتُمْ قَوْمٌ مُّسْرِفُوْنَ ○

"તમે તો પુરૂષોની પાસે વાસનાભેર જાવ છો સ્ત્રીઓને છોડીને, બલ્કે તમે લોકો હદથી નીકળી ગયા." *(સૂરએ અઅ્રાફ, પારા : ૮, આયત : ૮૧)*

وَلُوْطًا اِذْ قَالَ لِقَوْمِهٖۤ اِنَّكُمْ لَتَاْتُوْنَ الْفَاحِشَةَ مَا سَبَقَكُمْ بِهَا مِنْ اَحَدٍ مِّنَ الْعٰلَمِيْنَ ○ اَئِنَّكُمْ لَتَاْتُوْنَ الرِّجَالَ وَتَقْطَعُوْنَ السَّبِيْلَ وَتَاْتُوْنَ فِیْ نَادِيْكُمُ الْمُنْكَرِ فَمَا كَانَ جَوَابَ قَوْمِهٖۤ اِلَّاۤ اَنْ قَالُوا ائْتِنَا بِعَذَابِ اللّٰهِ اِنْ كُنْتَ مِنَ الصّٰدِقِيْنَ ○

"અને લૂતને નજાત આપી જ્યારે તેણે પોતાની કૌમને ફર્માવ્યું, તમે બેશક ! બેહયાઈનું કામ કરો છો કે તમારાથી પહેલાં દુનિયાભરમાં કોઈએ ન કર્યું. શું તમો પુરૂષો સાથે દુષ્કર્મ કરો છો અને રહઝની (ડાકૂગીરી) કરો છો અને તમારી મજલિસમાં બુરી વાત કરો છો !" *(સૂરએ અન્કબૂત, પારા : ૨૦, આયત : ૨૮, ૨૯)*

આ બદ્કાર તથા હવસ પરસ્ત કૌમને જ્યારે લૂત عليه السلامએ ભલાઈની તરફ બોલાવી તો તે પોતાની ઈસ્લાહ કરવાને બદલે હઝરત લૂત عليه السلامને

ઈજા પહોંચાડવાના માટે તૈયાર થઈ ગયા અને હઝરત લૂત عليه السلام ની જનાબમાં બેઅદબીઓ તથા ગુસ્તાખીઓ કરી.

અલ્લાહ પાક ઈર્શાદ ફર્માવે છે :–

وَمَا كَانَ جَوَابَ قَوْمِهٖٓ اِلَّآ اَنْ قَالُوْٓا اَخْرِجُوْهُمْ مِّنْ قَرْيَتِكُمْ اِنَّهُمْ اُنَاسٌ يَّتَطَهَّرُوْنَ○

"અને એની ક઼ૌમનો કોઈ જવાબ ન હતો પણ એ જ કહેવું કે તેમને આપણી વસ્તીથી કાઢી નાખો. આ લોકો તો પાકીઝગી ચાહે છે." *(સૂરએ અઅ્રાફ઼, પારા : ૮, આયત : ૮૨)*

○قَالُوْا لَئِنْ لَّمْ تَنْتَهِ يٰلُوْطُ لَتَكُوْنَنَّ مِنَ الْمُخْرَجِيْنَ "બોલ્યા, હે લૂત ! જો તમે ન અટક્યા તો જરૂર કાઢી મૂકવામાં આવશો." *(સૂરએ શુઅરા, પારા : ૧૯, આયત : ૧૬૮)*

فَمَا كَانَ جَوَابَ قَوْمِهٖٓ اِلَّآ اَنْ قَالُوا ائْتِنَا بِعَذَابِ اللّٰهِ اِنْ كُنْتَ مِنَ الصّٰدِقِيْنَ

"તો એની ક઼ૌમનો કોઈ જવાબ ન થયો પણ એવું બોલ્યા કે અમારા પર અલ્લાહનો અઝાબ લાવો જો તમે સાચા છો." *(સૂરએ અન્કબૂત, પારા : ૨૦, આયત : ૨૯)*

○ قَالُوْٓا اَوَلَمْ نَنْهَكَ عَنِ الْعٰلَمِيْنَ "શું અમે તમને મના ન કર્યું કે અન્યના મામલામાં દખલ ન કરો." *(સૂરએ હજર, પારા : ૧૪, આયત : ૭૦)*

કોઈ ક઼ૌમની હવસપરસ્તીની આ હદ નથી તો બીજુ શું છે ? કે પોતાના મહાન મુસ્લેહ જે પયગંબર પણ છે એમની વાત સાંભળીને પોતાની સુધારણા કરવાને બદલે તેમને જ ટોણા મારીને વસ્તીથી બહાર કાઢવાની ધમકી આપે અને તેમને જૂઠલાવે ! જ્યારે લૂતની ક઼ૌમે જનાબ લૂત عليه السلام ની શાનમાં બેઅદબી કરી અને વસ્તીથી બહાર કાઢી મૂકવાની ધમકી આપી તો એ ક઼ૌમ પર અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે અઝાબ નાઝિલ ફર્માવ્યો.

અલ્લાહ પાક ઈર્શાદ ફર્માવે છે :–

○ وَاَمْطَرْنَا عَلَيْهِمْ مَّطَرًا فَانْظُرْ كَيْفَ كَانَ عَاقِبَةُ الْمُجْرِمِيْنَ "અને એમના પર એક મેહ વર્ષાવ્યો તો જુઓ કેવો અંજામ થયો મુજરિમોનો !" *(સૂરએ અઅ્રાફ઼, પારા : ૮, આયત : ૮૪)*

فَلَمَّا جَآءَ اَمۡرُنَا جَعَلۡنَا عَالِيَهَا سَافِلَهَا وَاَمۡطَرۡنَا عَلَيۡهَا حِجَارَةً مِّنۡ سِجِّيۡلٍ مَّنۡضُوۡدٍ۝ مُّسَوَّمَةً عِنۡدَ رَبِّكَ وَمَا هِىَ مِنَ الظّٰلِمِيۡنَ بِبَعِيۡدٍ ۝

"પછી અમારો હુકમ આવ્યો, અમે એ વસ્તીના ઉપરને તેના નીચે કરી દીધું અને તેના પર કાંકરાના પથ્થર વરસાવ્યા જે નિશાન કરેલ તારા રબની પાસે છે અને તે કેટલાક જાલિમોથી દૂર નથી."

*–(સૂરએ હૂદ, પારા : ૧૨, આયત : ૮૨, ૮૩)*

ثُمَّ دَمَّرۡنَا الۡاٰخَرِيۡنَ۝ وَاَمۡطَرۡنَا عَلَيۡهِمۡ مَّطَرًا فَسَآءَ مَطَرُ الۡمُنۡذَرِيۡنَ۝

"પછી અમે બીજાઓને હલાક કરી આપ્યા અને અમે તેમના પર એક વર્ષા વરસાવી, તો કેટલીય બુરી વર્ષા હતી ડરાવવામાં આવેલાઓની."

*–(સૂરએ શુઅરા, પારા : ૧૯, આયત : ૧૭૨, ૧૭૩)*

لَعَمۡرُكَ اِنَّهُمۡ لَفِىۡ سَكۡرَتِهِمۡ يَعۡمَهُوۡنَ۝ فَاَخَذَتۡهُمُ الصَّيۡحَةُ مُشۡرِقِيۡنَ۝ فَجَعَلۡنَا عَالِيَهَا سَافِلَهَا وَاَمۡطَرۡنَا عَلَيۡهِمۡ حِجَارَةً مِّنۡ سِجِّيۡلٍ۝ اِنَّ فِىۡ ذٰلِكَ لَاٰيٰتٍ لِّلۡمُتَوَسِّمِيۡنَ ۝

"હે મહબૂબ ! આપની જાનની કસમ ! બેશક ! તેઓ પોતાના નશામાં ભટકી રહ્યા છે. તો દિવસ નીકળતાં જ તેમને ચિન્ગારે પકડી લીધા તો અમે વસ્તીનો ઉપરનો હિસ્સો તેની નીચે કરી આપ્યો અને એમના પર કાંકરીના પથ્થર વરસાવ્યા. બેશક ! એમાં નિશાનીઓ છે દષ્ટિવાળાઓ માટે." *(સૂરએ હજર, પારા : ૪, આયત : ૭૨ થી ૭૫)*

જ્યારે અલ્લાહના અઝાબનો સમય આવ્યો તો હઝરત લૂત علیہ السلام પોતાના ખાનદાના લોકોને લઈને સદૂમથી બહાર નીકળી આવ્યા. પછી અલ્લાહ તઆલાએ તે દુષ્કર્મ કરનારી તથા નબીની બેઅદબ કૌમ પર પથ્થરોની વર્ષા કરી. પછી જિબ્રઈલ علیہ السلامને હુકમ આપ્યો તો તેમણે પોતાની પાંખ તે શહેરની નીચે દાખલ કરી અને જમીનને ઉખેડીને બુલંદ કરી ત્યાં સુધી કે આસ્માનવાળાઓએ કૂતરાં તથા મરઘીઓના અવાજો સાંભળ્યા. પછી તેમણે એટલી ઊંચાઈએ લઈ જઈને જમીનને પલ્ટાવી દીધી. *(તિબ્યાનુલ કુર્આન, ભાગ : ૪, પેજ : ૨૨૦)*

તો એક ખુશહાલ કૌમ ઈતિહાસના પુષ્ઠોમાં હમેશાંના માટે ઈબ્રતનો સામાન બની ગઈ. આ છે અલ્લાહના નબીની બેઅદબીનો અંજામ !

## ★ શોઐબ عليه السلام ની કૌમ ★

હઝરત શોએબ عليه السلام હઝરત ઈબ્રાહીમ عليه السلام ની ઔલાદમાં એક ફસીહુલ લિસાન (ઉમદા સ્પીચવાળા) નબી ગુજર્યા છે. તેમની દલીલ કરવાની ખૂબસૂરત પદ્ધતિ તથા ઉમદા વાણીની વાતચીતના અંદાજના કારણે તેમને ખતીબુલ અંબિયા પણ કહેવામાં આવે છે. આપને અહલે મદયનની તરફ મોકલવામાં આવ્યા. આપની કૌમ યમનથી શામ (સીરિયા) અને ઈરાક્થી મિસર જતાં મુખ્ય માર્ગ પર આબાદ હતી. મુખ્ય માર્ગ પર આબાદ હોવાને લીધે મદયનમાં એક મશ્હૂર વ્યાપારી મંડી હતી. એના લીધે મદયનવાળા એક નિષ્ણાત વ્યાપારી હોવાને લીધે આર્થિક રીતે ખુશહાલ હતા. પણ કમનસીબીએ કે આર્થિક સદ્ધરતાએ તેમને પણ અન્ય કૌમોની જેમ મૂર્તિપૂજા, ડાકૂગીરી, માપતોલમાં કમી તથા અખ્લાકી નીચતાનો શિકાર કરી દીધા હતા. હઝરત શોએબ عليه السلام એ પોતાની ઉમદા સ્પીચના લબો લહેજામાં આ કૌમને એ તમામ બુરાઈઓથી રોક્યા. જેને અલ્લાહ પાકે કુર્આન મુકદસમાં આ પ્રમાણે વર્ણવેલ છે :–

اِذْ قَالَ لَهُمْ شُعَيْبٌ اَلَا تَتَّقُوْنَ o اِنِّیْ لَكُمْ رَسُوْلٌ اَمِیْنٌ o فَاتَّقُوا اللّٰهَ وَاَطِیْعُوْنِ o وَمَا اَسْـَٔلُكُمْ عَلَیْهِ مِنْ اَجْرٍ اِنْ اَجْرِیَ اِلَّا عَلٰی رَبِّ الْعٰلَمِیْنَ o اَوْفُوا الْكَیْلَ وَلَا تَكُوْنُوْا مِنَ الْمُخْسِرِیْنَ o وَزِنُوْا بِالْقِسْطَاسِ الْمُسْتَقِیْمِ o وَلَا تَبْخَسُوا النَّاسَ اَشْیَآءَهُمْ وَلَا تَعْثَوْا فِی الْاَرْضِ مُفْسِدِیْنَ o وَاتَّقُوا الَّذِیْ خَلَقَكُمْ وَالْجِبِلَّةَ الْاَوَّلِیْنَ o

"જ્યારે એમને શોઐબે ફર્માવ્યું, શું તમે ડરતા નથી ? બેશક ! હું તમારા માટે અલ્લાહનો રસૂલ છું, તો અલ્લાહથી ડરો અને મારો હુકમ માનો. અને હું એના પર તમારાથી કોઈ મજૂરી નથી માગતો, મારો બદલો તો એના પર છે જે સર્વ જહાનનો રબ છે. માપતોલ પૂર્ણ કરો અને ઘટાડનારાઓમાં ન થાવ, અને સીધા ત્રાજવાથી તોલો અને લોકોની ચીજો ઓછી કરીને ન આપો અને જમીનમાં ફસાદ ફેલાવતા ન ફરો અને એનાથી ડરો જેણે તમને પેદા કર્યા અને આગલી મખ્લૂકને."

*–(સૂરએ શુઅરા, પારા : ૧૯૫ આયત : ૧૭૭ થી ૧૮૪)*

મોહતરમ વાંચકો ! વિચારવાનું સ્થાન છે કે હઝરત શોઐબ عليه السلام એ કેટલા દર્દભર્યા અંદાઝમાં એ કૌમને સમજાવી ! માલદાર કૌમ એવું ન સમજે કે વઅઝ તથા નસીહત અને શુભેચ્છાના બદલામાં હઝરત શોઐબ عليه السلام માલ હાંસલ કરવા માગે છે જેથી આપે આપના ઉમદા સ્પીચવાળા લેકચરમાં એ પણ ખુલાસો કરી આપ્યો કે એના પર હું તમારી પાસે કોઈ વળતર નથી માગતો બલ્કે હાલતોની સુધારણાનો હેતુ છે. પણ જે કૌમ દૌલતના નશામાં ચૂર થઈ જાય અને ગુરૂર તથા તકબ્બુરના કીચડમાં ફસાઈ જાય તો પછી એ કૌમની હાલત જ અજબની હોય છે. કૌમના ઘમંડી સરદારોએ હઝરત શોઐબ عليه السلامના જવાબમાં અતિશય ગુસ્તાખીપૂર્ણ રીત અપનાવી. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

قَالُوْٓا اِنَّمَآ اَنْتَ مِنَ الْمُسَحَّرِيْنَ ۝ وَمَآ اَنْتَ اِلَّا بَشَرٌ مِّثْلُنَا وَاِنْ نَّظُنُّكَ لَمِنَ الْكٰذِبِيْنَ ۝ فَاَسْقِطْ عَلَيْنَا كِسَفًا مِّنَ السَّمَآءِ اِنْ كُنْتَ مِنَ الصّٰدِقِيْنَ ۝

"બોલ્યા, તમારા પર જાદૂ થયો છે. તમે તો નથી પણ અમારા જેવા માણસ, અને બેશક ! અમે તમને જૂઠા સમજીએ છીએ ! તો અમારા પર આસ્માનનો કોઈ ટુકડો પાડી દો જો તમે સાચા હોવ."

*–(સૂરએ શોઅરા, પારા : ૧૯, આયત : ૧૮૫ થી ૧૮૭)*

હઝરત શોઐબ عليه السلامના હૃદયાકર્ષક સુધારણામય સંબોધન પછી પોતાની ઈસ્લાહને બદલે મદયનવાળાઓએ આપની શાનમાં આવા ગુસ્તાખીમય લબો લેહજામાં જવાબ આપ્યો. આપને જાદૂ થયેલા, પોતાના જેવા માણસ અને જૂઠા કહ્યા મઆઝલ્લાહ ! તો નબીની તૌહીન તથા બેઅદબીના લીધે અલ્લાહ તઆલાએ એ કૌમને પણ હલાક કરી નાખી.

અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

فَكَذَّبُوْهُ فَاَخَذَهُمْ عَذَابُ يَوْمِ الظُّلَّةِ اِنَّهٗ كَانَ عَذَابَ يَوْمٍ عَظِيْمٍ ۝ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيَةً وَّمَا كَانَ اَكْثَرُهُمْ مُّؤْمِنِيْنَ ۝ وَاِنَّ رَبَّكَ لَهُوَ الْعَزِيْزُ الرَّحِيْمُ ۝

"તો તેમણે એને જૂઠલાવ્યો તો એમને શામિયાનાવાળા દિવસના અઝાબે પકડી લીધા. બેશક ! તે મોટા દિવસનો અઝાબ હતો. બેશક ! એમાં જરૂર

નિશાની છે અને એમાં ઘણા મુસલમાન ન હતા અને બેશક ! તમારો રબ જ ઈજ્જતવાળો મહેરબાન છે.'' *(સૂરએ શુઅરા, પારા : ૧૯, આયત : ૧૮૯ થી ૧૯૧)*

**وَقَالَ الْمَلَاُ الَّذِيْنَ كَفَرُوْا مِنْ قَوْمِهٖ لَئِنِ اتَّبَعْتُمْ شُعَيْبًا اِنَّكُمْ اِذًا لَّخٰسِرُوْنَ ٥ فَاَخَذَتْهُمُ الرَّجْفَةُ فَاَصْبَحُوْا فِیْ دَارِهِمْ جٰثِمِيْنَ ٥ الَّذِيْنَ كَذَّبُوْا شُعَيْبًا كَاَنْ لَّمْ يَغْنَوْا فِيْهَا اَلَّذِيْنَ كَذَّبُوْا شُعَيْبًا كَانُوْا هُمُ الْخٰسِرِيْنَ ٥**

''અને એની કૌમના કાફિર સરદાર બોલ્યા કે જો તમે શોઐબના તાબે થયા તો જરૂર તમે નુકસાનમાં રહેશો. તો એમને ધરતીકંપે પકડી લીધા તો સવારે પોતાના ઘરોમાં ઊંધા પડેલા રહી ગયા શોઐબને જૂઠલાવનાર, જાણે એ ઘરોમાં કદી રહ્યા જ ન હતા, શોઐબને જૂઠલાવનારા જ તબાહીમાં પડયા.'' *(સૂરએ અઅ્રાફ, પારા : ૯, આયત : ૯૦ થી ૯૨)*

શોઐબ عليه السلامની કૌમના હવાલાથી મુફસ્સિરો વર્ણન કરે છે કે જ્યારે કૌમે બેઅદબી કરીને સરકશી (નાફર્માની)ની હદ કરી નાખી તો અલ્લાહ તઆલાએ તેમને સખ્ત ગરમીમાં સપડાવી દીધા. તેઓ પોતાના ઘરોમાં ગયા ત્યાં પણ ખૂબ જ ગરમી હતી. પછી તેઓ જંગલના તરફ ભાગ્યા તો અલ્લાહ તઆલાએ એક વાદળ મોકલ્યું જેણે એમનાં માથાઓ પર સાયો કર્યો તો તેમને ઠંડક પહોંચી અને તેમને આરામ થયો. તેમણે ઠંડક પામીને પોતાની કૌમના બાકી લોકોને પણ વાદળની નીચે ભેગા કરી લીધા અને તેઓ ખુશ થવા લાગ્યા કે તેમને ગરમીથી રક્ષણ મળી ગયું ! ત્યારે અલ્લાહ તઆલાએ તેમના પર આગ મોકલી જેના વડે તે સૌને સળગાવીને ખાક કરી નાખ્યા. અને અમુકને ભયાનક ધરતીકંપ વડે હલાક કરી નાખ્યા. આ રીતે કૌમોના ઈતિહાસમાં આ કૌમ પણ બોધગ્રહણ કરવાનો સામાન બની ગઈ. આજે પણ મદયનવાળાઓની દાસ્તાન આપણને ચિંતનની દા'વત આપી રહી છે કે નબીની બેઅદબીનો અંજામ તબાહી અને કેવળ તબાહી છે.

## ★ મૂસા عليه السلام ની કૌમ ★

હઝરત સૈયદના મૂસા عليه السلام બની ઈસ્રાઈલના નબીઓમાં તે મહાન રસૂલ છે જેમને અલ્લાહ તબારક વ તઆલા સાથે હમકલામીનો શરફ હાંસલ છે અને આપ સાહિબે કિતાબ પયગંબર છે. અલ્લાહ તઆલાએ આપના પર તૌરાત નાઝિલ કરી. આમ તો આપ તથા આપની કૌમના ઘણા બધા બનાવો કુર્આન મુકદ્દસમાં અલ્લાહ તઆલાએ વર્ણન કર્યા છે પણ લખાણ લાંબુ થવાના ડરથી અમો અમુક બનાવો જ રજૂ કરીને સંતોષ લઈએ છીએ જેથી માનવાવાળાઓને નસીહત થઈ જાય.

હઝરત મૂસા عليه السلام ને બની ઈસ્રાઈલની તરફ મબ્ઊષ કરવામાં આવ્યા. એ વખતે બની ઈસ્રાઈલ ફિરઔનની તરફથી થતી તકલીફોમાં સપડાયેલા હતા. હઝરત મૂસા عليه السلام ની બઅષત પછી અલ્લાહ તઆલાએ બની ઈસ્રાઈલને ફિરઔનીઓના સકંજાથી નજાત અતા કરી અને તેમને ખુશહાલી અતા કરી.

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

وَاِذْ نَجَّيْنٰكُم مِّنْ اٰلِ فِرْعَوْنَ يَسُومُونَكُمْ سُوْٓءَ الْعَذَابِ يُذَبِّحُوْنَ اَبْنَآءَ كُمْ وَيَسْتَحْيُوْنَ نِسَآءَ كُمْ وَفِىْ ذٰلِكُم بَلَآءٌ مِّنْ رَّبِّكُمْ عَظِيْمٌ ٥ وَاِذْ فَرَقْنَا بِكُمُ الْبَحْرَ فَاَنجَيْنٰكُمْ وَاَغْرَقْنَآ اٰلَ فِرْعَوْنَ وَاَنْتُمْ تَنْظُرُوْنَ ٥

''અને યાદ કરો જ્યારે અમે તમને ફિરઔનવાળાઓથી નજાત બખ્શી કે તમારા પર અઝાબ કરતા હતા. તમારા પુત્રોને ઝબહ કરતા તથા તમારી પુત્રીઓને જીવંત રાખતા, અને એમાં તમારા રબની તરફથી મહાન બલા હતી અને જ્યારે તમારા માટે દરિયો ફાડી આપ્યો તો તમને બચાવી લીધા અને ફિરઔનવાળાઓને તમારી આંખો સમક્ષ ડૂબાડી દીધા.''

*–(સૂરએ બકરહ, પારા : ૧, આયત : ૪૯, ૫૦)*

થવું તો એવું જોઈતું હતું કે હઝરત મૂસા عليه السلام ના સદકા તથા તુફૈલથી બની ઈસ્રાઈલની કૌમને ઈજ્જત, ખુશહાલી નસીબ થઈ તો તે બારગાહે મૂસા عليه السلام માં બાઅદબ રહેતા અને આપના કદમોમાં જ પોતાની ભલાઈ તથા ઈજ્જત સમજતા પણ તેમની બુરી કિસ્મત કે તેઓ હઝરત મૂસા

عليه السلامની શાનમાં ગુસ્તાખીમય અંદાઝમાં વિવિધ પ્રકારના વાંધાઓ કરી બેઠા અને અઝાબે ઈલાહીના શિકાર થઈને ઈબ્રતનો સામાન બની ગયા. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

وَاِذْ قُلْتُمْ يٰمُوْسٰى لَنْ نُّؤْمِنَ لَكَ حَتّٰى نَرَى اللّٰهَ جَهْرَةً فَاَخَذَتْكُمُ الصّٰعِقَةُ وَاَنْتُمْ تَنْظُرُوْنَ ٥

"અને યાદ કરો જ્યારે તમે કહ્યું, હે મૂસા! અમે હરગિઝ ઈમાન લાવીશું નહીં તારા પર જ્યાં સુધી અમે ન જોઈ લઈએ અલ્લાહને જાહેર. તો આ ગુસ્તાખી પર વીજળીના ચમકારાએ પકડી લીધા, અને અમે તમે જોઈ રહ્યા હતા. *(સૂરએ બક઼રહ, પારા : ૧, આયત : ૫૫)*

وَضُرِبَتْ عَلَيْهِمُ الذِّلَّةُ وَالْمَسْكَنَةُ وَبَآؤُوْا بِغَضَبٍ مِّنَ اللّٰهِ ذٰلِكَ بِاَنَّهُمْ كَانُوْا يَكْفُرُوْنَ بِاٰيٰتِ اللّٰهِ وَيَقْتُلُوْنَ النَّبِيّٖنَ بِغَيْرِ الْحَقِّ ذٰلِكَ بِمَا عَصَوْا وَّكَانُوْا يَعْتَدُوْنَ ٥

"અને લાગુ કરી દેવામાં આવી તેમના પર બેઈજ્જતી તથા ગરીબી અને ગઝબે ઈલાહીના મુસ્તહિક થઈ ગયા. આ સર્વ કાંઈ એ કારણે હતું કે તેઓ ઈન્કાર કરતા રહેતા હતા અલ્લાહની આયતોનો અને ક઼ત્લ કરતા હતા અંબિયાને નાહક઼્ક઼, આ સર્વ કાંઈ એ કારણે હતું કે તેઓ નાફર્માન હતા અને હદથી વધી જતા હતા." *(સૂરએ બક઼રહ, પારા : ૧, આયત : ૬૧)*

ફઝીલત તથા ખુશહાલી મળ્યા બાદ જ્યારે કૌમે હઝરત મૂસા عليه السلامને જૂઠલાવ્યા અને આપના પર વાંધો ઉઠાવનાર બનાવ્યા તો વીજળીના કડાકાના અઝાબમાં સપડાય ગયા અને અલ્લાહે હમેશાં હમેશાંના માટે યહૂદી કૌમ પર ઝિલ્લત તથા ગુર્બત લાગુ કરી આપી. આજે પણ દુનિયામાં સૌથી અધિક ગરીબ કૌમ યહૂદી કૌમ છે, અંબિયાને નાહક઼્ક઼ ક઼ત્લ કરવા તથા એમના પર એતરાઝ કરવાના કારણે. એ જ કારણે આખી દુનિયામાં યહૂદીઓની કોઈ મુસ્તક઼િલ (ક઼ાયમી) હુકૂમત નથી. બયતુલ મુક઼દ્દસ પર એમનો ગેરકાયદેસર ક઼બજો તો છે પણ તેને સંપૂર્ણ હુકૂમતનું નામ એ બુદ્ધિશાળીઓની શાનની વિરુદ્ધ છે.

અત્યાર સુધી અમુક અંબિયાએ કિરામ عليهم السلامની શાનમાં બેઅદબીનો

અંજામ આપ કુર્આનની રોશનીમાં પઢી ચૂક્યા છો. અલ્લાહ ﷻ પોતાના મહબૂબ ﷺની ઉમ્મતને આ મુસીબતમાં ગિરફતાર કરવા નથી ચાહતો એટલા માટે કુર્આને મુકદસમાં મહબૂબ ﷺની અદબની તા'લીમ આપી કે મહબૂબ સાથે વાત કરો તો કેવી રીતે કરો, તેમની સાથે ચાલો તો કેવી રીતે ચાલો, તેમના ઘરે જાવ તો કેવી રીતે જાવ, કેટલીવાર રોકાવ, તેમને પુકારો તો કેવી રીતે પુકારો, બલ્કે અલ્લાહ ﷻએ કુર્આને મકદસમાં પોતાના મહબૂબને પુકારવાનો અંદાઝ અતા કર્યો.

## તા'ઝીમે રસૂલ ﷺ અને ઉમ્મતના અકાબિરો

હવે તે નુફૂસે કુદ્દસિયાનું વર્ણન બરકત પ્રાપ્તિ માટે કરવામાં આવે છે જેમની જિંદગીનો હેતુ તા'ઝીમે રસૂલ ﷺ હતો. અને તે હઝરાત પોતાના દીન, દુનિયા તથા આખેરતની કામયાબી તા'ઝીમે રસૂલને જ સમજતા હતા, કેમ કે તા'ઝીમે નબી તથા નબીઉલ અંબિયા મુસ્તફા જાને રહમત ﷺની તા'ઝીમની તા'લીમ ખૂદ અલ્લાહ તઆલાએ આપી.

يَآ اَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا لَا تَقُوۡلُوۡا رَاعِنَا وَقُوۡلُوا انۡظُرۡنَا وَاسۡمَعُوۡا وَلِلۡكٰفِرِيۡنَ عَذَابٌ اَلِيۡمٌ ۝

''હે ઈમાનવાળાઓ ! 'રાઈના' ન કહો, અને આ પ્રમાણે અર્ઝ કરો કે હુઝૂર ! અમારા પર નજર રાખો, અને પહેલેથી જ ધ્યાનપૂર્વક સાંભળો અને કાફિરોના માટે દર્દનાક અઝાબ છે.''

*–(સૂરએ બકરહ, પારા : ૧, આયત : ૧૦૪)*

يَآ اَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوا اسۡتَجِيۡبُوۡا لِلّٰهِ وَلِلرَّسُوۡلِ اِذَا دَعَاكُمۡ لِمَا يُحۡيِيۡكُمۡ

''હે ઈમાનવાળાઓ ! અલ્લાહ વ રસૂલના બોલાવવા પર હાજર થાવ જ્યારે રસૂલ તમને એ ચીજના માટે બોલાવે જે તમને જિંદગી બખ્શે.'' *(સૂરએ અન્ફાલ, પારા : ૯, આયત : ૨૪)*

નબીએ મોઅઝ્ઝમ ﷺની દા'વત અને પોકારવા પર કે આપ આપના કોઈ ગુલામને પોતાની જાહેરી હયાત મુબારકમાં કોઈ સમયે પણ પોકારે તો ગુલામો પર ફર્ઝ છે કે તે કારણ જાણ્યા વિના દોડતા આવે, અને હુકમનું પાલન કરે. બુખારી શરીફમાં હઝરત સઈદ બિન મુઅલ્લાથી મરવી છે, તે પોતાનો બનાવ રજૂ કરે છે :–

"એકવાર હું મસ્જિદે નબવી શરીફમાં નમાઝ પઢી રહ્યો હતો એવામાં હુઝૂર ﷺએ મને પોકાર્યો. મેં જવાબ ન આપ્યો અને નમાઝ પૂર્ણ કર્યા બાદ આપના દરબારમાં હાજર થયો. આપે જવાબ ન આપવાનુ તથા મોડેથી હાજર થવાનુ કારણ પૂછયું તો મેં અર્ઝ કરી આપ્યું કે હું નમાઝમાં વ્યસ્ત હતો, હુઝૂર ﷺએ ફર્માવ્યું, શું તમે અલ્લાહનો ઈર્શાદ નથી સાંભળ્યો ?! اسْتَجِيبُوا لِلّٰهِ وَلِلرَّسُولِ إِذَا دَعَاكُم "અલ્લાહ વ રસૂલના બોલાવવા પર હાજર થાવ જ્યારે રસૂલ તમને એ ચીજના માટે બોલાવે." *(બુખારી શરીફ, ભાગ : ૬, પેજ : ૧૭)*

એ જ પ્રકારનો બનાવ હઝરત ઉબય ઈબ્ને કઅબ رضی اللہ عنہના વિશે પણ હદીષોમાં મૌજૂદ છે. જાણે હુઝૂર ﷺએ સ્પષ્ટ કરી આપ્યું કે નમાઝ મારા વસીલાથી તમને નસીબ થઈ તો નમાઝની હાલતમાં પણ તમારે અમારાથી ગાફેલ થવું જોઈએ નહીં. જેથી જ્યારે રસૂલ પોકારે તો કા'બાથી મોઢું ફેરવીને કા'બાના કા'બા હુઝૂર ﷺની તરફ મોં કરો, તેમના દરબારમાં હાજર થઈ જાવ, તેમના હુકમનું પાલન કરો. એ શરઈ મસ્અલો છે કે આ સ્થિતિમાં નમાઝ તૂટશે નહીં. જ્યાં સુધી ગુલામ આકાના દરબારમાં હાજર છે નમાઝમાં જ છે. અહીંથી ઈજાઝત મળે તો પાછા ફરીને બાકીની નમાઝ અદા કરે. જેમ કે ફિક્હી મસ્અલો છે કે જો નમાઝની હાલતમાં વુઝૂ તૂટી જાય તો કોઈની સાથે વાત કર્યા વિના વુઝૂ કરીને બાકીની નમાઝ પૂરી કરી લેવામાં આવે. અલ્લાહુ અકબર ! જ્યારે વુઝૂના માટે કા'બાથી મોં ફેરવ્યું અને નમાઝનો અદા થયેલો હિસ્સો બેકાર ન થયો તો જેમના સદકામાં કા'બાની તરફ મોં કરીને નમાઝ પઢવાનો હુકમ મળ્યો તેમની વાત સાંભળવા, તેમનાથી વાત કરવા, તેમના હુકમનું પાલન કરવાથી નમાઝનો અદા થયેલ હિસ્સો કઈ રીતે વેડફાઈ શકે છે ?! બલ્કે હક્ક તો એ છે કે એ નમાઝ એટલી મહાન થઈ ગઈ જેના પર લાખો નમાઝો કુર્બાન ! એ નમાઝી એટલા બુલંદ મર્તબાવાળો થઈ ગયો જેના પર લાખો જાનો કુર્બાન ! જરા વિચાર તો કરો કે મસ્જિદે નબવી શરીફમાં હાજર થઈને નમાઝ અદા કરવાનો સવાબ પચાસગણો અધિક થઈ જાય છે તો નમાઝની હાલતમાં નબીએ મુકર્રમ ﷺના દરબારમાં હાજરી પર નમાઝનો સવાબ

કેટલા ગણો થઈ જશે ?! આ હકીકતને કેવળ અહલે મહબ્બતો ઈશ્ક જ સમજી શકે છે. એ મુકદ્દર હતું સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَનું જેઓ વિના શંકાએ ઉમ્મતમાં સૌથી આ'લા તથા અફઝલ અને ઉચ્ચ મર્તબાવાળા છે. એમનાથી મહોબ્બત એમનો એહતેરામ આપણા માટે નજાતનો ઝરીયો છે. *(અહકામુલ કુર્આન, ભાગ : ૨, પેજ : ૬૨)*

તા'ઝીમે રસૂલની તા'લીમ આપતાં રબ ઈર્શાદ ફર્માવે છે : **لَا تَجْعَلُوْا دُعَآءَ الرَّسُوْلِ بَیْنَکُمْ کَدُعَآءِ بَعْضِکُمْ بَعْضًا** ''રસૂલને પોકારવાને આપસમાં એવું ન ઠરાવી લો જેવું કે તમારામાં એકબીજાને પુકારે છે.'' *(સૂરએ નૂર, પારા : ૧૮, આયત : ૬૩)*

**یٰٓاَیُّهَا الَّذِیْنَ اٰمَنُوْا لَا تَدْخُلُوْا بُیُوْتَ النَّبِیِّ اِلَّآ اَنْ یُّؤْذَنَ لَكُمْ**

''હે ઈમાનવાળાઓ ! નબીના ઘરોમાં હાજર ન થાવ જ્યાં સુધી નિમંત્રણ ન પામો.'' *(સૂરએ અહઝાબ, પારા : ૨૨, આયત : ૫૩)*

**فَالَّذِیْنَ اٰمَنُوْا بِهٖ وَعَزَّرُوْهُ وَنَصَرُوْهُ وَاتَّبَعُوا النُّوْرَ الَّذِیْٓ**

**اُنْزِلَ مَعَهٗٓ اُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ۝**

''તે જેઓ આ (રસૂલ) પર ઈમાન લાવે અને એમની તા'ઝીમ કરે અને એમને મદદ આપે અને એ નૂરની પયરવી કરે જે એમની સાથે ઉતર્યું તેઓ જ બામુરાદ થયા.'' *(સૂરએ અઅ્રાફ, પારા : ૯, આયત : ૧૫૭)*

**لِتُؤْمِنُوْا بِاللّٰهِ وَرَسُوْلِهٖ وَتُعَزِّرُوْهُ وَتُوَقِّرُوْهُ وَتُسَبِّحُوْهُ بُكْرَةً وَّاَصِیْلًا ۝**

''જેથી હે લોકો ! તમે અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન લાવો અને રસૂલની તા'ઝીમ તથા તૌકીર કરો અને સવાર સાંજ તેની પાકી બોલો.'' *(સૂરએ ફતહ, પારા : ૨૬, આયત : ૯)*

પ્રિય વાંચકો ! ઉપરોક્ત આયતોમાં અલ્લાહ તઆલાએ પોતાની ઈબાદતથી પહેલાં હુઝૂર સૈયદે કાઈનાત, મુસ્તફા જાને રહમત ﷺની તા'ઝીમ તથા અદબની તા'લીમ આપી. જો કુર્આનને માનવાનું નામ જ ઈમાન છે, અને યકીનન ! છે તો પછી તૌહીદના નામ પર હુઝૂર સૈયદે આલમ ﷺની તૌહીન શું અર્થ ધરાવે છે ?! જ્યારે અલ્લાહ પાક પોતાની

મુક઼દસ કિતાબમાં પોતાની ઈબાદત પર પોતાના મહબૂબ ﷺની તા'ઝીમ તથા અદબને અગ્રતા આપી રહ્યો છે તો પછી તમને મને શું હક્ક઼ પહોંચે છે કે તા'ઝીમે મુસ્તફા ﷺ પર શિર્કનો ભય અપાવીને ક઼ૌમને રોકવામાં આવે.

يَا اَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا لَا تُقَدِّمُوۡا بَيۡنَ يَدَىِ اللّٰهِ وَرَسُوۡلِهٖ وَاتَّقُوۡا اللّٰهَ اِنَّ اللّٰهَ سَمِيۡعٌ عَلِيۡمٌ

"હે ઈમાનવાળઓ ! અલ્લાહ અને તેના રસૂલથી આગળ ન વધો અને અલ્લાહથી ડરો ! બેશક ! અલ્લાહ સાંભળનાર જાણનાર છે." *(સૂરએ હુજુરાત, પારા : ૨૬, આયત : ૧)*

આ મુબારક આયતે કરીમામાં અલ્લાહ તઆલાએ પોતાના હબીબ ﷺથી આગળ વધવાનુ મના ફર્માવી આપ્યું. હુઝૂર ﷺથી આગળ વધવાને અલ્લાહ પાકે પોતાનાથી આગળ વધવા સમાન ઠરાવ્યું. મુફસ્સિરીને કિરામ ફર્માવે છે કે આક઼ાએ કરીમ ﷺએ બક઼ર ઈદના મોક઼ા પર હજી કુર્બાની કરી ન હતી. એક સાહબે આક઼ા علیہ الصلوۃ والسلامથી પહેલાં કુર્બાની કરી લીધી, એના પર આ આયતે કરીમા નાઝિલ થઈ. *(ખઝાઈનુલ ઈર્ફાન, તફસીરે નઈમી)*

હે ઈશ્કે઼ રસૂલ ﷺના દીવાનાઓ ! વિચારો તો ખરા કે કુર્બાનીના દિવસોમાં અલ્લાહ પાકને સૌથી વિશેષ પસંદીદા અમલ કુર્બાની કરવું છે, પરંતુ મહબૂબથી પહેલાં જે કુર્બાની થઈ તેને નાપસંદ કરી અને રદ પણ કરી આપી અને સાથોસાથ ધમકી પણ નાઝિલ ફર્માવી આપી. અલ્લાહુ અકબર !

يَآ اَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا لَا تَرۡفَعُوۡآ اَصۡوَاتَكُمۡ فَوۡقَ صَوۡتِ النَّبِىِّ وَلَا تَجۡهَرُوۡا لَهٗ

بِالۡقَوۡلِ كَجَهۡرِ بَعۡضِكُمۡ لِبَعۡضٍ اَنۡ تَحۡبَطَ اَعۡمَالُكُمۡ وَاَنۡتُمۡ لَا تَشۡعُرُوۡنَ۝

"હે ઈમાનવાળાઓ ! તમારા અવાજો ઊંચા ન કરો એ ગયબ બતાવનાર (નબી)ના અવાજ કરતાં, અને એમની સમક્ષ વાત ચિલ્લાઈને ન કહો જેમ કે આપસામાં એકબીજા સમક્ષ ચિલ્લાવ છો, ક્યાંક તમારા અમલો બેકાર ન થઈ જાય." *(સૂરએ હુજુરાત, પારા : ૨૬, આયત : ૨)*

આ મુબારક આયતે કરીમા આક઼ાએ કરીમ ﷺની રોશન નઅત છે જેમાં મહબૂબે ખુદા ﷺની બારગાહમાં અવાજ ઊંચો કરવા અને જોરથી

બોલવા પર અમલો બેકાર થવાની ધમકી સંભળાવી ! અમલો બેકાર ક્યારે થાય છે ?! જો કુર્આન મુકદ્દસની બીજી આયત પર નજર દોડાવીએ તો જાણવા મળે છે, આ છે તેઓ જેમના અમલો બેકાર થઈ ગયા દુનિયા તથા આખેરતમાં, અને તેમનો કોઈ મદદગાર નથી.

أُولَٰٓئِكَ الَّذِيْنَ حَبِطَتْ اَعْمَالُهُمْ فِى الدُّنْيَا وَالْآخِرَةِ وَمَا لَهُمْ مِّنْ نّٰصِرِيْنَ

–(સૂરએ આલે ઈમ્રાન, પારા : ૨૩, આયત : ૨૨)

એટલે કે એક બંદાના અમલો એ વખતે બેકાર થાય છે જ્યારે તે કુફ્રમાં સપડાય છે અને જેમના અમલો બેકાર થઈ જાય તેમનો દુનિયા તથા આખેરતમાં કોઈ મદદગાર નથી.

આયતે કરીમામાં શબ્દ حبط (બર્બાદ, બેકાર) વિચારવા પાત્ર છે કે અલ્લાહ તઆલાએ આકાએ કરીમ ﷺની બારગાહમાં ઊંચા અવાજે અને બેઅદબી પર અમલો બેકાર કરવાની ચેતવણી આપી, ઝબ્ત કરવાનો તરીકો નથી જણાવ્યો. "હબ્ત" તથા ઝબ્તમાં ફરક છે. જો સોનુ અથવા કિંમતી ચીજો હુકૂમતના અધિકારી પકડે તો "ઝબ્ત" કરવામાં આવે છે એટલે કે સંજોગો ઠીક થતાં પરત મળવાની અને ફાયદો ઉઠાવવાની કાંઈ ન કાંઈ ઉમ્મીદ હોય છે, પણ શરાબ અથવા એના જેવી નશીલી ચીજો હુકૂમતના અધિકારી પકડે તો ઝબ્ત નહીં હબ્ત કરી લે છે, એટલે કે ક્યાં તો શરાબ જમીનમાં ધોળી દઈને ફેંકી દેવામાં આવે છે અથવા નશીલી ચીજોને આગ લગાડી દેવામાં આવે છે. એટલે કે સંજોગો ગમે તેટલા સારા થઈ જાય પણ તેના પાછા મળવાની ઉમ્મીદો ખત્મ થઈ જાય છે. કેમ કે વસ્તુઓ નષ્ટ થઈ ગઈ. બસ એ જ પ્રમાણે રબે મહબૂબની બેઅદબી પર અમલો ઝબ્ત કરવાનો ઉલ્લેખ નથી કર્યો જેથી કોઈ બેઅદબ ભ્રમમાં ન રહે કે ખુદાને મનાવીને ફરીથી અમલો પરત ફાયદામંદ કરી દેવામાં આવશે, બલ્કે હબ્ત ફર્માવ્યા જેથી કરીને દરેકે દરેક સમજી જાય કે બારગાહે રિસાલત મઆબ ﷺની બેઅદબીના પછી અમલો ઝબ્તના લાયક રહેતા જ નથી બલ્કે નષ્ટ કરી દેવામા આવે છે.

اِنَّ الَّذِيْنَ يَغُضُّوْنَ اَصْوَاتَهُمْ عِنْدَ رَسُوْلِ اللّٰهِ اُولٰٓئِكَ الَّذِيْنَ امْتَحَنَ اللّٰهُ قُلُوْبَهُمْ لِلتَّقْوٰى لَهُمْ مَّغْفِرَةٌ وَّاَجْرٌ عَظِيْمٌ ۝

"બેશક ! તેઓ જેઓ પોતાના અવાજો નીચા કરે છે રસૂલની પાસે, તેઓ છે જેમના દિલ અલ્લાહે પરહેઝગારીના માટે પારખી લીધાં છે, એમના માટે બખ્શિશ તથા મોટો સવાબ છે."

*–(સૂરએ હુજુરાત, પારા : ૨૬, આયત : ૩)*

اِنَّ الَّذِيۡنَ يُنَادُوۡنَكَ مِنۡ وَّرَآءِ الۡحُجُرٰتِ اَكۡثَرُهُمۡ لَا يَعۡقِلُوۡنَ ۝

"બેશક ! તેઓ જે તમને હુજરાઓથી બહાર પોકારે છે એમનામાં મોટા ભાગે અક્કલવિહોણા છે." *(સૂરએ હુજુરાત, પારા : ૨૬, આયત : ૪)*

સહાબાએ કિરામ તથા મોહદ્દિષીને એઝામ તથા અવલિયાએ ઝવીલ એહતેરામે કુર્આને મુકદ્દસને કેવળ પઢ્યું જ ન હતું બલ્કે તેઓ કુર્આને મુકદ્દસની અમલી તસ્વીર હતા એ જ કારણે તેમને અંબિયાની તથા નબીઉલ અંબિયાની તા'ઝીમનો સબક કુર્આને મુકદ્દસની આયતોથી મળ્યો હતો અને તેઓ રસૂલના એહતેરામને જ પોતાની દુનિયા તથા આખેરતમાં કામયાબીનો ઝરીયો સમજતા હતા.

## ★ વુઝૂનું ધોવણ અને સહાબાએ કિરામ ★

આકાએ કરીમ علیہ الصلوٰۃ والسلام ઉમરાની નિય્યતે પોતાના પંદરસો સહાબાને લઈને હરમની તરફ રવાના થયા. મક્કાના કાફિરોએ આકાએ કરીમ صلی اللہ علیہ وسلم તથા તેમના સહાબાને મક્કા આવવાથી રોકયા તો આપ صلی اللہ علیہ وسلمએ હુદૈબિયાના સ્થળે પડાવ નાખ્યો. મક્કાના કાફિરોએ યેનકેન પ્રકારે આકાએ કરીમ صلی اللہ علیہ وسلمના જાંનિષારોને પરત થવા મજબૂર કર્યા. સહાબાએ કિરામ અડગ રહ્યા તો એ વખતે મક્કાના કાફિરોએ હઝરત ઉરવહ બિન મસ્ઊદ ષકફી رضی اللہ عنہને (જે ત્યારે મુસલમાન થયા ન હતા) હુદૈબિયાના સ્થળે હુઝૂર صلی اللہ علیہ وسلمથી સુલહની વાતચીત કરવા માટે મોકલ્યા. એ મોકા પર હઝરત ઉરવા ષકફીએ સહાબાએ કિરામને હુઝૂર صلی اللہ علیہ وسلمની જે તા'ઝીમ કરતાં જોયા તેનું વર્ણન મક્કા પરત થયા બાદ કાફિરો સમક્ષ આ શબ્દોમાં રજૂ કર્યું :–

"હે કૌમ ! વલ્લાહ ! હું બાદશાહોના દરબારોમાં પ્રતિનિધિમંડળ લઈને ગયો છું. હું કૈસર તથા કિસ્રાના દરબારમાં હાજર થયો છું, પરંતુ ખુદાની

કસમ ! મેં કોઈ બાદશાહ એવો નથી જોયો કે એના સાથી એની આ પ્રમાણેની તા'ઝીમ કરતા હોય જેવી કે મુહમ્મદ (ﷺ)ના સાથી તેમની તા'ઝીમ કરે છે. ખુદાની કસમ ! જ્યારે તે થૂકે છે તો તેમનું થૂક (મુબારક) કોઈ ન કોઈ માણસની હથેળી પર જ પડે છે જેને તે પોતાના ચહેરા તથા શરીર પર ઘસી લે છે. જ્યારે તે વુઝૂ કરે છે તો એવું મહેસૂસ થવા લાગે છે કે લોકો વુઝૂનું વપરાયેલ પાણી હાંસલ કરવા માટે એકબીજા સાથે લડવા મરવા માટે તૈયાર થઈ જશે. તેઓ એમની બારગાહમાં પોતાના અવાજો ધીરા રાખે છે અને અતિશય કક્ષાની તા'ઝીમના કારણે તેમની તરફ આંખ ભરીને નથી જોઈ શકતા. *(બુખારી શરીફ, કિતાબુશ્શરૂત, ભાગ : ૨, પેજ : ૩૦, હદીષ : ૪)*

## ★ હુઝૂર સૈયદે આલમ ﷺ જ મોટા છે ! ★

મુત્તલિબ વાલિદના વાસ્તાથી પોતાના દાદા કૈસ બિન મુખરમાથી રિવાયત કરે છે. તે ફર્માવે છે : હું અને રસૂલુલ્લાહ ﷺ આમ્મુલ ફીલમાં પેદા થયા. હઝરત ઉષ્માન ઈબ્ને અફ્ફાન رضی اللہ عنہએ બની યઅમર બિન લૈષના ભાઈ કબાષ બિન અશીમને પૂછયું, તમારી ઉમર વધારે છે કે રસૂલુલ્લાહ ﷺની ? તેમણે ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺ મારાથી મોટા છે અને મારો જન્મ પહેલાં થયો અને મેં (અબરહાના) હાથીની લીંડ લાલ રંગમાં બદલાયેલી જોયી છે. *(જામિઅ તિર્મિઝી, અબ્વાબુલ મનાકિબ, ભાગ : ૨, હદીષ : ૧૫૫૩, પેજ : ૬૭૧)*

સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَનો નિયમ હતો કે તેઓ નબી કરીમ ﷺની તા'ઝીમ તથા તૌકીરમાં અતિશય કક્ષાની કાળજી રાખતા હતા.

હઝરત અમ્ર બિન આસ رضی اللہ عنہ ફર્માવતા હતા કે મારી નજરોમાં કોઈ શખ્સિયત નબી ﷺથી વધુ મહબૂબ ન હતી, અને ન કોઈ આપનાથી અધિક બુઝુર્ગ તથા મર્તબાવાળો હતો. આપ ﷺના રૂઆબ તથા દબદબાના પ્રભાવ તથા ધાકનો એ આલમ હતો કે મારી કદી એ હિંમત ન થઈ કે હું આપ ﷺને નજર ભરીને જોઈ શક્તો. હું કોશિશ કરવા છતાં એ પાત્રતા ધરાવતો ન હતો કે આપ ﷺનો હુલિયો મુબારક (દેખાવ)

વર્ણન કરી શકું, કેમ કે મારાથી એ વાતની હિંમત જ ન થતી કે આપ ﷺના હુલિયા મુબારકનું વિગતવાર નિરીક્ષણ કરી શક્તો.

હઝરત ઓસામા ઈબ્ને શરીક ફર્માવે છે કે હું જ્યારે બારગાહે રિસાલતમાં હાજર થયો તો મેં જોયું કે હાજરજનો ત્યાં એ પ્રમાણે હાલ્યા ચાલ્યા વિનાના બેઠેલા છે કે જાણે એમનાં માથાંઓ પર પક્ષીઓ બેઠેલાં હોય, કે જો તેમણે જરા પણ હરકત કરી તો તે ઉડી જશે. અને આ વિષયની એક અન્ય હદીષ પણ રિવાયત થયેલી છે જેમાં સહાબાએ એ વાતનો સ્વીકાર કરેલો છે કે અમે બારગાહે રિસાલતમાં એ રીતે બસતા હતા જાણે કે અમારાં માથાંઓ પર પક્ષીઓ બેઠાં છે. એક હદીષમાં છે કે જ્યારે આપ ﷺ વાત કરતા તો હાજરજનો પોતાની ગરદનો ઝુકાવી લેતા.

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہએ પોતાનો અનુભવ આ શબ્દોમાં વર્ણવ્યો છે કે એકવાર હુઝૂર علیہ الصلوٰۃ والسلام બાલ મુબારક કપાવી રહ્યા હતા અને સહાબાએ કિરામ હુઝૂર ﷺની આસપાસ વર્તુળ બનાવીને ઉભા હતા, જેથી હુઝૂર ﷺના મૂએ મુબારક જમીન પર પડતા પહેલાં જ મેળવી લે. *(મુસ્લિમ શરીફ, કિતાબુલ ફઝાઈલ, ભાગ : ૩, પેજ : ૨૫૩, હદીષ : ૫૯૨૧)*

હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ સુલહે હુદૈબિયાના મોક઼ા પર મુસલમાનોના તરફથી સફીર બનીને મક્કા મુકર્રમા તશરીફ લઈ ગયા તો મક્કાવાસીઓએ આપને કહ્યું કે આપ કા'બાના તવાફ કરી શકો છો, પરંતુ ગૈરતે ઉષ્માનીને એ માન્ય ન થયું કે તે એકલા તવાફ કરે. આપે સ્પષ્ટ શબ્દોમાં જણાવી આપ્યું કે એ અશક્ય છે કે હું હુઝૂર علیہ الصلوٰۃ والسلامથી પહેલાં કા'બાનો તવાફ કરું ! પ્રથમ હુઝૂર ﷺ તવાફ કરી લે ત્યારબાદ હું તવાફ કરી શકીશ.

જ્યારે હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ મક્કાથી પરત તશરીફ લાવ્યા તો અમુક સહાબાએ પૂછયું કે, ભાઈ ઉષ્માન ! તમે તો મક્કા મુકર્રમા ગયા હતા, તમે કા'બા શરીફનો તવાફ કરી લીધો હશે ! હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہએ જવાબ આપ્યો કે, ભાઈઓ ! તમે મારા પ્રત્યે બદ્ગુમાની કરી ! હું મક્કા મુકર્રમા જરૂર ગયો હતો. મક્કાના કુરૈશીઓએ મને તવાફ કરવાની દા'વત આપી હતી પણ મેં તેમને કહ્યું કે જ્યારે મારા આક઼ા મુસ્તફા જાને રહમત ﷺએ તવાફ નથી કર્યો તો હું કેવી રીતે કરું ?! જો હું એક વરસ

સુધી મક્કા મુકર્રમા રહેતો તો પણ હુઝૂર ﷺના વિના તવાફ ન કરતો. *(કિતાબુશ્શિફા, કાઝી અયાઝ, ૨/૮૭)*

હુઝૂર ﷺની તૌકીર તથા તા'ઝીમ જે રીતે આપની જાહેરી હયાતીમાં કરી હતી એ જ રીતે આપણી નજરોથી પર્દો કર્યા બાદ પણ વાજિબ તથા લાઝિમ છે. નામ નામી સાંભળ્યા બાદ દુરૂદો સલામ અર્ઝ કરવું, આપની હદીષ, સીરતનું વર્ણન, અહલે બયતે અત્હાર, સહાબાએ કિરામનો ઉલ્લેખ સાંભળતી વખતે અઝમત તથા અદબને પ્રદર્શિત કરવું વાજિબ તથા અનિવાર્ય છે.

ઈબ્રાહીમ નજીબી ફર્માવે છે કે દરેક મુસલમાન પર લાઝિમ છે કે જ્યારે આપનો ઝિક્ર કરે અથવા સાંભળે તો ખૂબ જ ખુશૂઅ તથા ખુઝૂઅ (દિલ લગાડી તલ્લીન થઈને) પ્રદર્શિત કરે અને પોતાની જાહેરી હરકતોમાં એ જ વાતો પ્રદર્શિત કરે જેવી રીતે હુઝૂર ﷺની જાહેરી હયાતમાં કરતા હતા.

અબૂ જઅફર મન્સૂર મદીના તયબહ આવ્યો અને મસ્જિદે નબવીમાં ઈમામ માલિક સાથે મુનાઝરાના અંદાઝમાં વાતચીત કરવા લાગ્યો. વાતચીત દરમ્યાન તેનો અવાજ મોટો થવા લાગ્યો તો ઈમામ માલિકે તેને ચેતવણી આપી અને કહ્યું કે મસ્જિદે નબવીમાં તમારો અવાજ ઊંચો ન કરો ! કેમ કે અલ્લાહ તઆલાએ અદબ શીખવાડતાં ફર્માવ્યું છે, તમારા અવાજોને નબી કરીમ ﷺના અવાજ પર બુલંદ ન કરો. અને હુઝૂર ﷺની બારગાહમાં અવાજો નીચા કરનારાઓના બારામાં ફર્માવ્યું, "તે લોકો જેઓ પોતાના અવાજોને બારગાહે રિસાલતમાં નીચા રાખે છે એમનાં દિલોને અલ્લાહ તઆલાએ પરહેઝગારી માટે ચૂંટી લીધાં છે." એ જ પ્રમાણે એવા લોકોની ટીકા કરી જેઓ બારગાહે નબવીના આદાબનો લેહાઝ રાખતા ન હતા. આયતે કરીમા છે : "તે લોકો જેઓ આપને દરવાજા બહાર પુકારે છે તેઓમાં મોટાભાગે સમજ નથી ધરાવતા." હે અબ્બાસી અમીર ! એ વાતને યાદ રાખ કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامનો એહતેરામ આજે પણ એ જ પ્રમાણે વાજિબ છે જેવી રીતે હુઝૂર ﷺની જાહેરી હયાતમાં હતો. ઈમામ માલિકની આ વાતો સાંભળીને મન્સૂર ચૂપ થઈ ગયો.

ખલીફા મન્સૂરે ઈમામ માલિક رحمۃ اللہ علیہને પૂછયું કે દુઆ કરતી વખતે

ખાનએ કા'બા તરફ મોઢું કરું કે મવાજહે શરીફ (હુઝૂરની ક઼બ્ર શરીફ) તરફ ?! (મન્સૂરના સવાલ પર ઈમામ માલિકે તે જવાબ આપ્યો જે અહલે મહબ્બત વ અક઼ીદતના માટે સરમાયએ બસીરત છે) આપે ફર્માવ્યું, હે અમીર ! તું હુઝૂર ﷺથી શા માટે મોઢું ફેરવે છે જ્યારે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام તારા માટે અને તારા જદ્દે આ'લા (દાદા) આદમ علیہ السلامના માટે ક઼યામતના દિવસે વસીલો છે. તું હુઝૂરની તરફ ધ્યાનિત થઈને તલબ કર અને તારી શફાઅતની માગણી કર, અને આપના વાસ્તા તથા વસીલાથી દુઆ કર, અલ્લાહ તઆલા ક઼બૂલિયત અતા ફર્માવશે.

ઈર્શાદે રબ્બાની છે :–

وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا اَنْفُسَهُمْ جَآؤُوْكَ فَاسْتَغْفَرُوا اللّٰهَ وَاسْتَغْفَرَ لَهُمُ الرَّسُوْلُ
لَوَجَدُوا اللّٰهَ تَوَّابًا رَّحِيْمًا

"અને તે લોકો જો પોતાની જાનો પર જુલ્મ કરે પછી હાજર થઈને બારગાહે રિસાલતમાં શર્મિંદગી પ્રદર્શિત કરે અને અલ્લાહથી મગફેરત તલબ કરે અને આપ પણ તેમની સિફારિશ ફર્માવો, તો તેઓ અલ્લાહને તૌબા ક઼બૂલ કરનાર પામશે." *(શિફા શરીફ, ક઼ાઝી અયાઝ, ઉન્દલુસી, ૨/૮૮)*

પણ અફસોસ ! જો આજે આશિક઼ાને મુસ્તફા ﷺ મદીના મુનવ્વરામાં સોનેરી જાળીઓની સામે પોતાના આક઼ા તથા મૌલા ﷺના મવાજએ અક઼દસ (ક઼બ્ર મુબારક)ની તરફ મોઢું કરીને સલામ પેશ કરે અથવા દુઆ કરે તો સઊદી મુતવ્વા "શિર્ક ! શિર્ક !" કહીને બળજબરીપૂર્વક ક઼બ્ર શરીફ તરફ પીઠ કરી આપે છે ! અફસોસ ! ક્યાં સહાબા તથા ઈમામોનો અદબ અને ક્યાં આ બેઅદબી ?! છેવટે એઓ આ ક઼ૌમને ક્યાં લઈ જવા ચાહે છે ? ક્યાંક તેઓ યહૂદી તથા નસરાની સાઝિશના શિકાર તો નથી ?! કેમ કે યહૂદી તથા નસારા ઈતિહાસના અભ્યાસથી એ નિર્ણય પર પહોંચ્યા કે મુસ્લિમ ક઼ૌમની કામયાબી તથા સફળતાનું રાઝ મુસ્તફા જાને રહમત ﷺના ઈશ્ક઼ તથા રિસાલત મઆબ ﷺની તા'ઝીમ છે. દુનિયા જેને સૈફુલ્લાહ કહીને પોકારે છે તે પોતાની કામયાબીનો ઝરીયો શક્તિ તથા યુદ્ધ કળાને સમજતા ન હતા બલ્કે હુઝૂર ﷺના મૂએ મુબારકને સમજતા હતા. એ જ કારણે યહૂદી તથા નસારાએ આ ઉમ્મતને નિષ્ફળતાના

ચુંગાલમાં ધકેલવાના માટે, ગરીબી તથા બેઈજ્જતીની કાંટાળી પગદંડીનો મુસાફિર બનાવવા માટે ઈશ્કે મુસ્તફા ﷺ તથા તા'ઝીમે રસૂલ ﷺછીનવાની ભરપૂર કોશિશ કરી જેથી આ કૌમ ઈશ્કે રસૂલ તથા તા'ઝીમે રસૂલ ﷺ વિના હરતી ફરતી બેરૂહ લાશ બની જાય અને એક મુર્દા કૌમની હૈસિયતથી ઝિલ્લતની વાદીઓ (બેઈજ્જતીની ઘાટીઓ)માં ભટકતી રહે અને પરિણામે એવા તત્વો મુસ્લિમ કૌમમાં છોડી આપ્યા જેમની રાત દિવસની કોશિશ તૌહીદના નામ પર તૌહીને રિસાલત કરવું અને કરાવવું છે. ડો. ઈક્બાલે એટલા માટે તો ઘણા જ દર્દની સાથે કહ્યું છે :–

**યહ ફાકાકશ જો મૌત સે ડરતા નહીં ઝરા**
**રૂહે મુહમ્મદ ઉસ્કે બદનસે નિકાલ દો**
**ફિક્રે અરબ કો દેકર ફિરંગી તખૈયુલાત**
**ઈસ્લામ કો હિજાઝો યમનસે નિકાલ દો**

## ★ મૌલા અલીને વારી તેરી નીંદ પર નમાઝ ! ★

એક દિવસ મકામે સહબામાં હુઝૂર ﷺએ ઝોહરની નમાઝ પઢીને હઝરત અલી رضی اللہ عنہને કામના માટે ક્યાંક મોકલી આપ્યા. હઝરત અલી رضی اللہ عنہ જ્યારે પરત આવ્યા તો હુઝૂર ﷺ અસ્રની નમાઝ પઢી ચૂક્યા હતા. હુઝૂર સરવરે આલમ ﷺએ પોતાનુ માથુ હઝરત અલી رضی اللہ عنہના ખોળામાં રાખ્યું અને સૂઈ ગયા. હઝરત અલી رضی اللہ عنہએ અસ્રની નમાઝ પઢી ન હતી. સમય જઈ રહ્યો હતો પણ હુઝૂર علیہ الصلوٰۃ والسلامના આરામનો ખયાલ કરીને હુઝૂર علیہ الصلوٰۃ والسلامને જગાડવાનું પસંદ ન કર્યું, ત્યાં સુધી કે સૂરજ ડૂબી ગયો. હુઝૂર ﷺ ઉઠયા તો ફર્માવ્યું, હે અલ્લાહ ! તારો બંદો અલી તારા નબીની ખાતર બેઠેલો રહ્યો, તું સૂરજને એના માટે પરત કરી આપ ! હુઝૂર ﷺનું આટલું જ કહેવું હતું કે સૂરજ ફરી નીકળી આવ્યો ત્યાં સુધી કે તેનો તડકો પહાડો તથા જમીન પર પડવા લાગ્યો. હઝરત અલી رضی اللہ عنہઉઠયા, વુઝૂ કર્યું અને અસ્રની નમાઝ પઢી. પછી સૂરજ અસ્ત થઈ ગયો.

*–(મોઅજમે કબીર, હુજ્જતુલ્લાહિ અલલ આલમીન, અશ્શિફા : કાઝી અયાઝ)*

વિચારો ! હુઝૂર સૈયદે આલમ ﷺ મૌલા અલી رضی اللہ عنہના ખોળામાં આરામ કરી રહ્યા છે. મૌલા અલી رضی اللہ عنہને નમાઝ પઢવી છે. સમય વિદાય થઈ રહ્યો છે પણ મૌલાએ કાઈનાત અલીએ મુર્તઝા رضی اللہ عنہ હુઝૂર ﷺને જગાડવામાં આક઼ાએ કરીમ ﷺની બેઅદબી સમજે છે. એ જ અસમંજસમાં હતા કે એક તરફ અસ્રની નમાઝ છે જેને નિશ્ચિત સમયમાં અદા કરવી ફર્ઝ છે અને બીજી તરફ એનાથી પણ અધિક મહત્વની ચીજ રસૂલુલ્લાહ ﷺની તા'ઝીમ તથા અદબ છે ! છેવટે એ જ વિચારમાં પોતાની નમાઝ હુઝૂર ﷺની નીંદ પર કુર્બાન કરી આપી.

આ તો નમાઝ હતી જે મૌલાએ કાઈનાત અલીએ મુર્તઝા رضی اللہ عنہએ હુઝૂર ﷺની નીંદ પર કુર્બાન કરી આપી બલ્કે સહાબા જાન પણ આપની નીંદ પર કુર્બાન કરી આપતા ! જેમ કે યારે ગાર સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہએ હુઝૂર ﷺ પર પોતાની જાન કુર્બાન કરી કરી આપી.

### ★ સિદ્દીક઼ બલ્કે ગારમેં જાં ઉનપે દે ચૂકે ★

હઝરત સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہ (હિજરતની રાતે) જ્યારે હુઝૂર ﷺની સાથે (ગારે ષૌર) ગુફા સુધી પહોંચ્યા તો હુઝૂર ﷺને અર્ઝ કરી કે હુઝૂર ! ગુફામાં પ્રથમ આપ તશરીફ ન લઈ જાવ પણ હું જાઉં છું જેથી એમાં કોઈ ચીજ (મૂઝી જાનવર વગેરે) હોય તો તેની તકલીફ મને પહોંચે, આપને ન પહોંચે. જ્યારે સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہ ગુફામાં પ્રવેશ્યા તો એમાં કેટલાયે કાણાં જોવા મળ્યાં. આપે પોતાની ચાદર ફાડી ફાડીને તે દરોને બંધ કરી આપ્યા પણ બે દર બાકી રહી ગયાં તો એના પર પોતાના પગો રાખી દીધા. પછી હુઝૂર ﷺને અર્ઝ કરી કે તશરીફ લઈ આવે. હુઝૂર علیہ الصلوٰۃ والسلام આવીને પોતાનુ સરે અન્વર સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہની ગોદમાં રાખીને આરામ કરવા લાગ્યા. એટલામાં સિદ્દીક઼ના પગોમાં સાપે ડંખ માર્યો. સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہને તકલીફ થઈ પણ હાલતા ન હતા કે ક્યાંક હુઝૂર ﷺની નીંદમાં ખલેલ ન પડે. ત્યાં સુધી કે સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہનાં આંસૂ હુઝૂર ﷺના ચહેરા મુબારક પર પડયાં, હુઝૂર ﷺએ કારણ પૂછયું તો અર્ઝ કરી, હુઝૂર ! મારાં મા બાપ આપના પર કુર્બાન ! મને સાપે દંશી લીધો

છે ! હુઝૂર عليه الصلوة والسلام એ દંશની જગાએ પોતાનુ થૂક મુબારક લગાડયું તો સિદ્દીકે અકબર رضی اللہ عنہ ની સર્વ તકલીફ દૂર થઈ ગઈ.

*–(મિશ્કાત શરીફ, પેજ : ૫૨૭)*

મહબ્બતે રસૂલ ﷺ માં હઝરત મૌલા અલી رضی اللہ عنہ એ નમાઝ તથા સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہ એ જાન કુર્બાન કરી. જેને ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત رضی اللہ عنہ આ પ્રમાણે વર્ણવે છે :–

**મૌલા અલીને વારી તેરી નીંદ પર નમાઝ**
**ઔર વો અસર સબસે જો આ'લા ખતર કી હૈ**

**સિદ્દીક બલ્કે ગારમેં જાન ઉસપે દે ચુકે**
**ઔર હિફ્ઝે જાં તો જાન ફિરોઝે ગરર કી હૈ**

**હાં તૂને ઉન્હેં જાન, ઉન્હેં ફેર દી નમાઝ**
**પર વો તો કર ચુકે થે જો કરની બશર કી હૈ**

**ષાબિત હુવા જુમ્લા ફરાઈઝ ફુરૂઅ હૈં**
**અસ્લલ ઉસૂલ બંદગી ઉસ તાજવર કી હૈ**

## ★ મૂએ મુબારક અને હઝરત ખાલિદ બિન વલીદ ★

સૈફુલ્લાહ હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ ની ટોપીમાં હુઝૂર ﷺ ના બાલ મુબારક હતા. કોઈ જેહાદમાં આકસ્મિક રીતે એ ટોપી પડી ગઈ. એને ઉઠાવવાની જનાબ ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ એ ઘણી કોશિશ કરી અને એના લીધે અમુક સહાબી પણ શહીદ થઈ ગયા. બાદમાં લોકોએ જ્યારે એમને શિકાયત કરી અને એ ટોપીના બારામાં માલૂમ કર્યું તો હઝરત ખાલિદ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે એનું આમ તો કોઈ મહત્વ નથી પરંતુ એ ટોપીમાં અણમોલ નેઅમત સરવરે આલમ ﷺ ના મૂએ મુબારક હતા. અને તેને પ્રાપ્ત કરવાના અંદર બે બાબતો છુપાયેલી છે, એક તો એ કે એ ટોપી કાફિરો તથા મુશ્રિકોના હાથ ન લાગી જાય, અને બીજો હેતુ એ કે હું એ મૂએ મુબારકની બરકતોથી મહેરૂમ ન થઈ જાઉં. *(શિફા શરીફ, ૨/૧૧૦)*

## ★ વિના વુઝૂએ કમાનને ન સ્પર્શવું ★

અહમદ બિન ફઝલુવિયહ ઝાહિદ પોતાના સમયના નિષ્ણાત તીરંદાઝ

હતા. તે ફર્માવતા હતા કે મેં એ કમાનને કદી વુઝૂ વિના હાથ નથી લગાડયો જે નબી ﷺના હાથ મુબારકમાં રહી હતી. *(શિફા શરીફ, ૨/૧૧૦)*

આશ્ચર્યની વાત છે કે સહાબાએ કિરામ હઝરાત رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ સર્વ ચીજો પર રસૂલે પાક ﷺની અદબ તથા તા'ઝીમને અગ્રતા આપતા હતા, પણ આજે એક તબકો તા'ઝીમે રિસાલત મઆબ ﷺથી બેઝારી પ્રદર્શિત કરે છે, ઉપરથી એ કે તેને પોતાના બાતિલ ગુમાનમાં તૌહીદનું નામ જોડે છે ! જ્યારે સહાબાનો માર્ગ જ નજાતનો માર્ગ છે, તો પછી યકીનન ! તા'ઝીમે મુસ્તફા ﷺથી બેઝારી (બેપરવાઈ) નિફાક છે, કેમ કે કુર્આને મક્દસમાં અલ્લાહ તઆલા મુનાફિકોની નિશાની વર્ણવતાં સ્પષ્ટપણે ફર્માવે છે :–

وَاِذَا قِیْلَ لَھُمْ تَعَالَوْا اِلٰی مَآ اَنْزَلَ اللّٰہُ وَاِلَی الرَّسُوْلِ رَاَیْتَ الْمُنٰفِقِیْنَ یَصُدُّوْنَ عَنْکَ صُدُوْدًا ۰

"અને જ્યારે એમને કહેવામાં આવે કે અલ્લાહની ઉતારેલી કિતાબ તથા રસૂલની તરફ આવો, તો તમે જોશો કે મુનાફિક તારાથી મોઢું ફેરવીને ફરી જાય છે." *(સૂરએ નિસાઅ, પારા : ૫, આયત : ૬૧)*

એટલે કે મુનાફિકોને નમાઝ, રોઝા, હજ્જ તથા ઝકાત, ઈબાદતોની તરફ બોલાવો તો થાકેલા હારેલા જ ભલે પણ આવે છે, પણ જ્યારે રસૂલુલ્લાહ ﷺની તરફ બોલાવો તો કતરાય છે અને મોઢુ ફેરવી જાય છે. અને એટલા થી જ બસ નહીં બલ્કે એવું કરીને અલ્લાહ عَزَّوَجَلَّ તથા તેના પ્યારા રસૂલ ﷺને ઈજા પહોંચાડવાના બદ્તરીન જુર્મનો શિકાર બને છે. અને જે લોકો અલ્લાહ جَلَّ جَلَالُہٗ તથા તેના પ્યારા રસૂલ ﷺને ઈજા પહોંચાડે તેમનો અંજામ કુર્આને મુકદસની આયતોથી જુઓ.

وَالَّذِیْنَ یُؤْذُوْنَ رَسُوْلَ اللّٰہِ لَھُمْ عَذَابٌ اَلِیْمٌ ۰ "અને જેઓ રસૂલુલ્લાહને ઈજા આપે છે તેમના માટે દર્દનાક અઝાબ છે." *(સૂરએ તૌબા, પારા : ૧૦, આયત : ૬૧)*

اِنَّ الَّذِیْنَ یُؤْذُوْنَ اللّٰہَ وَرَسُوْلَہٗ لَعَنَھُمُ اللّٰہُ فِی الدُّنْیَا وَالْاٰخِرَۃِ وَاَعَدَّ لَھُمْ عَذَابًا مُّھِیْنًا

"બેશક ! જેઓ ઈજા આપે છે અલ્લાહ અને તેના રસૂલને તેમના પર

લઅનત છે દુનિયા તથા આખેરતમાં અને અલ્લાહે તેમના માટે બેઈજ્જતીનો અઝાબ તૈયાર કરી રાખ્યો છે." *(સૂરએ અહઝાબ, પારા : ૨૨, આયત : ૭૫)*

હવે આવો ! એ લોકોનો અંજામ પણ હાથેલગો જાણી લઈએ જેમણે સૈયદુલ અંબિયા ﷺની મુક઼દસ બારગાહમાં તૌહીન કરી અને બર્બાદીનો શિકાર બન્યા, જેથી આપણે એ હલાકતથી આપણને પોતાને બચાવી શકીએ.

### ★ સૈયદે આલમ ﷺના ગુસ્તાખોનો અંજામ ★

હુઝૂર રહમતે આલમ ﷺને અલ્લાહ તઆલાએ નબુવ્વતનું એલાન કરવાનો હુકમ આપ્યો તો આક઼ાએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ પોતાની ક઼ૌમને ભેગી કરી અને ઈર્શાદ ફર્માવ્યો, "હે લોકો ! જો હું તમને કહું કે એક ઘણુ જ મોટુ લશ્કર હુમ્લો કરનાર છે, તો શું તમે લોકો માની લેશો ? સૌએ એક જીભે કહ્યું કેમ નહીં ! કે તમે કદી જૂઠુ નથી બોલ્યા. આક઼ા ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, આ તમારી આજમાઈશ માટે હતું. વાત એમ છે કે હું અલ્લાહનો રસૂલ છું, અલ્લાહ એક છે, એના સિવાય કોઈ ઈબાદત (પૂજા)ને લાયક નથી. આ સાંભળીને અબૂ લહબ જે હુઝૂર ﷺનો સગો કાકો હતો તે ઉઠીને ઉભો થઈ ગયો અને બોલ્યો, મુહમ્મદ ! (ﷺ) તબાહ થઈ જા ! અને તારા હાથ તૂટી જાય ! અબૂ લહબનું આ ગુસ્તાખી કરવું હતું કે અલ્લાહ તઆલાએ એ જ શબ્દો વડે એનો જવાબ આપ્યો અને કુર્આન મુક઼દસમાં ઈર્શાદ થયો :–

تَبَّتْ یَدَآ اَبِیْ لَهَبٍ وَّتَبَّ ○ مَآ اَغْنٰی عَنْهُ مَالُهٗ وَمَا كَسَبَ ○ سَیَصْلٰی نَارًا ذَاتَ لَهَبٍ

"તબાહ થઈ જાય અબૂ લહબના બંનેવ હાથ ! અને તે તબાહ થઈ જ ગયો. તેને કાંઈ કામ ન આવ્યો તેનો માલ અને ન જે કમાયો. હવે ધસે છે લપેટ મારતી આગમાં." *(સૂરએ લહબ, પારા : ૩૦, આયત : ૧ થી ૩)*

### ★ ગુસ્તાખે રસૂલ અબૂ લહબનો ઈબ્રતનાક અંજામ ★

જ્યારે આક઼ાએ કરીમ ﷺએ હિજરત કરી તો હિજરત પછી પણ મક્કાવાસીઓએ આક઼ાએ કરીમ علیہ الصلوٰۃ والسلام તથા આપના સહાબાને

સતાવવામાં કોઈ કસર બાકી ન રાખી. પરિણામે જંગે બદરની લડાઈ પેશ આવી. અબૂ લહબની હલાકત (બર્બાદી)ની ખબર કુર્આન બયાન કરી ચૂક્યું હતું જેનાથી અબૂ લહબ ભયભીત ગભરાયેલો રહેતો હતો. એ જ ડરના કારણે અબૂ લહબે જંગે બદરમાં ભાગ ન લીધો. જંગે બદર પછી અબૂ લહબ સાત દિવસ સુધી જીવતો રહ્યો. તે અદષાની બીમારીમાં પકડાયો. આ બીમારીમાં પ્લેગની જેમ પૂરા શરીરમાં ગાંઠો નીકળી આવે છે અને તે એક પ્રકારનું ફોડકુ હોય છે. શરીરે ફોડકાંની તકલીફના કારણે તે એ જ બીમારીમાં મૃત્યુ પામ્યો. તેના શરીરેથી સખત દુર્ગંધ આવી રહી હતી. ત્રણ દિવસ સુધી લાશ પડી રહી. મક્કાના લોકો એની લાશની નજીક આવતા ન હતા, ત્યાં સુધી કે તેના પુત્રો પણ એ સખત દુર્ગંધથી દૂર ભાગતા હતા. કુરૈશના એક શખ્સે તેના પુત્રોને કહ્યું, તમને શરમ નથી આવતી કે તમારા ઘરમાં તમારા બાપની લાશ સડી રહી છે અને તેનાથી દુર્ગંધ ફેલાઈ રહી છે છતાં તમે તેને દફન નથી કરતા ! તેમણે કહ્યું, અમે તેને હાથ લગાડતાં ડરીએ છીએ કે ક્યાંક એની બીમારી અમને ન લાગી જાય ! તે શખ્સે કહ્યું, એને દફન કરો હું તમારી મદદ કરીશ. ઈમામ અબૂ રાફેઅ ફર્માવે છે, અલ્લાહની કસમ ! અબૂ લહબને ગુસ્લ પણ નથી આપવામાં આવ્યું અને મક્કાની ઊંચી જગ્યાએથી તેને એક દિવાલની સાથે ફેંકી દેવામાં આવ્યો અને એની ઉપર પથ્થર નાખી દેવામાં આવ્યા.

*–(અલ્ બિદાયહ વન્નિહાયહ, ભાગ : ૩, તફસીરે કબીર, ભાગ : ૨)*

## ★ બીજા ગુસ્તાખ વલીદ બિન મુગીરહનો અંજામ ! ★

આ તે શખ્સ છે જેની ગણના મક્કાના સરદારોમાં થતી હતી. હુઝૂર ﷺએ જ્યારે એલાને નબુવ્વત કર્યું તો એ વખતે તેણે આકાએ કરીમ علیہ الصلوٰۃ والسلامની શાનમાં ગુસ્તાખી કરતાં કહ્યું, અલ્લાહને તમે જ મળ્યા હતા નબુવ્વતના માટે ?! (મઆઝલ્લાહ !) આપ તો ગરીબ તથા મજનૂન છે. તે શખ્સે આકાએ કરીમ ﷺને મજનૂન કહ્યા તો અલ્લાહ તઆલાએ કુર્આને મુકદ્દસમાં તેની દસ અયબોને ગણાવી અને છેવટમાં ત્યાં સુધી ફર્માવ્યું, એ ઝાનિયાનો પુત્ર છે, હરામના નુત્ફાનો છે. જેનું કુર્આને મુકદ્દસમાં આ પ્રમાણે વર્ણન છે :–

وَلَا تُطِعْ كُلَّ حَلَّافٍ مَّهِيْنٍ ۝ هَمَّازٍ مَّشَّاءٍ بِنَمِيْمٍ ۝

مَنَّاعٍ لِّلْخَيْرِ مُعْتَدٍ اَثِيْمٍ ۝ عُتُلٍّ بَعْدَ ذٰلِكَ زَنِيْمٍ ۝

"અને દરેક એવાની વાત ન સાંભળશો જે ઘણો કસમો ખાનાર, ઝલીલ, ખૂબ જ ટોણા આપનાર, ખૂબ જ આમથી તેમની લગાડતો ફરનાર, ભલાઈથી ઘણો રોકનાર, હદથી વધનારો, ગુનેહગાર, ક્રોધી સ્વભાવનો, એ સૌથી વધીને એ કે તેની અસલમાં ખતા ! (એટલે હરામના નુત્ફાથી પેદા થનાર)." *(પારા : ૨૯, સૂરએ કલમ, આયત : ૮ થી ૧૩)*

સદરુલ્ અફાઝિલ, ફખ્રુલ અમાષિલ, અલ્લામા સૈયદ નઈમુદીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ આ આયતની તફસીરમાં લખે છે : જ્યારે આ આયત નાઝિલ થઈ કે, "એની અસલમાં ખતા છે અને તે હરામના નુત્ફાની ઔલાદ છે" તો પોતાની માની પાસે દોડતો દોડતો આવ્યો અને તલ્વાર કાઢીને કહેવા લાગ્યો, મુહમ્મદ صلی اللہ علیہ وسلم એ મારા વિશે દસ વાતો વર્ણવી છે, નવને તો હું જાણુ છું પરંતુ દસમી વાત "અસલમાં ખતા હોવાની" એનો હાલ મને માલૂમ નથી. સાચે સાચુ બતાવ, નહીં તો તારી ડોક ઉડાવી દઈશ ! એના પર એની માએ કહ્યું, તારો બાપ નામર્દ હતો, મને અંદેશો થયો કે તે મરી જશે તો તેનો માલ ગૈર લોકો લઈ જશે જેથી મેં એક ચરવાહા (ભરવાડ)ને બોલાવી લીધો, અને તું તેનાથી છે. *(તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન)*

કુર્આને મુકદ્દસની આ આયતોથી એ લોકોએ સબક ગ્રહણ કરવો જોઈએ કે જ્યારે અહલે હક્ક ઉલમાએ એહલે સુન્નત ગુસ્તાખાને રસૂલની બદ્અકીદગી દેખાડીને હક્કની તરફ બોલાવે છે તો કેટલાક લોકો એવું પણ કહે છે કે શા માટે આની તેની ગીબત કરો છો ?! આપણી આપણી વાત કરો ! જો ગુસ્તાખે રસૂલના અમલો વર્ણન કરવા ગીબત હોત તો અલ્લાહ તઆલા પોતાની પવિત્ર કિતાબમાં બેઅદબ ગુસ્તાખ કૌમોના હાલાત તથા અબૂ લહબનું નામ લઈને તેનો અંજામ અને વલીદ બિન મુગીરહ જેવા બેઅદબની બુરાઈઓ શા માટે વર્ણવતો ?! કુર્આનની આ પવિત્ર આયતે મુબારકા પયગામ આપી રહી છે કે જે પણ અંબિયાએ

કિરામની શાનમાં તૌહીન કરે તેના અયબો ગણાવવામાં આવે અને તેની બુરાઈઓને લોકો સમક્ષ વર્ણવવામાં આવે, જેથી ક઼ૌમ તેની ખરાબીથી અને તેની બદ્અક઼ીદગીથી મહેફૂઝ રહી શકે અને પોતે પોતાને દુનિયા તથા આખેરતની તબાહીથી બચાવે.

અધિક બોધ માટે અહીં બુખારી શરીફની એક હદીષે પાક રજૂ કરવામાં આવે છે જેથી આપણા વાંચકો ગુસ્તાખે રસૂલનો અંજામ વાંચીને પોતાના જીભ તથા ક઼લમને તૌહીને રિસાલતથી બચાવી શકે.

### ★ ગસ્તાખે રસૂલે ક઼બ્ર પણ ન સ્વીકાર્યો ! ★

હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે : "એક નસરાની (ઈસાઈ) મુસલમાન થઈ ગયો અને તેણે સૂરએ બક઼રહ અને સૂરએ આલે ઈમ્રાન પઢી લીધી. પછી તે નબી કરીમ صلی اللہ علیہ وسلم ની ખિદમતમાં વહીની કિતાબત (લખાણ) કરવા લાગ્યો, અને ત્યારબાદ તે ફરી નસરાની થઈ ગયો અને કહેતો કે મુહમ્મદ (صلی اللہ علیہ وسلم) તો એટલું જ જાણે છે જે મેં લખી આપ્યું છે. પછી અલ્લાહ તઆલાએ તેને મૌત આપ્યું અને લોકોએ તેને દાટી દીધો. પરંતુ બીજી સવારે તેની લાશ જમીન પર બહાર પડેલી જોયી. અને તે કહેવા લાગ્યા, આ મુહમ્મદ તથા તેમના સાથીઓએ કર્યું હશે, કેમ કે તે એમની પાસેથી ભાગીને આવ્યો હતો. એટલા માટે અમારા સાથીની ક઼બ્ર ખોદી નાખી. બીજીવાર એના માટે તેમણે અધિક ઊંડી ક઼બ્ર ખોદી, પણ બીજી સવારે તે ફરી જમીન પર પડેલો હતો ! કહેવા લાગ્યા, આ મુહમ્મદ તથા તેમના સાથીઓનું કામ છે, કેમ કે એ એમની પાસેથી ભાગીને આવ્યો હતો, જેથી અમારા સાથીની ક઼બ્ર ખોદી નાખી. ત્રીજીવાર તેમણે એના માટે શક્ય એટલી ઊંડી ક઼બ્ર ખોદી, પરંતુ આગલી સવારે તેને જમીન પર પડેલો જોયો. હવે તેઓ સમજી ગયા કે એની સાથે આ વર્તાવ લોકોના તરફથી નથી ! જેથી તેને પડી રહેવા દીધો." *(બુખારી શરીફ, કિતાબુલ અંબિયા, ૨/૩૪૬, હદીષ : ૮૨૨)*

આજે અમુક ફિર્ક઼ાઓએ તૌહીદના નામ પર આક઼ાએ કરીમ علیہ الصلوٰۃ والسلام ની તૌહીન તથા બેઅદબીને પોતાનું મિશન બનાવી લીધું છે

અને દરેક તે ચીજ જેનો સંબંધ નબી કરીમ ﷺની જાત સાથે હોય અથવા બુઝુર્ગાને દીન સાથે હોય તેની બેઅદબી કરાવવામાં આવે છે અને કરવામાં પણ આવે છે, બલ્કે એવું કહું તો ગલત ન થશે કે બેઅદબીની જ તબ્લીગ તૌહીદના નામ પર કરવામાં આવે છે. અલ્અયાઝુ બિલ્લાહ !

મોહતરમ વાંચકો ! આપે પાછલા પૃષ્ઠોમાં એ કૌમોનો ઉલ્લેખ વાંચ્યો અને કુર્આન મુકદ્દસની રોશનીમાં એ ઉઘાડા દિવસની જેમ જાહેર થઈ ગયું કે જ્યારે કૌમોએ અંબિયાએ કિરામની મજાક ઉડાડી અને તેમની બેઅદબી કરી, તેમને "પોતાના જેવા બશર(માનવ)" મજનૂન (પાગલ) હોવાનો ટોણો માર્યો, તો અલ્લાહ તઆલાએ તે જાલિમ કૌમોને અઝાબમાં ગિરફતાર કરી દીધી. તમે એવું વિચારતા હશો કે આજે અંબિયાએ કિરામની અને ખાસ કરીને નબીઉલ અંબિયા, મહબૂબે રબ્બુલ આલમીન, મુખ્તારે કાઈનાત, મુસ્તફા જાને રહમત ﷺની તૌહીન નથી થઈ રહી ! જો તમે એવો ખયાલ કરતા હોવ તો તમારો ખયાલ દુરુસ્ત નથી, બલ્કે આપને એ જાણીને આશ્ચર્ય થશે કે પાછલા નબીઓની કૌમોએ જે નબીઓનો મજાક ઉડાડયો અને તૌહીન કરી તે લોકો એમનો કલ્મો પઢનારા ન હતા ! પણ અફસોસ ! સેંકડો અફસોસ ! કે આજે ઘણા બધા ફિર્કા કલમો પઢવા છતાં અલ્લાહના પ્યારા રસૂલ ﷺની તૌહીન તથા ગુસ્તાખી એવી દિલેરીની સાથે કરે છે અને સ્વકલ્પિત તૌહીદના નામ પર આકાએ કરીમ ﷺના બેઅદબ તથા ગુસ્તાખ બનાવે છે, ત્યાં સુધી કે કુર્આન મુકદ્દસના તર્જુમાના નામ પર પણ ગલત તર્જુમા કરીને પોતાને પણ તૌહીને રિસાલતમાં સપડાવે છે અને કૌમને પણ ગુસ્તાખ બનાવીને કૌમને તબાહીના કીચડમાં ગુંચવી રહેલ છે. અમો નીચેના લખાણમાં અમુક કિતાબોના હવાલા સાથે કેટલાંક લખાણો નકલ કરીએ છીએ જેથી વાંચકો ખૂદ મહેસૂસ કરી શકે કે શું કોઈ કલમો પઢનાર પોતાના નબીની શાનમાં આવાં વાકયો લખી શકે છે ?!

## ★ શયતાન તથા મલકુલ મૌતનો ઈલ્મ હુઝૂર ﷺના ઈલ્મથી વધુ ! ★

★ *"સારાંશ કે વિચાર કરવો જોઈએ કે શૈતાન તથા મલકુલ મૌતનો હાલ જોઈને જમીનને ઘેરતો ઈલ્મ ફખ્રે આલમ (રસૂલુલ્લાહ ﷺ) કતઈ નસોની વિરુદ્ધ વિના દલીલે કેવળ ફાસિદ કયાસોથી સાબિત કરવું શિર્ક નથી તો કયો ઈમાનનો હિસ્સો છે ?! શૈતાન અને મલકુલ મૌતને આ વિશાળતા નસ (કુર્આન)થી સાબિત થઈ, ફખ્રે આલમની ઈલ્મી વિશાળતાની કઈ નસ્સે કતઈ છે કે જેનાથી તમામ નસોને રદ કરીને એક શિર્ક સાબિત કરે છે." (બરાહીને કાતિઆ, પેજ : ૧૨૨, દારુલ કિતાબ, દેવબંદ, ખયલી અહમદ અંબેઠવી)*

મુસલમાનો ! ખુદાને ખાતર વિચાર કરો કે આજ સુધી દુનિયામાં કોઈ એવો હશે જેણે શૈતાનની પ્રશંસા કરી હોય ! પણ દેવબંદના મોલ્વી ખલીલ અહમદ અંબેઠવી, રસૂલુલ્લાહ ﷺના ઈલ્મે પાકને નસની વિરુદ્ધ (એટલે કુર્આની આયતોની વિરુદ્ધ) બતાવીને શિર્કનો ફત્વો લગાડી રહ્યા છે અને શૈતાન તથા મલકુલ મૌતના ઈલ્મને હુઝૂર ﷺના ઈલ્મે પાકથી અધિક બતાવી રહેલ છે, અને તે પણ કુર્આની આયતોથી દાવો ! પણ હેરતની વાત છે કે તેમણે શૈતાન તથા મલકુલ મૌતના ઈલ્મ પર કોઈ આયત રજૂ નથી કરી ! કેવળ અંધારામાં તીર ચલાવ્યું છે ! અને હુઝૂર ﷺના ઈલ્મ પર કોઈ આયત એમને નજર ન આવી ! હવે આવો ! કુર્આને મકદસની રોશનીમાં રસૂલુલ્લાહ ﷺના ઈલ્મ પર નસો (કુર્આની દલીલો) જોઈ લો :–

અલ્લાહ તઆલાએ પોતાના પ્યારા મહબૂબ ﷺને ઈલ્મી વિશાળતા અતા કરી અને તમામ અવ્વલીન તથા આખરીનનો ઈલ્મ અતા ફર્માવ્યો છે. ઈર્શાદ ફર્માવે છે :–

**وَعَلَّمَكَ مَا لَمْ تَكُنْ تَعْلَمُ وَكَانَ فَضْلُ اللّٰهِ عَلَيْكَ عَظِيْمًا** ○ "અને તમને શીખવી આપ્યું જે કાંઈ તમે ન જાણતા હતા, અને અલ્લાહનો તમારા પર મહાન ફઝ્લ છે." *(સૂરએ નિસાઅ, પારા : ૫, આયત : ૧૧૩)*

الرَّحۡمٰنُoعَلَّمَ الۡقُرۡاٰنَoخَلَقَ الۡاِنۡسَانَ oعَلَّمَهُ الۡبَيَانَo "રહમાને પોતાના મહબૂબને કુર્આન શીખવાડયું, ઈન્સાનિયતની જાન મુહમ્મદ (علیہ الصلوٰۃ والسلام)ને પેદા કર્યા. મા કાન વમા યકૂન (ભૂત, વર્તમાન, ભાવિ)નું વર્ણન તેમને શીખવ્યું." *(સૂરએ રહમાન, પારા : ૨૭, આયત : ૧ થી ૪)*

લખાણ લંબાવવું નથી નહીં તો અધિક આયતો તથા સહીહ હદીષો રજૂ કરી શકાય છે. વિગતવાર જાણવા માટે ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત ઈમામ અહમદરઝાખાં મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہની ઈલ્મે રસૂલ પર વિશ્વવિખ્યાત કિતાબ "અદવલતુલ મક્કિયા"નો અભ્યાસ કરો. *(ગુજરાતીમાં "ઈલ્મે ગયબ કુર્આનની રોશનીમાં" કિતાબ મંગાવો. –પ્રકાશક)*

## ★ નમાઝમાં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمનો ખયાલ આવવો ! ★

✪ *"ઝિનાના વસવસા કરતાં પોતાની પત્નીની સાથે સંભોગનો ખયાલ બેહતર છે. અને શયખ અથવા એના જેવા અન્ય બુઝુર્ગોની તરફ, ચાહે જનાબ રિસાલત મઆબ જ હોય પોતાની હિંમત (ધ્યાન)ને લગાડી દેવું, પોતાના બળદ તથા ગધેડાની સૂરતમાં (ખયાલમાં) ડૂબી જવા કરતાં બુરુ છે. કેમ કે શયખનો ખયાલ તો તા'ઝીમ અને બુઝુર્ગી સાથે ઈન્સાનના દિલમાં ચોંટી જાય છે અને બળદ તથા ગધેડાના ખયાલને ન તો એટલા પ્રમાણમાં પકડ હોય છે અને ન તા'ઝીમ, બલ્કે તુચ્છ તથા ઝલીલ હોય છે. અને ગૈરની આ તા'ઝીમ, બુઝુર્ગી જે નમાઝમાં બાકી હોય તે શિર્કની તરફ ખેંચીને લઈ જાય છે."*

*–(સિરાતે મુસ્તક઼ીમ, પેજ : ૧૪૮, મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી)*

મુસલમાનો ! અલ્લાહને ખાતર ઈન્સાફ કરો ! અને જરા વિચારો તો ખરા ! પાછલી ક઼ૌમોએ પણ અંબિયા علیہم السلامની તૌહીન કરી, પણ અફસોસ ! કલમો પઢયા બાદ પણ નામ માત્રના પેશવા કહેવાતા લોકો રસૂલ દુશ્મનીમાં કેટલી હદ સુધી નીચ થયા કે **નમાઝમાં હુઝૂર** علیہ الصلوٰۃ والسلام**ના મુબારક ખયાલ તથા તસવ્વુરને બળદ તથા ગધેડાના ખયાલ કરતાં બુરો બતાવ્યું** ! અને તેને શિર્કની તરફ ખેંચી જનાર અમલ ગણાવ્યો ! આશ્ચર્ય છે કે આટલુ બધુ લખવા છતાં પણ કુર્આન હદીષનો

કોઈ હવાલો ન લખ્યો. આ તૌહીનકર્તા વાકયો તથા લખાણોથી તેમણે પોતે કેટલી તરક્કી કરી અને કૌમને ઉચ્ચતાના કયા રાજમાર્ગો પર લઈ ગયા એ તો બતાવવાની જરૂરત નથી, ઉઘાડુ જ છે ! હાલાત ખૂદ એના માટે સાક્ષી છે અને મુસ્લિમ ઉમ્મત પાછલાં થોડાક વરસોમાં પડતીની કઈ ખાઈમાં પડી છે તેનો અનુભવ દરેક દૃષ્ટિવાન પોતાની નજરો વડે કરી શકે છે. આવો ! હવે સહાબીએ રસૂલની નમાઝ જુઓ ! :–

## ★ નમાઝમાં રસૂલનો ખયાલ અને સહાબા ★

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ રિવાયત કરે છે. પીરની સવારના સમયે મુસલમાન નમાઝ પઢી રહ્યા હતા અને અબૂબક્ર ઈમામત કરી રહ્યા હતા. એકાએક રસૂલુલ્લાહ ﷺ તેમની સમક્ષ આવી ગયા. સૈયદા આઈશા رضی اللہ عنہاનો હુજરાનો પર્દો ઉઠાવીને તેમને જોયા કે લોકો સફબંધ છે અને સ્મિત કર્યું. અબૂબક્ર પોતાની એડીઓના બળે પાછા હટયા અને સમજયા કે રસૂલુલ્લાહ ﷺ નમાઝના માટે આવવા ચાહે છે. મુસલમાનોએ વિચાર્યું કે નમાઝ તોડી દઈએ. જયારે લોકોએ અતિશય ખુશીપૂર્વક રસૂલુલ્લાહ ﷺને (નમાઝની હાલત દરમ્યાન) જોયા. આપ ﷺએ પોતાના હાથના ઈશારા વડે નમાઝ પૂર્ણ કરવા કહ્યું, પછી હુજરામાં ચાલ્યા ગયા અને આપ એ જ દિવસે વફાત પામ્યા.'' *(બુખારી શરીફ, અબ્વાબુત્તહજ્જુદ, હદીષ : ૧૧૨૭, પેજ : ૪૬૮)*

અબૂ મુઅમ્મર રિવાયત કરે છે કે અમે હઝરત ખબ્બાબને પૂછયું, શું રસૂલુલ્લાહ ﷺ ઝોહર તથા અસ્રમાં કાંઈ પઢતા હતા ? ખબ્બાબ બોલ્યા, હા ! અમે કહ્યું, તમને કેવી રીતે ખબર પડી ? ખબ્બાબે કહ્યું, આપની દાઢી હાલતી હતી. (એટલે કે સહાબાએ કિરામ નમાઝમાં પણ રસૂલે પાક ﷺના ચહેરાની તરફ નજર રાખતા હતા).

*–(બુખારી શરીફ કિતાબુલ અઝાન, હદીષ : ૭૦૭, ૧/૩૩૧)*

## ★ નમાઝની હાલતમાં રસૂલે પાક ﷺની તા'ઝીમ ★

સહલ બિન સઅદ સાઅદી رضی اللہ عنہ રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺ બની અમ્ર બિન ઔફને ત્યાં તશરીફ લઈ ગયા જેથી કરીને તેમના કોઈ ઝઘડાની સુલહ કરાવી આપે. એટલામાં નમાઝનો સમય થઈ ગયો.

મોઅઝ઼્ઝિન અબૂબક્રની પાસે આવ્યો અને કહ્યું કે આપ લોકોને નમાઝ પઢાવી દો તો હું ઈક઼ામત કહી દઉં. ફર્માવ્યું, હા ! અબૂબક્ર નમાઝ પઢાવવા લાગ્યા. એ જ અરસામાં રસૂલુલ્લાહ ﷺ તશરીફ લઈ આવ્યા અને લોકો નમાઝમાં હતા. પછી આપ عليه الصلوٰة والسلام સફોને ચીરીને પ્રથમ સફમાં તશરીફ લાવ્યા. લોકોએ તાળીના અવાજ વડે તેમને ધ્યાનિત કરવા ચાહ્યું પણ કેમ કે અબૂબક્ર નમાઝ દરમ્યાન આમતેમ જોતા ન હતા એટલા માટે ન ચોંક્યા. પણ લોકોએ ખૂબ જ જોરથી તાળીઓ વગાડી તો અબૂબક્ર ધ્યાનિત થયા અને રસૂલુલ્લાહ ﷺને જોયા. રસૂલુલ્લાહ ﷺએ ઈશારા વડે તેમને પોતાના સ્થાને ક઼ાયમ રહેવા કહ્યું. અબૂબક્રએ બંને હાથ ઉઠાવીને અલ્લાહ તઆલાનો શુક્ર અદા કર્યો કે રસૂલુલ્લાહ ﷺએ તેમને ઈક઼ામત ચાલુ રાખવા કહ્યું ! પછી તે પાછળ હટીને સફમાં મળી ગયા. રસૂલુલ્લાહ ﷺ આગળ વધ્યા અને નમાઝ પઢાવી. જ્યારે આપ ફારિગ થયા તો ફર્માવ્યું, અબૂબક્ર ! જ્યારે મેં તમને કહ્યું હતું તો તમે કેમ ન રોકાઈ રહ્યા ? અબૂબક્ર બોલ્યા, અબૂ કહાફાના બેટાની શું મજાલ કે રસૂલુલ્લાહ ﷺની આગળ નમાઝ પઢાવે ? *(બુખારી શરીફ, કિતાબુલ અઝાન, હદીષ : ૬૪૮, ૧/૩૧૧)*

લખાણ ટૂંકાવવાના હિસાબે અમે બુખારી શરીફ (કિતાબુલ્લાહ પછી સૌથી સહીહ કિતાબ)ની ત્રણ હદીષો પેશ કરી, નહીં તો હદીષની કિતાબો આ ઈશ્ક઼ની દાસ્તાનથી લબરેઝ છે. **જોયું તમે ! સહાબા તો નમાઝની હાલતમાં આક઼ા ﷺની તરફ ધ્યાનિત થઈ જાય, ત્યાં સુધી કે ક઼િબ્લાથી ફરી જાય, ચહેરા મુબારકના દીદારના ખાતર નમાઝ અટકાવી દે છતાં પણ તેમની નમાઝમાં કાંઈ ફરક નથી આવતો, બલ્કે આક઼ા عليه الصلوٰة والسلام તેમને નમાઝ સંપૂર્ણ કરવાનો હુકમ આપે છે અને સાથોસાથ જ ક઼બૂલિયતની સનદ પણ અતા ફર્માવે છે. હવે ફેંસલો તમો કરો કે દલીલ વિના ઝલીલ વહાબીઓનો મસ્લક સહીહ છે કે અહલે સુન્નતનો મસ્લકે ઈશ્ક઼ો મહબ્બત સહીહ છે જેના પર સહાબાએ પોતાની જિંદગીઓ પૂર્ણ કરી આપી.**

## ★ શું હુઝૂર ﷺના મા બાપ કાફિર છે ?! ★

✪ ***સવાલ*** *: આપણા હઝરત મુહમ્મદુર્રસૂલલ્લાહ ﷺના વાલિદૈન (મા બાપ) મુસલમાન હતાં કે નહીં ?*

***જવાબ*** *: હઝરત મુહમ્મદ ﷺનાં મા બાપના ઈમાનમાં મતભેદ છે. હઝરત ઈમામ સાહબનો મઝહબ એ છે કે તેમનો ઈન્તેકાલ કુફ્રની હાલતમાં થયો છે. ફક્ત. (ફતાવા રશીદિયહ, પેજ : ૧૦૪, જસીમ બુક ડેપો, મોલ્વી રશીદ અહમદ ગંગોહી)*

પ્રિય વાંચકો ! તે રસૂલે ગિરામી વક઼ાર જેમણે આખી કાઈનાતમાં ઈમાનનું નૂર ફેલાવી આપ્યું તેમના મુક઼દસ મા બાપ પર મોલ્વી રશીદ ગંગોહી દેવબંદીએ કુફ્રનો ફત્વો લગાડયો ! એના પર પણ કોઈ દલીલ કે કોઈ મોઅતબર કિતાબનો હવાલો ન આપ્યો, અને એ વાતની પણ કોઈ સનદ ન રજૂ કરી કે ઈમામ સાહબે પોતાનો આ મઝહબ કઈ કિતાબમાં વર્ણવ્યો છે ?!

અલ્લાહ પાક કુર્આને મુક઼દસમાં ઈર્શાદ ફર્માવે છે :–

**يَآ اَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْآ اِنَّمَا الْمُشْرِكُوْنَ نَجَسٌ** ''હે ઈમાનવાળાઓ ! મુશ્રિક નર્યા નાપાક છે.'' *(સૂરએ તૌબા, પારા : ૧૦, આયત : ૨૮)*

આક઼ાએ કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે હું હમેશાં પાક પુરૂષોની પીઠોથી પાક બીબીઓના પેટમાં તબદીલ થતો રહ્યો. *(ઝુર્કાની અલલ મવાહિબ, અબૂ નુઐમ અન ઈબ્ને અબ્બાસ)*

અહીં ટૂંકાણનો હેતુ છે જેથી વિગતવાર જાણકારી માટે ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની પુસ્તિકા ''હુઝૂર علیہ الصلوٰۃ والسلام કે વાલિદૈન કરીમૈન''નો અભ્યાસ કરશો.

ઉલમાએ હક્ક઼નો આ મસ્અલામાં મસ્લક એ છે કે હુઝૂર ﷺનાં મા બાપનો દામન શિર્ક તથા કુફ્રથી કદી દાગદાર નથી થયો. તેઓ આખુ જીવન પોતાના જદ્દે કરીમ હઝરત ઈબ્રાહીમ علیہ السلامના દીન પર અડગ રહ્યાં. અલ્લાહ તઆલાની વહદાનિયત અને ક઼યામતના દિવસ પર એમનું પુખ્તા યક઼ીન હતું.

હઝરત ઈમામ ફખ્રુદ્દીન રાઝી رحمۃ اللہ علیہનો એ જ મસ્લક છે. આપ લખે છે : ''બેશક ! અંબિયાએ કિરામના બાપદાદા કાફિર નથી હોતા, કેમ કે અલ્લાહ તઆલા ફર્માવે છે, મારી તે ઝાત છે જે આપને જુએ છે જ્યારે આપ ઉભા થાવ છો અને જ્યારે આપ સિજદા કરનારાઓની પેશાનીઓમાં તબદીલ થતા રહ્યા.'' એનો અર્થ એ છે કે હુઝૂર علیہ الصلوۃ والسلامનું નૂર એક સિજદો કરનારની પેશાનીથી બીજા સિજદો કરનારની પેશાનીમાં તબદીલ થતુ રહ્યું. એનાથી સ્પષ્ટ થયું કે મુહમ્મદ ﷺના સર્વ બાપદાદા મુસલમાન હતા. *(ઝિયાઉન્નબી ﷺ, ૨/૮૦)*

અલ્લામા જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ પોતાની કિતાબ ''મસાલિકુલ હુનફા''માં લખે છે કે આ દલીલ બે મુક઼દ્દમાઓ પર આધારિત છે. પ્રથમ મુક઼દ્દમો તો એ છે કે સહીહ હદીષોથી સાબિત છે કે નબી કરીમ ﷺના બાપદાદા હઝરત આદમ علیہ السلامથી લઈને હઝરત અબ્દુલ્લાહ સુધી પોતાના સમયના લોકોથી બહેતર તથા અફઝલ હતા. અને તેમના સમકાલિનોમાં કોઈ પણ એવો ન હતો જે એમના કરતાં બેહતર તથા અફઝલ હોય. *(ઝિયાઉન્નબી ﷺ, ૨/૮૧)*

ઈમામ અબૂ નુએમ અસ્ફહાનીએ કેટલીયે સનદો વડે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કર્યુ છે કે, નબી ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે અલ્લાહ તઆલા હમેશાંથી મને પાક પીઠોએ પાકીઝા ગર્ભોમાં તબદીલ કરતો રહ્યો. ગંદકીઓથી પાક કરીને દરેક ખરાબીથી પાક કરીને જ્યાં ક્યાંકથી બે શાખો ફૂટી ત્યાં અલ્લાહ તઆલાએ મને મુન્તક઼િલ કર્યો જે એ બંનેવમાં બેહતર હતી. *(દલાઈલુન્નબુવ્વત)*

ઈમામ તિર્મિઝીએ આ રિવાયતને પોતાની સુનનમાં અને ઈમામ બયહક઼ીએ હઝરત અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, બેશક ! અલ્લાહ તઆલાએ જ્યારે મને પેદા કર્યો તો મને બેહતરીન મખ્લૂક઼માં કર્યો. પછી જ્યારે ક઼બીલાઓને પેદા કર્યા તો મને સૌથી શ્રેષ્ઠ ક઼બીલામાં કર્યો. પછી જ્યારે નફ્સોને પેદા કર્યા તો મને એમનામાંથી કર્યો જેમના નફ્સો ખૂબ જ બેહતરીન હતાં. પછી જ્યારે ખાનદાનોમાં રાખ્યો તો હું એ સૌથી ખાનદાનના લેહાઝથી તથા નફ્સના લેહાઝથી બેહતર છું. *(જામેઅ તિર્મિઝી, બહવાલા ઝિયાઉન્નબી ﷺ, ૨/૮૩)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો, "હમેશાં અલ્લાહ તઆલા મને પાક સુથરી પીઠોમાં નક્લ કરતો રહ્યો. સાફ સુથરી સજજ જયારે બે શાખો પેદા થતી તો હું બેહતરીન શાખમાં હતો." એક રિવાયતમાં છે, હું હમેશાં પાક મર્દોની પીઠોએથી પાક બીવીઓનાં પેટોમાં તબદીલ થતો રહ્યો. એક રિવાયતમાં આ પ્રમાણે છે કે હમેશાં અલ્લાહ عزوجل મને કરમવાળી પીઠો તથા તહારત (પવિત્રતા)વાળાં પેટોમાં બદલતો રહ્યો, ત્યાં સુધી કે મને મારાં માબાપથી પેદા કર્યો. *(જામિઉલ અહાદીષ, ૪/૩૮૫)*

## ★ હુઝૂર ﷺ નો ઈલ્મ બાળકો, જાનવરો તથા પાગલો બરાબર ?! ★

✪ *"એ ગયબથી મુરાદ અમુક ગયબ છે કે કુલ ગયબ ? જો અમુક ગયબના ઈલ્મો મુરાદ છે તો* ***એમાં હુઝૂર ﷺ ની જ શું વિશિષ્ટતા છે ? એવો ઈલ્મે ગયબ તો ઝયદ તથા  અમ્ર બલ્કે દરેક બાળક તથા પાગલ બલ્કે સર્વ જાનવરો તથા ચોપગાંઓના માટે પણ હાંસલ છે."*** *(હિફઝુલ ઈમાન, પેજ : ૧૫, દારુલ કિતાબ દેવબંદ, મોલ્વી અશ્રફઅલી થાનવી)*

હે આશિકાને મુસ્તફા ! ﷺ શું લખાણ વાંચીને તમારું ઈમાન ન ધ્રુજ્યું કે મોલ્વી અશરફઅલી થાનવીએ મુઅલ્લિમે કાઈનાત હુઝૂર ﷺ ના ઈલ્મને બાળકો, પાગલો, તથા ચોપગાં જાનવરોના બરાબર બતાવ્યો ! શું આ ગુસ્તાખી નથી ?! હવે તમે જ જુઓ કે હક્ક તઆલા શું કહે છે.

અલ્લાહે પોતાના મહબૂબ ﷺ ને માકાન વમા યકૂન (ભૂત, વર્તમાન, ભાવિ)નો ઈલ્મ અતા ફર્માવ્યો અને ઈલ્મે ગયબ વડે નવાઝયા ઈર્શાદે રબ્બાની છે :–

وَمَا كَانَ اللّٰهُ لِيُطْلِعَكُمْ عَلَى الْغَيْبِ وَلٰكِنَّ اللّٰهَ يَجْتَبِىْ مِنْ رُّسُلِهٖ مَنْ يَّشَآءُ

"અને અલ્લાહની એ શાન નથી કે હે આમ લોકો ! તમને ગયબનો ઈલ્મ આપી દે, હા ! અલ્લાહ ચૂંટી લે છે પોતાના રસૂલમાંથી જેને ચાહે." *(સૂરએ આલે ઈમ્રાન, પારા : ૩, આયત : ૧૭૯)*

وَعَلَّمَكَ مَا لَمْ تَكُنْ تَعْلَمُ وَكَانَ فَضْلُ اللّٰهِ عَلَيْكَ عَظِيْمًا ۝ ''અને તમને શીખવાડી દીધું જે કાંઈ તમે ન જાણતા હતા અને અલ્લાહનો તમારા પર મહાન ફઝ્લ છે.'' *(સૂરએ નિસાઅ્, પારા : ૫, આયત : ૧૧૩)*

عٰلِمُ الْغَيْبِ فَلَا يُظْهِرُ عَلٰى غَيْبِهٖٓ اَحَدًا ۝ اِلَّا مَنِ ارْتَضٰى مِنْ رَّسُوْلٍ ''ગયબનો જાણકાર તો પોતાના ગયબ પર કોઈને માહિતગાર નથી કરતો સિવાય પોતાના પસંદીદા રસૂલોના.'' *(સૂરએ મુઝ્ઝમ્મિલ, પારા : ૨૯, આયત : ૨૬)*

## ★ હુઝૂર ﷺને કયામત સુધીની હાલતોનો ઈલ્મ ★

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ રિવાયત કરે છે કે જ્યારે સૂર્ય ઢળી ગયો, રસૂલુલ્લાહ ﷺ બહાર તશરીફ લાવ્યા પછી આપે ઝોહરની નમાઝ અદા કરી અને મિમ્બર પર જલ્વા અફરોઝ થઈ ગયા. અને આપે કયામત સુધીનું વર્ણન શરૂ કર્યું. ફર્માવ્યું, એમાં ઘણી ગંભીર ચીજો હશે. ત્યારબાદ ફર્માવ્યું કે જે શખ્સ કાંઈ પૂછવા ચાહે છે પૂછી લે, જ્યાં સુધી હું અહીં છું જે મને પૂછવા ચાહશે હું તેને જણાવીશ. લોકોએ એકદમ અધિક પ્રમાણમાં ગિર્યાઓઝારી (રૂદન) શરૂ કરી આપી, અને વારંવાર એ જ ફર્માવ્યું, મને પૂછી લો ! અબ્દુલ્લાહ ઈબ્ને હુઝાફા સહમી ઉભા થયા અને પૂછયું, મારો બાપ કોણ છે ? ફર્માવ્યું, તારો બાપ હુઝાફા છે. આપે ફરી કહેવાનું શરૂ કરી આપ્યું, મને પૂછી લો ! ત્યારે ઉમર પોતાના ગુઠણોભેર બેસી ગયા અને બોલ્યા, અમે અલ્લાહના રબ હોવા પર, ઈસ્લામના દીન અને મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺના રસૂલ હોવા પર સંપૂર્ણપણે રાજી છીએ, ત્યારે આપ ખામોશ થઈ ગયા. ત્યારબાદ ફર્માવ્યું, જન્નત અને દોઝખ મારી સામે હમણા આ દીવાલના ખૂણામાં લાવવામાં આવી. આવી ઉમદા અને આવી મકરૂહ ચીજ પર કદી નજર નથી પડી.

*–(બુખારી શરીફ, મવાકિતુસ્સલાત, ભાગ : ૧, પેજ : ૨૭૨, હદીષ : ૫૧૦)*

હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ ફર્માવે છે કે એક દિવસ હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ અમને અસરની નમાઝ પઢાવી પછી ખુત્બો આપવા માટે ઉભા થયા અને કયામત સુધી થનારા સર્વ બનાવોની અમને ખબર આપી.

*–(જામેઅ તિર્મિઝી, અબ્વાબુલ ફિતન, ભાગ : ૨, હદીષ : ૬૮, પેજ : ૪૪)*

## ★ ખત્મે નબુવ્વતનો ઈન્કાર ! ★

✪ *"અવામના ખયાલમાં તો રસૂલુલ્લાહ ﷺનું ખાતિમ હોવું એ અર્થમાં છે કે આપનો જમાનો પાછલા અંબિયાઓના જમાના બાદ અને આપ સૌમાં આખરી નબી છે. પણ સમજ ધરાવનારાઓ પર રોશન હશે કે જમાનાના આગળ અથવા પાછળ (જમાનાના લેહાઝ પહેલાં અથવા બાદમાં)માં બિઝ્ઝાત કોઈ ફઝીલત નથી, પછી પ્રશંસાના સ્થાનમાં وَلٰكِنۡ رَّسُوۡلَ اللّٰهِ وَخَاتَمَ النَّبِيّٖنَ ફર્માવવું આ સ્થિતિમાં કઈ રીતે સહીહ હોય શકે છે."*

*–(તહઝીરુન્નાસ, પેજ : ૪, ફૈસલ બુક ડેપો, મોલ્વી કાસિમ નાનોત્વી)*

✪ *"જો ધારો કે આપના જમાનામાં પણ ક્યાંક અન્ય કોઈ નબી હોય તો પણ આપનુ ખાતિમ હોવું બદસ્તૂર બાકી રહેશે."*

*–(તહઝીરુન્નાસ, પેજ : ૨૧, ફૈસલ બુક ડેપો, મોલ્વી કાસિમ નાનોત્વી)*

મોલ્વી કાસિમ નાનોત્વીએ ઉપરોક્ત લખાણોમાં ખત્મે નબુવ્વતનો ઈન્કાર કર્યો. ખાતમુન્નબીય્યીનનો મનઘડત તર્જુમો કર્યો, સહાબા તથા તમામ મુસલમાનોના ઈજમાઈ અકીદાને પબ્લિકનો (અવામી) ખયાલ બનાવ્યો અને મિર્ઝા ગુલામ અહમદ કાદયાની જેવા કઝ્ઝાબોના માટે માર્ગ સાફ કરી આપ્યો. જ્યારે હુઝૂર સૈયદે આલમ ﷺએ ફર્માવ્યું, હું આખરી નબી છું અને મારા બાદ કાંઈ નબી નથી હોઈ શક્તો."

–(સુનને તિર્મિઝી, ભાગ : ૪, પેજ : ૪૯૯)

★ હુઝૂર સૈયદે આલમ ﷺ આખરી નબી છે, હવે એમના પછી કોઈ નબી નથી થઈ શક્તો. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

مَا كَانَ مُحَمَّدٌ اَبَآ اَحَدٍ مِّنۡ رِّجَالِكُمۡ وَلٰكِنۡ رَّسُوۡلَ اللّٰهِ وَخَاتَمَ النَّبِيّٖنَ

"મુહમ્મદ તમારા મર્દોમાંથી કોઈના બાપ નથી, હા અલ્લાહ રસૂલ છે અને સર્વ નબીઓમાં પાછલા." *(સૂરએ અહઝાબ, પારા : ૨૨, આયત : ૪૦)*

اَلۡيَوۡمَ اَكۡمَلۡتُ لَكُمۡ دِيۡنَكُمۡ وَاَتۡمَمۡتُ عَلَيۡكُمۡ نِعۡمَتِىۡ وَرَضِيۡتُ لَكُمُ الۡاِسۡلَامَ دِيۡنًا

"આજે મેં તમારા માટે તમારો દીન કામિલ (સંપૂર્ણ) કરી આપ્યો અને તમારા પર મારી નેઅમત પૂર્ણ કરી આપી અને તમારા માટે ઈસ્લામને

દીન પસંદ કર્યો.'' *(સૂરએ માએદા, પારા : ૬, આયત : ૩)*

''મારી ઉમ્મતમાં ત્રીસ કઝ્ઝાબ પેદા થશે, દરેકનો એવો જ દાવો હશે કે તે નબી છે પરંતુ હકીકત એ છે કે હું ખાતમન્નબીય્યીન (આખરી નબી) છું, મારા બાદ કોઈ નબી આવશે નહીં.''

*–(તિર્મિઝી શરીફ, ભાગ : ૨, કિતાબુલ ફિતન)*

હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه નબી અકરમ ﷺનું આ ફર્માન નકલ કરે છે : ''મારી અને મારાથી પહેલાં તમામ અંબિયાનું દષ્ટાંત એ શખ્સની જેમ છે જે એક ખૂબસૂરત તથા બેહતરીન ઈમારત બાંધે અને તેના ખૂણામાં એક ઈંટની જગા છોડી આપે. લોકો એ ઈમારતમાં ઘૂમી ફરીને જુએ, તેમને એ ઈમારત ઘણી જ સારી લાગે અને તેઓ એવું કહે કે આ ઈંટ કેમ નથી લગાડવામાં આવી ? નબી અકરમ ﷺ ઈર્શાદ ફર્માવે છે કે તે ઈંટ હું છું અને હું ખાતમુન્નબીય્યીન છું.''

*–(મુસ્લિમ શરીફ, ભાગ : ૩, પેજ : ૨૩૨, હદીષ : ૫૮૪૨)*

## ★ નબીઓ ઝિંદા છે અને રોજી આપવામાં આવે છે ★

અંબિયાએ કિરામ પોતાની કબ્રોમાં ઝિંદા છે અને તેમને રોજી આપવામાં આવે છે. અંબિયા عليهم السلامને મૌત આવે છે પણ એક ક્ષણને માટે અને પછી તેને નવજીવન અતા કરી દેવામાં આવે છે.

અબુલ અશ્અષ સનાનીએ હઝરત અવસ બિન અવસ رضي الله عنهથી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમારા સર્વ દિવસોમાં જુમ્આનો દિવસ સૌથી અફઝલ છે કે એમાં જ હઝરત આદમ عليه السلامને પેદા કરવામાં આવ્યા અને એમાં જ એમની રૂહ કબ્ઝ કરવામાં આવી. અને એમાં જ સર ફૂંકવામાં આવશે અને એમાં જ સૌ બેહોશ થશે. તો એ દિવસે મારા પર ખૂબ જ અધિક પ્રમાણમાં દુરૂદ મોકલ્યા કરો, કેમ કે તમારું દુરૂદ મોકલવું મારા સમક્ષ રજૂ કરવામાં આવે છે. લોકોએ અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ એ વખતે વળી અમારું દુરૂદ કેવી રીતે રજૂ થશે જ્યારે કે આપ માટી થઈ ચૂક્યા હશે ?! ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ અંબિયાએ કિરામનાં શરીરોને જમીન પર હરામ કરી આપ્યાં છે.

*–(સુનને અબૂ દાઊદ, કિતાબુસ્સલાત, હદીષ : ૧૦૩૪, પેજ : ૩૯૯)*

હઝરત અબૂ દરદા રિવાયત કરે છે કે નબી કરીમ علیہ الصلوٰۃ والسلام એ ઈર્શાદ ફર્માવ્યો, જુમ્આના દિવસે મારા પર પુષ્કળ પ્રમાણમાં દુરૂદ મોકલો. કેમ કે એને ફરિશ્તા મારી પાસે પેશ કરે છે. જ્યાં સુધી માણસ પઢતો રહે છે તેઓ પેશ કરતા રહે છે. મેં અર્ઝ કરી, શું વફાત પછી પણ ?! આપ ﷺ એ ફર્માવ્યું, હા ! વફાત પછી પણ. અલ્લાહ તઆલાએ અંબિયાના શરીરને માટી પર હરામ કરી આપ્યાં છે. અલ્લાહના નબી ઝિંદા રહે છે, તેમને રિઝ્ક આપવામાં આવે છે.

*–(સુનને ઈબ્ને માજહ, ભાગ : ૧, પેજ : ૪૬૫, હદીષ : ૧૭૦૦)*

## ★ હઝરત સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہ નો અક઼ીદો ★

ઈબ્ને અસાકિર رحمۃ اللہ علیہ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ رضی اللہ عنہ થી રિવાયત કરે છે કે જ્યારે હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ ના વિસાલનો સમય નજીક આવ્યો તો તેમણે મને પોતાના સિરહાને બેસાડયો અને ફર્માવ્યું, હે અલી ! (رضی اللہ عنہ) જયારે મારો વિસાલ થઈ જાય તો પોતાના મુબારક હાથો વડે મને ગુસ્લ આપજો જેના વડે રસૂલુલ્લાહ ﷺ ને ગુસ્લ આપ્યું હતું. પછી મને ખુશ્બુ લગાડીને હુજરાએ આઈશા સામે લઈ જજો, જ્યાં રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلام આરામફર્મા છે અને ત્યાં દફન કરવાની ઈજાઝત માગજો. જો દરવાજો ખુલી જાય તો મને અંદર લઈ જજો, નહીં તો મુસલમાનોના ક઼બ્રસ્તાનમાં લઈ જઈને દફન કરી આપજો, ત્યાં સુધી કે અલ્લાહ તઆલા પોતાના બંદાઓ દરમ્યાન ફેંસલો ફર્માવી આપે. હઝરત અલી رضی اللہ عنہ ફર્માવે છે કે તેમને ગુસ્લ આપીને દફન પહેરાવ્યા પછી સૌ પ્રથમ હું દરવાજા પર હાજર થયો અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! આ અબૂબક્ર છે અને આપના બાજુમાં દફન થવાની ઈજાઝત માગી રહ્યા છે ! મેં જોયું કે દરવાજો ખુલી ગયો અને આ અવાજ આવ્યો :–

**اُدْخُلُوا الْحَبِيْبَ اِلَى الْحَبِيْبِ فَاِنَّ الْحَبِيْبَ اِلَى الْحَبِيْبِ مُشْتَاقٌ**

"દોસ્તને દોસ્તની પાસે લઈ આવો, દોસ્ત પોતાના દોસ્તથી મળવા મુશ્તાક઼ છે." *(ખસાઈસે કુબ્રા, ભાગ : ૨, પેજ : ૮૨૮)*

### ★ શારેહે બુખારીનો અક઼ીદો ★

હઝરત મુલ્લા અલી ક઼ારી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"અંબિયા علیہم السلام પોતાની ક઼બ્રોમાં જીવતા છે." *(મિર્ક઼ાત શરહે મિશ્કાત, ભાગ : ૧, પેજ : ૨૮૪)*

બેશક ! હુઝૂર صلی اللہ علیہ وسلم બાહયાત છે, એમને રોજી પેશ કરવામાં આવે છે, અને તેમનાથી દરેક પ્રકારની મદદ માગી શકાય છે." *(મિર્ક઼ાત શરહે મિશ્કાત, ભાગ : ૧, પેજ : ૨૮૪)*

### ★ હઝરત શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વીનો અક઼ીદો ★

★ پیغمبر خدا زندہ است بحقیقت حیات دنیاوی એટલે કે, "ખુદાએ તઆલાના નબી દુનિયવી જિંદગીની હક઼ીક઼તની સાથે ઝિંદા છે."

*–(અશિઅતુલ્ લમ્આત, ૧/૫૭૬)*

حیات انبیا متفق علیہ است، ہیچ کس را درو ے خلافے نیست،

حیات جسمانی دنیاوی حقیقی نہ حیات معنوی روحانی چنانکہ شہدا راست'

એટલે કે, "અંબિયા علیہم السلامની જિંદગી સૌ માને છે, કોઈને એમાં મતભેદ નથી. તેમની જિંદગી શારીરિક, હક઼ીક઼ી તથા દુનિયવી છે. શહીદોની જેમ કેવળ મઅનવી તથા રૂહાની નથી."

*–(અશિઅતુલ્ લમ્આત, ૧/૫૭૪)*

આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝાખાં મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

**અંબિયા કો ભી અજલ આની હૈ**
**મગર ઐસી કે ફક઼ત આની હૈ**

**ફિર વહી મૌત કે બાદ ઉન્કી હયાત**
**મિષ્લે સાબિક઼ે વહી જિસ્માની હૈ**

## ★ શું નબી ﷺને કોઈ ચીજનો ઈખ્તિયાર નથી ?! ★

✪ *"અને જેનું નામ મુહમ્મદ તથા અલી છે એને કોઈ ચીજનો ઈખ્તિયાર નથી."*

*(તક્‌વિયતુલ ઈમાન, પેજ : ૭૦, દારુલ ઈલ્મ, મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી)*

મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ અલ્લાહના પ્યારા હબીબ ﷺની શાને અક્‌દસમાં બેઅદબી કરતાં એટલી બેબાકી તથા શક્‌ાવતે ક્‌લ્બી (દિલની સખ્તી)નું પ્રદર્શન કર્યું અને હુઝૂર ﷺના બારામાં ત્યાં સુધી લખી નાખ્યું કે, "જેનું નામ મુહમ્મદ અથવા અલી છે તે કોઈ ચીજના મુખ્તાર નથી." મઆઝલ્લાહ ! અહીં પણ કુર્આન હદીષ કે મોઅતબર બુઝુર્ગનો હવાલો નથી આપ્યો અને પોતાનો મનઘડત અક્‌ીદો પેશ કરી આપ્યો. જ્યારે કે કુરૂને ઉલા (નબી સહાબાના જમાના)થી લઈને આજ સુધી ઈમાનવાળાઓ એ અક્‌ીદો ધરાવે છે કે અલ્લાહ તઆલાએ પોતાના પ્યારા મહબૂબ ﷺને ઈખ્તિયારવાળા બનાવ્યા, દીન તથા દુનિયાની નેઅમતો હુઝૂર ﷺના કબજામાં અતા ફર્માવીને وَاَمَّا السَّآئِلَ فَلَا تَنْهَرْનો મુઝદએ જાંફિઝાં (ખુશખબરી) સંભળાવ્યો.

❑ આક્‌ાએ કરીમ ઈખ્તિયારવાળા છે, જ્યારે જેને ચાહે અતા ફર્માવે છે. وَمَآ اٰتٰكُمُ الرَّسُوْلُ فَخُذُوْهُ وَمَا نَهٰكُمْ عَنْهُ فَانْتَهُوْا "અને જે કાંઈ તમને રસૂલ અતા કરે તે લો અને જેનાથી મના કરે રોકાઈ જાવ."

*–(સૂરએ હશ્ર, પારા : ૨૮, આયત : ૭)*

وَلَوْ اَنَّهُمْ رَضُوْا مَآ اٰتٰهُمُ اللّٰهُ وَرَسُوْلُه‘ وَقَالُوْا حَسْبُنَا اللّٰهُ سَيُؤْتِيْنَا اللّٰهُ مِنْ فَضْلِهٖ وَرَسُوْلُه‘ اِنَّآ اِلَى اللّٰهِ رٰغِبُوْنَ٥

❑ "અને કેટલુ સારું થાત જો તેઓ એના પર રાજી થતા જે અલ્લાહ તથા રસૂલે તેમને આપ્યું, અને કહેતા અમને અલ્લાહ પૂરતો છે. હવે આપે છે અમને અલ્લાહ પોતાના ફઝ્‌લથી અને અલ્લાહના રસૂલ. અમને અલ્લાહની તરફ જ આકર્ષણ છે."

*–(સૂરએ તૌબા, પારા : ૧૦, આયત : ૫૯)*

- وَمَا نَقَمُوٓا اِلَّآ اَنْ اَغْنٰهُمُ اللّٰهُ وَرَسُوْلُه‘ مِنْ فَضْلِهٖ "અને તેમને શું બુરુ લાગ્યું ! એ જ ને કે અલ્લાહ તથા રસૂલે તેમને પોતાના ફઝ્લથી માલદાર કરી આપ્યા." (સૂરએ તૌબા, પારા : ૧૦, આયત : ૭૪)

## ★ આકાએ કરીમ ﷺએ જન્નત અતા કરી ★

અબૂ સલ્મા બિન અબ્દુર્રહમાને હઝરત રબીઅહ બિન કઅબ رضی اللہ عنہને ફર્માવતાં સાંભળ્યા કે એક રાત મેં રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં ગુજારી અને આપના માટે વુઝૂ તથા કઝાએ હાજતના માટે પાણી પેશ કર્યું. આપ ﷺએ ફર્માવ્યું કે મારાથી માગી લો ! તો મેં અર્ઝ કરી કે જન્નતમાં આપનો સાથ જોઈએ. ફર્માવ્યું કે એ ઉપરાંત બીજુ કાંઈ ?! અર્ઝ કરી આટલું જ પૂરતુ છે ! ફર્માવ્યું, અધિક્તર સજદા કરીને મારી મદદ કરતા રહેજો. *(સુનને અબૂ દાઊદ, બાબુ વક્ત, કિયામુન્નબી મિનલ્ લૈલ, ૧/૪૯૧, હદીષ : ૧૩૦૬)*

## ★ હુઝૂરે ખુઝૈમાની ગવાહી બેના સમાન કરી આપી ! ★

અમ્મારા ઈબ્ને ખુઝૈમાએ પોતાના કાકાથી રિવાયત કરી છે જે નબી કરીમ ﷺના અસ્હાબમાંથી હતા કે નબી કરીમ ﷺએ કોઈ અઅ્રાબીથી ઘોડો ખરીદયો. પછી નબી કરીમ علیہ الصلوٰۃ والسلام તેને સાથે લઈને ચાલ્યા જેથી કરીને ઘોડાની રકમ તેને અદા કરી આપવામાં આવે. નબી કરીમ ﷺ જલ્દી જલ્દી ચાલી રહ્યા હતા અને અઅ્રાબી ધીમો ધીમો. એટલામાં અઅ્રાબીને અમુક માણસો મળ્યા જેઓ એની સાથે ઘોડાનો સોદો કરવા લાગ્યા અને તેમને જાણ ન હતી કે નબી કરીમ علیہ الصلوٰۃ والسلام એનો સોદો કરી ચૂક્યા છે. જેથી અઅ્રાબીએ નબી ﷺને અવાજ આપતાં કહ્યું, આપ ઘોડાને ખરીદવા ચાહો તો ખરીદી લો, નહીં તો હું એને વેચી દઈશ ! અઅ્રાબીનો અવાજ સાંભળીને નબી કરીમ ﷺ ઉભા થઈ ગયા અને ફર્માવ્યું, શું મેં એને તારી પાસેથી ખરીદી લીધો નથી ?! અઅ્રાબીએ કહ્યું, ખુદાની કસમ ! મેં તો આપના હાથે વેચ્યો નથી ! નબી કરીમ ﷺએ ફર્માવ્યું, કેમ નહીં ! મેં તો તારાથી ખરીદી લીધો છે ! અઅ્રાબીએ કહેવાનું શરૂ કર્યું કે સારું ! તો ગવાહ લઈ આવો ! હઝરત

ખુઝૈમા رضی اللہ عنہએ કહ્યું, હું ગવાહી આપુ છું કે આપે એને ખરીદયો છે. નબી કરીમ ﷺએ હઝરત ખુઝૈમાની તરફ ધ્યાનિત થઈને ફર્માવ્યું, તમે કેવી રીતે ગવાહી આપો છો ?! (આપ તો ત્યાં હાજર ન હતા !) તેમણે અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ આપને સાચા જાણીને. તો નબી કરીમ علیہ الصلوٰۃ والسلامએ હઝરત ખુઝૈમાની ગવાહીને બે માણસોની ગવાહી બરાબર કરી આપી. *(સુનને અબૂ દાઊદ, કિતાબુલ કુઝાત, ૩/૮૬, હદીષ : ૨૧૧)*

## ★ હઝરત અબ્દુર્રહમાનના માટે રેશમ હલાલ કર્યું ! ★

હઝરત અનસ رضی اللہ عنہએ હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہ તથા હઝરત ઝુબૈર رضی اللہ عنہથી રિવાયત કરી છે કે એ બંનેવ હઝરાતે બારગાહે નબુવ્વતમાં જૂઓની શિકાયત કરી તો બંનેવને રેશમનુ કપડુ પહેરવાની ઈજાઝત મળી ગઈ. એક ગઝવહમાં બંને હઝરાતને મેં રેશમનું કપડુ પહેરેલ જોયા. *(બુખારી શરીફ, કિતાબુલ જેહાદ વસ્સિયર, ૨/૯૮, હદીષ : ૧૮૦)*

હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે એકવાર એક શખ્સે બે પહાડો વચ્ચે મૌજૂદ સઘળી બકરીઓ નબી કરીમ علیہ الصلوٰۃ والسلام પાસે માગી તો આપે તે તેને અતા કરી આપી. તે શખ્સ પોતાની કૌમની પાસે આવ્યો અને બોલ્યો, હે મારી કૌમ ! ઈસ્લામ કબૂલ કરી લો ! અલ્લાહની કસમ ! હઝરત મુહમ્મદ ﷺ એટલુ આપી દે છે કે ફરી ગરીબીનો ડર નથી રહેતો. *(મુસ્લિમ શરીફ, કિતાબુલ ફઝાઈલ, ૩/૨૪૬, હદીષ : ૫૮૯૯)*

આશિકે રસૂલ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

**કૌન દેતા હૈ દેનેકો મુંહ ચાહિએ**
**દેનેવાલા હૈ સચ્ચા હમારા નબી**

અમે તે નામ માત્રના ઉલમાની કુખ્યાત કિતાબો વડે જેમને એક જમાઅત પોતાના પેશવા તથા રહનુમા માને છે, તેમની અમુક ગુસ્તાખીમય વાતો રજૂ કરી છે જેને આપ જોઈ ચૂકયા. એ જ પ્રમાણે અન્ય પણ ઘણા લખાણો અંબિયા અવલિયાની તૌહીન પર આધારિત એમની કિતાબોમાં મૌજૂદ છે, પણ લખાણ લંબાવાના ભયે આટલા પર સંતોષ લીધો છે. અસલ કિતાબમાંથી લખાણ શોધવા માટે અમે જે પેજ નંબર લખ્યા છે તે શક્ય છે

કે તે પેજ પર ન મળે તો પેરેશાન ન થશો. કેમ કે વિવિધ કિતાબઘરોથી કિતાબો પ્રકાશિત કરવામાં પેજ નંબરો આઘાપાછા થઈ શકે છે. એક અન્ય વાત પણ અહીં રજૂ કરવી અમો જરૂરી સમજી છીએ કે તમારી કિતાબોમાં આવાં ગુસ્તાખીમય લખાણો મૌજૂદ છે તો એવું કહીને જાન છોડાવવાની કોશિશ કરે છે કે અમે નથી લખી, અમારા બુઝુર્ગોએ લખી છે અને જેમણે લખી છે તેઓ દુનિયાથી જઈ ચૂક્યા છે ! એના પર અમારી અરજ છે કે તેઓ આવું કહીને જાન નથી છોડાવી શક્તા, કેમ કે કુર્આન મુક઼દ્દસમાં અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : اِذِ انْبَعَثَ اَشْقٰهَا "જ્યારે કે તેનો સૌથી બદ્‌બખ્ત ઉભો થયો." *(સૂરએ શમ્સ, પારા : ૩૦)* અને તેણી ઊંટણીની ઘૂંટી કાપી નાખી.

મુસલમાનો ! વિચાર કરો ! કૌમના એક શખ્સે ઊંટણીની ઘૂંટી કાપી પણ પૂરી કૌમ હલાક થઈ ! એનું કારણ શું હતું ? એજ ને કે ઘૂંટી તો એક માણસ કાપી રહ્યો હતો પણ તેને પૂરી કૌમનું સમર્થન તથા ટેકો હતો. એટલા માટે અલ્લાહ પાકે પૂરી કૌમને હલાક઼ કરી આપી. નામ માત્રના બેઅદબ ઉલમા તથા અવામ કુર્આને પાકની આયત પરથી ઈબ્રત હાંસલ કરે કે તેમના મોટાઓએ ગુસ્તાખીઓ કરી અને તેઓ દુનિયાથી ચાલ્યા ગયા પણ આજે પણ અમુક ઉલમા તથા અવામ તેમનું સમર્થન કરે છે, જેથી જે હુકમ તથા અંજામ લખનારનો થયો તે જ હુકમ અને તે જ અંજામ સમર્થકોનો થશે. જો એ હઝરાત એનું સમર્થન નથી કરતા તો પછી તેઓ એવા ગુસ્તાખ મોલ્વીઓને મોટા મોટા લક઼બો વડે શાથી યાદ કરે છે ?! તેમને પેશવા શા માટે માને છે ?! આ દોગલી પોલીસી ન દુનિયામાં કામ આવી શકે છે અને ન આખેરતમાં અલ્લાહના અઝાબથી નજાત અપાવી શકે છે.

અમે તમામ મુસલમાનોને તેમના ઈમાનનો વાસ્તો આપીને કહીએ છીએ કે ખુદાને ખાતર આંખો ખોલો ! અને પોતાની જાતને તબાહીથી બચાવી લો ! એ ગુસ્તાખ ટોળાંઓથી પોતાને બચાવો અને પોતાની ઔલાદને પણ બચાવીને કામયાબીની રાહના મુસાફિર બનો.

આવો ! હવે કુર્આને મક઼દ્દસના તર્જુમાના નામ પર કહેવાતા મોલ્વીઓની

અંબિયાએ કિરામની શાનમાં ગુસ્તાખીઓ જુઓ જેથી ખબર પડે કે તેમણે કુર્આનના તર્જુમાઓ વડે ઉમ્મતને ગુમરાહ કરવાની કેવી નાપાક સાઝિશ રચી ! તેમના તર્જુમાઓ પછી અમે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા કાદરી મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہનો તર્જુમો પેશ કરીશું જેથી તમે સમજી શકો કે તર્જુમામાં ક્યાં અને કેવી ગલતી થઈ, અને તેમણે ક્યાં ક્યાં ઠોકર ખાધી. અને સાથોસાથ એ પણ સ્પષ્ટ થઈ જાય કે શું આ તર્જુમો કોઈ આશિકે રસૂલ કરી શકે છે ? અને આવો તર્જુમો કરવાવાળાને બાઅદબ કહી શકાય છે ? જુઓ ! :–

وَلَئِنِ اتَّبَعْتَ اَهْوَآءَهُمْ مِّنْۢ بَعْدِ مَا جَآءَكَ

مِنَ الْعِلْمِ اِنَّكَ اِذًا لَّمِنَ الظّٰلِمِيْنَ۝

*(સૂરએ બકરહ, પારા : ૨, આયત : ૧૪૫)*

★ *અને જો આપ એ ઈલ્મ પછી જે આપને પહોંચી ચૂક્યો તેમની ખ્વાહિશોની પયરવી કરવા લાગ્યા તો આપના માટે અલ્લાહની પકડના મુકાબલામાં ન કોઈ યાર હશે ન મદદગાર.''*

*–(અબ્દુલમાજિદ દર્યાબાદી દેવબંદી)*

★ *અને જો તું ચાલ્યો તેમની ખ્વાહિશો પર એ ઈલ્મો પછી જે તને પહોંચ્યો, બેશક ! તું પણ બેઈન્સાફોમાં. (મોલ્વી મહમૂદુલ હસન દેવબંદી)*

★ *અને જો તમે ઈત્તેબાઅ (અનુસરણ) કરવા લાગો તેમના ગલત ખયાલોની, ઈલ્મે કતઈ સાબિત વહી થકી આવી ચૂક્યા પછી, તો આપનો કોઈ ખુદાથી બચાવનાર ન યાર નીકળે ન મદદગાર.*

*(મોલ્વી અશરફઅલી થાનવી દેવબંદી)*

તમે વિચારો કે આ આયત મુબારકમાં જે સૈયદુલ મઅસૂમીન છે તેમની શાનમાં ગૈરોની પયરવીનો આક્ષેપ અને અલ્લાહ પાકની નારાજગીની ધમકી લખવામાં આવી ! આખરે જો નબી જ ગૈરોની પયરવી કરે તો ઉમ્મતીને ગૈરોની પયરવી (અનુસરણ)થી કોણ બચાવશે ?!

ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા કાદરી رحمۃ اللہ علیہનો ઈમાન અફરોઝ તર્જુમો પઢો અને તમારી આંખોને ઠંડક પહોંચાડો :–

★ *''અને (હે સાંભળનાર !) કોઈ પણ હોય જો તું પોતાની ખ્વાહિશો પર ચાલ્યો એના પછી કે તને ઈલ્મ થઈ ચૂક્યો, તો એ વખતે જરૂર સિતમગાર હશે.'' –(આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં)*

❑ બીજી આયતે કરીમાનો તર્જુમો જુઓ :–

**وَعَصٰٓی اٰدَمُ رَبَّه' فَغَوٰی** o *''(સૂરએ તાહા, પારા : ૧૬, આયત : ૧૨૧)*

✯ *''અને આદમથી પોતાના રબનો કુસૂર થઈ ગયો જેથી ગલતીમાં પડી ગયા.'' (મોલ્વી અશરફ અલી થાનવી દેવબંદી)*

✯ *''અને હુકમ ટાળ્યો આદમે પોતાના રબનો પછી માર્ગેથી બહેક્યો.'' (મોલ્વી મહમૂદુલ હસન દેવબંદી)*

આ આયતના તર્જુમામાં હઝરત આદમ علیہ السلامની અસ્મત (પવિત્રતા) પર પ્રશ્નાર્થ ચિન્હ ખડુ કરવામાં આવ્યું અને આદમ علیہ السلامને ''ગલતીમાં પડનાર'' અને ''માર્ગેથી બહેકેલ'' બતાવ્યા. પણ ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો બસીરત અફરોઝ તર્જુમો પઢો ! આપે આદમ علیہ السلامની અસ્મતનો લેહાઝ રાખીને કેવો સરસ તર્જુમો કર્યો !

★ *''અને આદમથી પોતાના રબના હુકમમાં લગઝિશ થઈ ગઈ તો જે મતલબ ચાહ્યો હતો તેની રાહ ન પામી.''*

*–(આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ)*

❑ **قُلْ اِنَّمَآ اَنَا بَشَرٌ مِّثْلُكُمْ** *(સૂરએ કહફ, પારા : ૧૬, આયત : ૧૧૦)*

✯ *''આપ એવું જ કહી દો કે હું તમારા જેવો જ બશર (માનવ) છું.''*

*–(મોલ્વી અશરફ અલી થાનવી દેવબંદી)*

★ *''તમે ફર્માવો જાહેરી બશરી સૂરતમાં તો હું તમારા જેવો છું.''*

*–(આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ)*

❑ **مَا كُنْتَ تَدْرِیْ مَا الْكِتَابُ وَلَا الْاِیْمَانُ**

*(સૂરએ શૂરા, પારા : ૨૫, આયત : ૫૨)*

✯ *''આપને ન એ ખબર હતી કિતાબ શું ચીજ છે, અને ન એ કે ઈમાન શું ચીજ છે.'' –(અબ્દુલ માજિદ દર્યાબાદી દેવબંદી)*

✯ *"તું ન જાણતો હતો કે શું છે કિતાબ અને ન ઈમાન."*

*(મોલ્વી મહમૂદુલ હસન દેવબંદી)*

✯ *"આપને ન એ ખબર હતી કે કિતાબુલ્લાહ શું ચીજ છે અને ન એ ખબર હતી કે ઈમાનનો અંતિમ કમાલ શું ચીજ છે."*

*–(મોલ્વી અશરફઅલી થાનવી દેવબંદી)*

આ આયતે મુબારકાના તર્જુમામાં જાને ઈમાન ﷺને ઈમાનથી નાવાકેફ અને કોરા બતાવવાની સાઝિશ કરવામાં આવી ! જ્યારે કે ઈમામે અહલે સુન્નતે આયતની ગહરાઈમાં ઉતરીને ચૌદસો વરસોની તફસીરોનો નીચોડ પોતાના તર્જુમામાં કેવા હસીન અંદાઝમાં પેશ કર્યો ! જુઓ :–

★ *"આનાથી પહેલાં તમે ન કિતાબ જાણતા હતા ન અહકામે શરઅની તફસીલ." –(આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ)*

❑ **وَاسْتَغْفِرْ لِذَنبِكَ وَلِلْمُؤْمِنِينَ وَالْمُؤْمِنَاتِ**

*(સૂરએ મુહમ્મદ, પારા : ૨૬, આયત : ૧૯)*

✯ *"માફી માંગ ! પોતાના ગુનાહોના વાસ્તે, અને ઈમાનદાર પુરૂષો તથા સ્ત્રીઓના માટે." –(મોલ્વી મહમૂદુલ હસન દેવબંદી)*

✯ *"અને આપ પોતાની ખતાની માફી માગતા રહો, અને સર્વ પુરૂષો અને મુસલમાન સ્ત્રીઓના માટે પણ."*

*–(મોલ્વી અશરફઅલી થાનવી દેવબંદી)*

આ આયતે મુબારકાના તર્જુમામાં અંબિયાના મઅસૂમ હોવાના ઈજમાઈ અક઼ીદા પર ઘા કરવાની કોશિશ કરવામાં આવી, અને સૈયદુલ મઅસૂમીન علیہ الصلوٰۃ والسلامને ગુનેહગાર દર્શાવીને માફી માગવાની વાત કરવામાં આવી ! જ્યારે કે ઈમામ અહલે સુન્નતે સહાબાથી લઈને આજ સુધી અહલે હક઼્ક઼ના ઈજમાઈ અક઼ીદાની કઈ રીતે તર્જુમાની ફર્માવી છે તે જુઓ.

★ *"અને હે મહબૂબ ! તમારા ખાસ તથા આમ મુસલમાન પુરૂષો તથા સ્ત્રીઓના ગુનાહોની માફી માગો."*

*–(આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ)*

❑ وَوَجَدَكَ ضَآلًّا فَهَدٰى ۝ *(સૂરએ દુહા, પારા : ૩૦, આયત : ૭)*

✯ *"અને આપને બેખબર પામ્યા જેથી માર્ગ બતાવ્યો."*

*–(અબ્દુલ માજિદ દર્યાબાદી દેવબંદી)*

✯ *"અને અલ્લાહ તઆલાએ આપને (શરઅીતથી બેખબર પામ્યા) જેથી (આપને શરીઅતનો) માર્ગ બતાવી આપ્યો."*

*–(મોલ્વી અશરફઅલી થાનવી દેવબંદી)*

આ આયતે મુબારકાના તર્જુમામાં બેઅદબ તર્જુમાકારોએ આકાએ કરીમ ﷺને "શરીઅતથી બેખબર" બતાવ્યા ! જો નબી શરીઅતથી બેખબર હોય તો પછી શરીઅતથી ખબરદાર કોણ થશે ?! ઈમામે અહલે સુન્નતનો ઈશ્કો મહોબ્બતથી ભરપુર તર્જુમો જુઓ અને ઈમાન તાજુ કરી લો.

★ *"અને તમને પોતાની મહોબ્બતમાં ચૂર પામ્યા તો પોતાની તરફ રાહ આપી." –(આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ)*

❑ فَاِنْ يَّشَاِ اللّٰهُ يَخْتِمْ عَلٰى قَلْبِكَ *(સૂરએ શૂરા, પારા : ૨૫, આયત : ૨૪)*

✯ *"તો જો અલ્લાહ ચાહે તો આપના દિલ પર મહોર મારી આપે."*

*–(અબ્દુલ માજિદ દર્યાબાદી દેવબંદી)*

✯ *"જેથી ખુદા જો ચાહે આપના દિલે બંદ લગાડી આપે."*

*–(મોલ્વી અશ્રફઅલી થાન્વી દેવબંદી)*

✯ *"જેથી જો અલ્લાહ ચાહે મોહર કરી આપે તારા દિલ પર."*

*–(મોલ્વી મહમૂદુલ હસન દેવબંદી)*

આ મુબારક આયતના તર્જુમામાં રસૂલે પાક ﷺના દિલ પર મોહર તથા બંદ લગાડવાની વાત કરીને અઝમતને તૌહીનના રૂપમાં વર્ણન કરી ! જ્યારે કે ઈમામ અહલે સુન્નતે આ અંદાઝની સાથે કુર્આનનો હેતુ બયાન કર્યો :–

★ *"અને અલ્લાહ ચાહે તો તમારા ઉપર પોતાની રહમત તથા હિફાઝતની મોહર ફર્માવી દે." –(આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ)*

اِنَّا فَتَحْنَا لَكَ فَتْحًا مُّبِيْنًا ٥

لِيَغْفِرَ لَكَ اللّٰهُ مَا تَقَدَّمَ مِنْ ذَنبِكَ وَمَا تَاَخَّرَ

*(સૂરએ ફતહ, પારા : ૨૬, આયત : ૧)*

☆ *"બેશક ! અમે તમને એક ખુલ્લમ ખુલ્લા ફતહ આપી જેથી અલ્લાહ આપની સર્વ આગલી પાછલી ખતાઓ માફ કરી આપે."*

*–(અબ્દુલ માજિદ દર્યાબાદી દેવબંદી)*

☆ *"બેશક ! અમે આપને એક ખુલ્લમ ખુલ્લા ફતહ આપી જેથી કરીને અલ્લાહ આપની સર્વ આગલી પાછલી ખતાઓ માફ કરી આપે."*

*–(મોલ્વી અશરફઅલી થાનવી દેવબંદી)*

આ આયતે પાકના તર્જુમામાં નબી કરીમ ﷺને "ખતાકાર" બતાવવામાં આવ્યા. જો નબી ખતાઓ કરતા રહ્યા તો પછી ખતાકારોને ખતાઓથી કોણ રોકી શકશે ?! ઈમામે અહલે સુન્નતની કુર્આન ફહમી પર કુર્બાન જાવ કે આપે તર્જુમો કરતાં ઈશ્કનાં મોતી વિખેરી આપ્યાં અને ઉમ્મતને તા'ઝીમે રિસાલતનો સબક આપ્યો.

★ *"બેશક ! અમે તમારા માટે રોશન ફતહ ફર્માવી દીધી જેથી અલ્લાહ તમારા સબબથી ગુનાહ બખ્શે તમામ આગલાઓના તમારા પાછલાઓના."* *(આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ)*

## ★ બેઅદબની પાછળ નમાઝનો હુકમ ★

સાલેહ બિન ખયવાને હઝરત સહલતુસ્સાઈબ બિન ખલ્લાદ رضی اللہ عنہથી રિવાયત કરી. ઈમામ અહમદે ફર્માવ્યું કે તે નબી علیہ الصلوٰۃ والسلامના સહાબામાંથી હતા, કે એક માણસે કેટલાક લોકોની ઈમામત કરી તો કિબ્લાની તરફ થૂકી દીધું અને રસૂલુલ્લાહ ﷺ જોઈ રહ્યા હતા. જેથી જ્યારે તે ફારિગ થઈ ગયો તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, આ તમને નમાઝ ન પઢાવતો રહે. ત્યારબાદ તેણે તે લોકોને નમાઝ પઢવાવાનો ઈરાદો કર્યો તો તેમણે મના કરી આપ્યું અને તેને રસૂલુલ્લાહ ﷺનો ઈર્શાદે ગિરામી દર્શાવ્યો. જેથી તેણે રસૂલુલ્લાહ ﷺને આ વાતનો ઉલ્લેખ કર્યો તો આપે ફર્માવ્યું, "હા !" અને મારા ખયાલમાં ફર્માવ્યું, "બેશક ! તમે

અલ્લાહ અને તેના રસૂલને તકલીફ પહોંચાડી છે." *(સુનને અબૂ દાઊદ, કિતાબુસ્સલાત, ૧/૨૨૧, હદીષ : ૪૭૯)*

હે આશિકાંને રસૂલ ! ﷺ વિચારો તો ખરા કે આ સહીહ હદીષોમાં કા'બાતુલ્લાહ શરીફની તરફ મોઢું કરીને થૂકનાર અને અજાણપણે કા'બાતુલ્લાહ શરીફની બેઅદબી કરનાર જ્યારે ઈમામતને લાયક ન રહ્યો, તો એ લોકો જેમણે આકાએ કરીમ ﷺની શાનમાં જાણી બુઝીને ગુસ્તાખીઓ કરી છે તેઓ ઈમામતના લાયક કેવી રીતે થઈ શકે છે ?! અને તેમની પાછળ નમાઝ દુરુસ્ત કેવી રીતે થઈ શકે ?! જ્યારે કા'બાતુલ્લાહ શરીફની તરફ અજાણપણે થૂકનારથી અલ્લાહ વ રસૂલને તકલીફ પહોંચે છે, તો જે જાણીબુઝીને તક્રીરો તથા લખાણોમાં આકાએ કરીમ મહબૂબે ખુદા ﷺની શાનમાં ગુસ્તાખીઓ કરે તેમનાથી અલ્લાહ વ રસૂલને કેટલી તકલીફ પહોંચતી હશે ?!

## ★ બેઅદબોની સોહબતમાં રહેવાનું નુકસાન ! ★

ખાતિમુલ હુફ્ફાઝ અલ્લામા જલાલુદ્દીન સિયૂતિ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે એક શખ્સના મૌતનો સમય નજીક આવ્યો તો તેને કલ્મએ તૈયેબહ પઢવાની તલ્કીન કરવામાં આવી. તેણે જવાબમાં કહ્યું, મારી જીભ પર અત્યારે કોશિશ કરવા છતાં કલ્મએ તૈયેબહ આવતો નથી, કેમ કે હું એવા લોકોની સાથે ઉઠતો બેસતો હતો જેઓ મને હઝરત અબૂબક્ર رضی اللہ عنہને બુરુ ભલુ કહેવાની તલ્કીન કરતા હતા. *(શરહુસ્સુદૂર, ઈમામ જલાલુદ્દીન સિયૂતિ)*

## ★ બુઝુર્ગોના મઝારોની તૌહીન ★

અલ્લાહ તબારક વ તઆલા કુર્આને મુકદ્દસમાં ઈર્શાદ ફર્માવે છે :–

**ذٰلِكَ وَمَنۡ يُّعَظِّمۡ شَعَآئِرَ اللّٰهِ فَاِنَّهَا مِنۡ تَقۡوَى الۡقُلُوۡبِ**

"અને વાત એ છે, જે લોકો અલ્લાહની નિશાનીઓની તા'ઝીમ કરે છે તો એ દિલોની પરહેઝગારી છે." *(સૂરએ હજ્જ, પારા : ૧૭, આ : ૩૨)*

અલ્લાહની નિશાનીઓ શું છે ? અલ્લાહ عزوجل ઈર્શાદ ફર્માવે છે :–

**اَمۡ حَسِبۡتَ اَنَّ اَصۡحٰبَ الۡكَهۡفِ وَالرَّقِيۡمِ كَانُوۡا مِنۡ اٰيٰتِنَا عَجَبًا ۝**

"શું તમને માલૂમ થયું કે પહાડની ગુફાવાળા અને જંગલના

કિનારાવાળા અમારી એક અજીબ નિશાની છે." *(સૂરએ કહફ, પારા : ૧૫, આ : ૯)*

એટલે કે અસ્હાબે કહફ અલ્લાહની નિશાનીઓમાંથી એક નિશાની છે. જ્યારે ગુફામાં હઝરત ઈસા عليه السلام ની ઉમ્મતના અવલિયા જેમણે પોતાનું ઈમાન બચાવવા માટે ગુફામાં પનાહ લીધી તે અલ્લાહની નિશાની થઈ ગયા, તો તે પવિત્ર જાતો જેમણે અલ્લાહના હબીબ મુસ્તફા કરીમ રઊફુર્રહીમ صلی اللہ علیہ وسلم ની સાથે તન મન ધનની બાજી લગાડીને કેવળ ઈમાન જ નથી બચાવ્યું બલ્કે પૂરી દુનિયામાં ઈસ્લામ ફેલાવ્યો, તે સહાબાએ કિરામ અને અહલે બયત તથા એમના અવલિયાએ કિરામે એ ફરીઝાને અંજામ આપ્યો તેમનાં મઝારો શું અલ્લાહની નિશાની નથી ?! આજે વહાબી ચળવળ હદીષ મુબારકાની ગલત સમજૂતી કરીને સહાબાએ કિરામ, અહલે બયતે એઝામ તથા અવલિયાએ ઝી એહતેરામના મઝારોને શહીદ કરવાનો નાપાક મનસૂબો પેશ કરી રહી છે અને તેને તૌહીદનું નામ આપી રહી છે.

મુસલમાનો ! જરા વિચારો ! જન્નતુલ બક઼ીઅમાં લગભગ દસ હજાર સહાબા, ઉમ્મહાતુલ મો'મિનીન, જિગર ગોશએ રસૂલ સૈયદા ફાતિમા ઝહરા, ઈમામ હસન મુજતબા رضوان الله تعالى عليهم اجمعين વગેરેનાં મઝારો પર ઈમાનવાળાઓએ ગુંબદ બાંધ્યા હતા, જે ઈમાનવાળાઓની આંખોની ઠંડક અને દિલનું સુકૂન હતા, વહાબીઓએ તૌહીદના નામ પર તે મઝારો પર બુલડોઝર ચલાવ્યાં ! આજે એ જ ચળવળનું પરિણામ છે કે હાલમાં જ સહાબીએ રસૂલ હઝરત ઈબ્ને અદી, સૈફુલ્લાહ હઝરત સૈયદના ખાલિદ બિન વલીદ, નવાસીએ રસૂલ હઝરત સૈયદા ઝયનબ બિન્તે અલી رضوان الله تعالى عليهم اجمعين ના મઝારોને તેમજ હઝરત યૂનુસ عليه السلام નું મઝાર વગેરે શહીદ કરી દીધાં. ★.

★ *હાલમાં એ જ વહાબી આતંકવાદીઓ ISIL થકી (જેઓને મીડિયા "સુન્ની આતંકવાદી" કહે છે, જો કે તેઓ સલફી છે સુન્ની નથી) ઈરાક઼માં હઝરત ઉવૈસ કરની رضی اللہ عنہ નું મઝાર બોમ્બથી ઉડાવી દેવામાં આવ્યું અને હજી બગદાદ તથા અન્ય શહેરોમાંના વલીઓનાં મઝારો તેમના નિશાના પર છે. અલ્લાહની પનાહ !*

**–અનુવાદક**

વિચારવાની વાત છે કે હઝરત સાલેહ عليه السلام ની ઊંટણી જે શઆઈરિલ્લાહમાંથી હતી તેને શહીદ કરવામાં આવી તો એ કૌમ પર અલ્લાહનો અઝાબ આવ્યો, તો જે કૌમ સહાબાએ કિરામ, અહલે બયતે એઝામ તથા અવલિયાએ ઝી એહતેરામના મઝારોને મૂર્તિ કહીને શહીદ કરી આપે તે કૌમ કેવી રીતે ઈજ્જતની સાથે જમીન પર જીવી શકે છે ?

જ્યારે મુસલમાનો મઝારોની શહાદત પર વિરોધ કરે છે તો વહાબી મુલ્લા મુસ્લિમ શરીફની હદીષ અસ્થાને રજૂ કરતા જોવા મળે છે તે આ પ્રમાણે છે : "અબુલ હયાજ અસદી બયાન કરે છે કે હઝરત અલી رضی اللہ عنہ એ મને ફર્માવ્યું, શું હું તમને એ કામના માટે ન મોકલું જેના માટે નબી કરીમ صلی اللہ علیہ وسلم એ મને મોકલ્યો હતો ? તમે દરેક તસ્વીરને મિટાવી દેજો અને દરેક ઊંચી કબ્રને જમીનના બરાબર કરી આપજો." *(મુસ્લિમ શરીફ)*

આ મુબારક હદીષનો હવાલો આપીને વહાબી (સલફી) ભોળી ભાળી અવામને ગુમરાહ કરે છે અને કહે છે કે જુઓ ! આક़ા صلی اللہ علیہ وسلم એ મૌલા અલી رضی اللہ عنہ ને કબ્રો જમીનના બરાબર કરવાનો હુકમ આપ્યો ! અમે અર્ઝ કરવા ચાહીએ છીએ કે જે કબ્રોને આકાએ આલમ صلی اللہ علیہ وسلم એ જમીન બરાબર કરવાનો હુકમ આપ્યો એ કબ્રો કોની હતી ? શું એ કબ્રો સહાબાએ કિરામની હતી ? નહીં ! હરગિઝ નહીં બલ્કે એ કબ્રો મુશ્રિકોની હતી જેમને આકાએ કરીમ صلی اللہ علیہ وسلم એ મૌલાએ કાઈનાત સૈયદના અલી رضی اللہ عنہ ને જમીન બરાબર કરવાનો હુકમ આપ્યો. રહ્યું મો'મિનોની કબ્રો, દા.ત. સૈયદુશ્શોહદા હઝરત અમીર હમ્ઝા તથા અન્ય ઓહદના શહીદોનાં મઝાર, ઉમ્મુલ મો'મિનીન હઝરત ખદીજતુલ કુબ્રાનું મઝાર, અલી મુર્તઝાનાં વાલિદા હઝરત ફાતિમા બિન્તે અસદનું મઝાર, બદર તથા હુનૈનના શહીદોની કબ્રો رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن, શું આ આ આકાએ કરીમ صلی اللہ علیہ وسلم ની જાહેરી હયાતમાં ન હતી ? જો સર્વ કબ્રો તોડી પાડવામાં આવી તો પછી આ કબ્રો શાથી બનાવવામાં આવી ? જાણવા મળ્યું કે જેમની કબ્રોને જમીનના બરાબર કરવામાં આવી તે મુશ્રિકોની કબ્રો હતી, અને જે કબ્રોને આકાએ કરીમ صلی اللہ علیہ وسلم ની મુબારક મરજીથી બનાવવામાં આવી તે સાલેહીનની કબ્રો હતી. તો શું નામ માત્રનો કલ્મો પઢનારા (આ

વહાબી–સલફી) આકા ﷺના સહાબા તથા અહલે બયતને મુશ્રિક સમજે છે કે તેઓ એમની પવિત્ર કબ્રો સાથે મુશ્રિકોની કબ્રો જેવો વહેવાર કરવા માગે છે ?! આકાએ કરીમ ﷺએ ઓહદના શોહદાનાં મઝારો બનાવ્યાં, તેને સલામત પણ રાખ્યાં, બલ્કે સિહાહ સિત્તહની રિવાયતોથી સાબિત પણ છે કે આકા ﷺ વારંવાર ત્યાં તશરીફ લઈ જતા અને ઓહદના શહીદોને પોતાની ઝિયારતથી નવાઝતા. વધુમાં આકાએ કરીમ ﷺનું ફર્માન છે : કસમ એ જાતની જેના કબજામાં મારી જાન છે ! કયામત સુધી જે પણ ઓહદના શહીદોની કબ્રોની ઝિયારત કરે અને તેમને સલામ કરે તો એઓ એમના સલામનો જવાબ આપશે. *(અલ્મુસ્તદરક, ફતાવા રઝવિય્યહ, ૯/૫૨૦)*

જ્યારે કબ્રોને જમીનના બરાબર કરી દેવું ઈસ્લામ ઠર્યું તો બદર તથા હુનૈન તથા ઓહદમાં કબ્રોને બનાવવું તથા ઓહદવાળાઓની ઝિયારતના માટે આકર્ષવાનો શો મતલબ ?! શું રસૂલ દુશ્મની તથા સહાબા તથા અહલે બયત તથા અવલિયાએ ઈસ્લામની અદાવતમાં હદીષે રસૂલની ગલત સમજૂતી અને મુશ્રિકોની કબ્રોનો હુકમ સહાબા તથા અહલે બયત તથા સાલેહીનની કબ્રો પર ફિટ કરીને હદીષે રસૂલ ﷺ પર જુલ્મ નથી તો પછી શું છે ?! શું આનું નામ દીન છે ?

## લખાણનો ખુલાસો.....

પ્રિય વાચંકો ! અમે આ વાતો કેવળ અને કેવળ કૌમોની તબાહીના અસલ સબબથી પર્દો ઉઠાવવાના હેતુથી રજૂ કરી છે જેથી કરીને મુસ્લિમ કૌમ કુર્આન તથા હદીષના પ્રમાણે પોતાનો અકીદો રાખે અને અલ્લાહ ﷻના રસૂલની બારગાહમાં ગુસ્તાખી તથા બેઅદબીના શિકાર બનીને પોતાની દુનિયા તથા આખેરતને બર્બાદ થવાથી બચાવે.

જો તમે કોઈ નામ માત્રના મુવહ્હિદની ઈબાદત તથા રિયાઝતને જોઈને અને તેનો અકીદો અપનાવીને આકાએ કરીમ ﷺની શાનમાં ગુસ્તાખી કરી બેઠા તો બંનેવ જહાનમાં ઝિલ્લત તથા રૂસ્વાઈ (બેઈજ્જતી)નો સામનો કરવો પડશે, એટલા માટે જરૂર એ વાતની છે કે આકાએ કરીમ

عليه الصلوٰة والسلامની બારગાહના બાઅદબ બનો અને હાશા વ કલ્લા ! (ખબરદાર ! કદાપિ) રાઈના દાણા બરાબર પણ શાને રિસાલત મઆબ صلى الله عليه وسلمમાં ગુસ્તાખી ન થવા માટે.

પ્રિય વાંચકો ! શું આજે આપણી હવા ઉખડવાનું અને બર્બાદીનું કારણ બેઅદબીને ઉત્તેજન નથી ?! આજે નામ માત્રના મુસ્લિમ જ લોકો સત્તાની ખુરશી પર બેઠેલા છે તેમાં અધિક્તર એવા જ છે જેઓ રસૂલે પાક صلى الله عليه وسلمની તા'ઝીમ તથા તૌક઼ીરની અણમોલ દૌલતથી મહેરૂમ છે. તેઓ પોતાની શક્તિઓને બેઅદબીના ઉત્તેજનમાં ખર્ચ કરી રહ્યા છે, એ બેઅદબી ચાહે કિતાબોના થકી કરવામાં આવી રહી છે અથવા ઈલેક્ટ્રોનિક મીડિયા વડે અથવા ચાલતી ફરતી તબ્લીગના થકી. આપ એ લોકોથી કેવળ એ જ સાંભળતા રહેશો કે હુઝૂર صلى الله عليه وسلمએ પોતાની જિંદગી આ રીતે ગુજારી હતી, આપની અદાઓ આવી હતી..... અને બસ ! આક઼ાએ કરીમ عليه الصلوٰة والسلامના ઈલ્મે ગયબ, શાને મહબૂબિયત, મો'જિઝાઓ તથા કમાલો વગેરેના હવાલાથી વાતચીત કદાચ કદી સાંભળવામાં આવે ! યક઼ીનન ! સીરતે રસૂલ صلى الله عليه وسلمનો ઉલ્લેખ હક્ક઼ છે, પરંતુ મહબ્બતે રસૂલ صلى الله عليه وسلمના માટે મહબૂબના રૂએ વદ્દુહાનો ઉલ્લેખ, ઝુલ્ફે વલ્લૈલનું વર્ણન, હુસ્ને બેમિષાલનું વર્ણન, મુબારક આંગળીઓથી પાણીનાં ઝરણાં ચાલુ થવાનો બનાવ તથા એના જેવા મો'જિઝાઓ તથા કમાલોનો ઉલ્લેખ મહબ્બતે રસૂલ صلى الله عليه وسلمમાં વધારાનો તથા મજબૂતીનો ઝરીયો છે.

હું મારા વાંચકોને દરખાસ્ત કરું છું કે આપ દિયાતનદારીની સાથે જવાબ આપો, શું આ વાતો એ જમાઅતના લોકોમાં મળે છે ?! યક઼ીનન ! આપનો જવાબ નકારમાં હશે. બલ્કે હવે તો એટલે સુધી કહેવામાં આવી રહ્યું છે કે, "હજ્જના માટે જાવ તો મદીના ન જશો !" અને વિવિધ હિલા બહાનાં થકી બારગાહે રસૂલ صلى الله عليه وسلمમાં હાજરી આપવાથી રોકવામાં આવી રહ્યા છે. આ કેવી મહોબ્બત છે ?!

ખબરદાર ! હોશમાં આવો ! અને પોતાની તબાહી તથા બર્બાદીને દા'વત ન આપો. શું અલ્લાહ جل جلاله એ આક઼ાએ કરીમ જેવો શફીક઼ કોઈને

પેદા કર્યો ? વિચારો અને સોચો ! કાલે કયામતના દિવસે જ્યારે બાપ બેટાથી ભાગી રહ્યો હશે, મા પુત્રીથી ભાગી રહી હશે, પતિ પોતાની પત્નીથી દામન બચાવી રહ્યો હશે, તરસની સખતીથી ગળાં સૂકાઈ રહ્યાં હશે, તો એવા ભયાનક માહોલમાં કોણ હશે જેની પહોંચ અલ્લાહ ﷻની બારગાહમાં હશે, અને કોણ હશે જે પોતાના કરમના દામનમાં પનાહ અતા ફર્માવશે. યકીનન ! તે જાત કેવળ અને કેવળ હુઝૂર રહમતુલ્ લિલ્ આલમીન ﷺની હશે.

જેથી આવી જાવ ! એ નબીએ રહમત ﷺના દામને કરમમાં ! ઈન્શાઅલ્લાહ ! આપની દુનિયા તથા આખેરત બંનેવ સંવરી જશે.

**આજ લે ઉન્કી પનાહ આજ મદદ માંગ ઉનસે**
**કલ ન માનેંગે કયામતમેં અગર માન ગયા**

પરત આવો ! એ મકીંને ગુંબદે ખદ્રાની તરફ ! જેમના દામનને અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે ખૂબ જ વિશાળતા અતા ફર્માવી છે.

**વુસ્અતેં દી હૈં ખુદાને દામને મહબૂબ કો**
**જુર્મ ખુલતે જાએંગે ઔર વો છુપાતે જાએંગે**

તબાહી તથા બર્બાદીનો ઈલાજ દામને રસૂલ ﷺમાં પનાહ લેવામાં છે અને આપણી જાન, માલ તથા ઔલાદ, બલ્કે દરેક ચીજથી વધુ સરકાર ﷺને મહોબ્બત કરવામાં છે. દુઆ છે કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત પોતાના મહબૂબ ﷺના સદકામાં આપણને આપણો ખોવાયેલો વકાર અતા ફર્માવે. આમીન બિજાહિન્નબી કરીમ અલૈહિ અફઝલુસ્સલવાતુ વત્તસલીમ.